દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 224 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ વદ-૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 September 2024, Friday ■ REGD.No. MCS/058/2018-20

શુક્રવાર, ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ ૭ ૮ ૯ ૧૦ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમે પાકિસ્તાનમાં વહી જતું પાણી રોક્યું છેઃ મોદી

**સન્માન :** ગુરુવારે જમ્મુ અને કાશ્મીરના બીજા તબકકાના મતદાન પહેલાં રેસાઈ જિલ્લાના કતરામાં એક જાહેર સભા દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું અભિવાદન કરવામાં આવ્યું હતું



કટરા (જમ્મુ અને કાશ્મીર)ઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જણાવ્યું હતું કે અગાઉની કૉંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સની સરકારોએ સાત દાયકા સુધી ભારતની નદીનું પાણી સરહદ પાર પાકિસ્તાન વહી જવા દીધું હતું, પણ અમે નદી પર બંધ બાંધીને આ પાણી જમ્મુ અને કાશ્મીરના ખેડૂતોના લાભાર્થે વાપરવાનું શરૂ કરાવ્યું છે.

દિલ્હી-કટરા એક્સપ્રેસવે અને રેલવે ટનલ અંગે બોલતાં તેમણે કહ્યું હતું કે એકવાર આ પ્રોજેક્ટ પૂરો થઈ જશે તો કનેક્ટિવિટીમાં સુધારો થશે જેનો સમાજના તમામ વર્ગના લોકોને-ખાસ કરીને ખેડૂતો અને પશુસંવર્ધન સાથે સંકળાયેલા લોકોને લાભ થશે, એમ તેમણે કહ્યું હતું. પક્ષના લોકોને ટેકો આપવાની માગણી કરતા મોદીએ કહ્યું હતું કે અમે જમ્મુ-કાશ્મીરને વિકાસની નવી ઊંચાઈએ લઈ જશું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણી પર દુનિયાભરના દેશોની નજર છે.

કૉંગ્રેસ નેશનલ કોન્ફરન્સ અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના વંશવાદનો અંત આણવા ભાજપને મત આપવાની હાકલ મોદીએ કરી હતી.

જમ્મુ-કાશ્મીરના લોકો કઈ રીતે ભારતની લોકશાહીને વધુ મજબૂત બનાવે છે તેના પર સમગ્ર વિશ્વની નજર હોવાનું જણાવી મોદીએ એ બદલ સ્થાનિક રહેવાસીઓને અભિનંદન આપ્યાં હતાં.

જમ્મુ-કાશ્મીર વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણીમાં લોકોએ ભારે મતદાન કર્યું એ ખરેખર ગૌરવની વાત છે, એમ તેમણે કહ્યું હતું.

જમ્મુ-કાશ્મીરના લોકોએ ભારે મતદાન કરીને નવો ઈતિહાસ લખ્યો છે અને એ બાબત જ દર્શાવે છે કે તેમની મહત્ત્વકાંક્ષાઓ નવી ઊંચાઈને સ્પર્શી રહી છે, એમ મોદીએ કહ્યું હતું.

જમ્મુ-કાશ્મીરના યુવાનોને લોકશાહીમાં ફરી વિશ્વાસ જાગ્યો છે અને તેમને લાગે છે કે તેમનો મત પરિવર્તન લાવશે જે સશક્તિકરણની દિશામાં પહેલું પગલું છે, એમ તેમણે કહ્યું હતું.

ભાજપના ઉમેદવારના સમર્થનમાં શેર-એ-કાશ્મીર સ્ટેડિયમ ખાતે યોજવામાં આવેલી એક ચૂંટણી સભાને સંબોધન કરતા મોદીએ કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીરને ફરી રાજ્યનો દરજ્જો આપવાનું વચન ભાજપ પૂરું કરશે.

મારા જમ્મુ-કાશ્મીરના યુવાનો હવે નિઃસહાય નથી. મોદી સરકાર હેઠળ તેઓ વધુ સશક્ત બની રહ્યા છે. યુવાનોના રોજગાર માટે જમ્મુ-કાશ્મીર ભાજપે પણ મોટી જાહેરાત કરી છે તેનો મને આનંદ છે. યુવાનોની કાર્યકુશળતા વિકાસવાની કે તેમને રોજગાર પૂરો પાડવાની વાત હોય

(જુઓ પાનું ૨) ▶▶

## ટેસ્ટમાં અશ્વિનની યાદગાર સદી, ભારતને મોટી મુશ્કેલીમાંથી ઉગાર્યું

ચેન્નઈઃ ભારતે અહીં હોમટાઉન ચેન્નઈમાં ટેસ્ટ-સિરીઝની પ્રથમ મૅચમાં ગુરુવારે બાંગ્લાદેશ સામે શરૂઆતના ધબડકાના આઘાત બાદ શાનથી પ્રારંભિક દિવસની રમત પૂરી કરી હતી. રવિચન્દ્રન અશ્વિન (૧૦૨ નૉટઆઉટ, ૧૧૨ બૉલ, બે સિક્સર, દસ ફોર) શ્રેણીના પહેલા દિવસનો સુપરસ્ટાર હતો. તેની અને રવીન્દ્ર જાડેજા (૮૬ નૉટઆઉટ, ૧૧૭ બૉલ, બે સિક્સર, દસ ફોર) વચ્ચે સાતમી વિકેટ માટે ૧૯૫ રનની અતૂટ ભાગીદારી થઈ હતી અને તેમણે પહેલા જ દિવસે ભારતને મૅચ પર મજબૂત પકડ અપાવી દીધી હતી. અશ્વિનની આ અવિસ્મરણીય સદી તેના પિતા રવિચન્દ્રને ચેપૉકના એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં માણી હતી.

રમત પૂરી થઈ ત્યારે ભારતનો સ્કોર છ વિકેટે ૩૩૯ રન હતો. જોકે સવારે ભારતે ટૉપ-ઑર્ડરનો રકાસ જોવો પડ્યો હતો, પરંતુ એ ધબડકા વચ્ચે ઓપનર યશસ્વી જયસ્વાલ (૫૬ રન, ૧૧૮ બૉલ, નવ ફોર) ક્રીઝ પર ટકી રહ્યો હતો અને તેણે રિષભ પંત (૩૯ રન, બાવન બૉલ, છ ફોર) સાથે મળીને ધબડકો અટકાવીને ૬૨ રનની બહુમૂલ્ય ભાગીદારી કરી હતી. ભારતની છમાંથી પહેલી ચારેય વિકેટ બાંગ્લાદેશના યુવા ફાસ્ટ બોલર હસન મહમૂદે લીધી હતી.

સવારે બાંગ્લાદેશના કૅપ્ટન નજમુલ શૅન્ટોએ ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી અને જોત જોતામાં ભારતે કૅપ્ટન-ઓપનર રોહિત શર્મા (૬), શુભમન ગિલ (૦) અને વિરાટ કોહલી (૬)ની વિકેટ ગુમાવી દીધી હતી. ત્રણેય વિકેટ તેમ જ ત્યાર બાદ પંતની પણ વિકેટ મહમૂદે લીધી હતી.

ભારત ક્યારેય બાંગ્લાદેશ સામે ટેસ્ટ-મૅચ નથી હાર્યું. ૧૩માંથી ૧૧ ટેસ્ટ ભારત જીત્યું છે અને બે મૅચ ડ્રૉમાં પરિણમી છે. ■

## દેશને સ્વચ્છ, સ્વસ્થ અને વિકસિત બનાવોઃ રાષ્ટ્રપતિ

ઉજજૈન : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગુરુવારે કહ્યું કે સ્વચ્છતા જ ભારતને સ્વસ્થ અને વિકસિત બનાવશે અને લોકોને આ દિશામાં આગળ આવવા અને એક પગલું ભરવાની અપીલ કરી હતી.

ઉજજૈનમાં સફાઈ મિત્ર સંમેલનને સંબોધતા, મુર્મૂએ સળંગ સાતમી વખત સ્વચ્છતા સર્વેક્ષણમાં ટોચ પર રહેવા બદલ મધ્ય પ્રદેશના ઈન્દોર શહેરની અને દેશમાં સૌથી સ્વચ્છ રાજ્યની રાજધાની ભોપાલની પણ પ્રશંસા કરી હતી.

મુર્મૂએ જણાવ્યું હતું કે સફાઈ મિત્રો (સ્વચ્છતા કાર્યકરો)નું સન્માન કરવાથી મને અપાર ખુશી મળે છે. સ્વચ્છતા જ દેશને સ્વસ્થ અને વિકસિત બનાવશે. સફાઈ મિત્રોનું સન્માન કરીને આપણે આપણી જાતનું સન્માન કરીએ છીએ.

રાષ્ટ્રપતિએ આશા વ્યક્ત કરી હતી કે દેશનાં ગામડાઓ અને ગલીઓમાં લોકો સ્વચ્છ ભારત મિશન હેઠળ કામ કરવા માટે આગળ આવશે અને ઉમેર્યું હતું કે આમ કરવાથી જ રાષ્ટ્ર મહાત્મા ગાંધીના 'સ્વચ્છતા' ના આદર્શોને અમલમાં મૂકી શકશે.

મુર્મૂએ કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં સ્વચ્છ મિશન રાષ્ટ્રવ્યાપી ચળવળ બની ગયું છે અને દેશમાં વ્યાપક પાયા પર પરિવર્તન લાવ્યા છે. સ્વચ્છ ભારત મિશનને કારણે, સ્વચ્છતા પ્રત્યે જાગૃતિનું સ્તર વધ્યું છે અને સ્વચ્છતા પ્રત્યે લોકોના વર્તનમાં ઘણો બદલાવ આવ્યો છે. આ મને અપાર આનંદ આપે છે.

મુર્મૂએ એ પણ યાદ કર્યું કે પોતે ઓડિશામાં તેના વતનમાં સ્વચ્છતા સાથે પોતાના જાહેર જીવનની શરૂઆત કરી હતી જ્યાં તેમણે નોટિફાઇડ એરિયા કાઉન્સિલના વાઇસ ચેરપર્સન તરીકે કામ કર્યું હતું.

"હું એક વોર્ડમાંથી બીજા વોર્ડમાં સફાઈ કામનું નિરીક્ષણ કરવા અને સફાઈ

(જુઓ પાનું ૨) ▶▶



**મહાકાલેશ્વર :**
ભારતનાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગુરુવારે મધ્ય પ્રદેશના ઉજજૈનમાં મહાકાલેશ્વર મંદિરમાં પ્રાર્થના કરી હતી. (પીટીઆઈ)

## કેનેડાએ વિદ્યાર્થીઓની સ્ટડી પરમિટ ઘટાડી

ઑટ્ટાવાઃ કેનેડાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટેની સ્ટડી પરમિટ ઘટાડવાની જાહેરાત કરી છે. કેનેડાના આ પગલાંની અનેક ભારતીય વિદ્યાર્થીઓ પર અસર થાય તેવી શક્યતા છે.

સોશિયલ મીડિયા પર બુધવારે મૂકેલી એક પૉસ્ટમાં કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ કહ્યું હતું કે આ વરસે અમે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સ્ટડી પરમિટમાં ૩૫ ટકાનો અને આવતા વરસે વધુ દસ ટકાનો ઘટાડો કરીશું.

ઈમિગ્રેશન અમારા દેશના અર્થતંત્ર માટે લાભકારક છે, પરંતુ અમને જાણવા મળ્યા મુજબ અમુક લોકો આ સિસ્ટમનો દુરુપયોગ કરી વિદ્યાર્થીઓનો લાભ લે છે.

કામચલાઉ રહેવાસીઓની સંખ્યા ઘટાડવાના આશયથી કેનેડાની સરકાર દ્વારા આ પગલું લેવામાં આવ્યું છે.

કેનેડા ભારતીય વિદ્યાર્થીઓના પસંદગીના દેશમાંનો એક છે. કેનેડાની સરકારની આ જાહેરાતની ત્યાં ભણવા જવા ઈચ્છતા ભારતીય વિદ્યાર્થીઓ

(જુઓ પાનું ૨) ▶▶




**ઘરથી મતદાન :**
શ્રીનગરમાં ૮૫ વર્ષથી મોટી વયના વૃદ્ધો અને શારીરિક અક્ષમતા ધરાવતા લોકોને સુવિધા આપવા ચૂંટણી અધિકારી તેમનો મત લેવા તેમને ઘરે ગયા હતા (એજન્સી)

## બિહારના નવાદામાં જમીન વિવાદને લઈને ૨૧ ઘરોમાં આગચંપી

નવાદાઃ બિહારના નવાદા જિલ્લામાં જમીન વિવાદને લઇને ૨૧ ઘરોમાં આગચંપી કરવામાં આવી હતી. જોકે આ ઘટનામાં કોઇ જાનહાનિ થઇ નથી. આ જાણકારી પોલીસે આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મુફાસિલ પોલીસ સ્ટેશન વિસ્તારના માંઝી ટોલામાં બુધવારે સાંજે બનેલી ઘટના પાછળ જમીન વિવાદ કારણભૂત હોવાની આશંકા છે. પોલીસે જણાવ્યું કે દસ લોકોની અટકાયત કરવામાં આવી છે અને અન્ય આરોપીઓને ઝડપી લેવા શોધ ચાલી રહી છે.

એસપી અભિનવ ધીમાને જણાવ્યું કે સાંજે ૭-૩૦ વાગ્યાની આસપાસ એક ફોન આવ્યો હતો કે માંઝી ટોલામાં કેટલાક ઘરોમાં આગ ચાંપવામાં આવી છે.

પોલીસ તાત્કાલિક ફાયર એન્જિન સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. આગ પર કાબૂ મેળવવામાં થોડો સમય લાગ્યો હતો. ગ્રામજનોના જણાવ્યા અનુસાર લોકોના એક જૂથે સાંજે લગભગ ૭ વાગ્યે ઘરોમાં આગ લગાવવાનું શરૂ કર્યું હતું. તેમણે કહ્યું કે પ્રાથમિક તપાસમાં જાણવા મળે છે કે ઘટના પાછળનું કારણ જમીન

(જુઓ પાનું ૨) ▶▶

## લેબેનોન પરના હુમલાનો મરણાંક વધીને ૪૦ થયો

### તાઈવાનની કંપનીનો દાવો, હંગેરીની કંપનીએ બનાવાયેલા પેજરથી ઈઝરાયલે કર્યો હિઝબુલ્લાહ પર હુમલો

તાઇપેઇઃ લેબેનોન અને સીરિયામાં હિઝબુલ્લાહના કમ્યુનિકેશન નેટવર્ક પર એક ઇઝરાયલી ઓપરેશન હેઠળ મંગળવારે પેજરમાં વિસ્ફોટ કરવામાં આવ્યા હતા. તેનો મરણાંક વધીને ૪૦ થયો હતો પેજર બનાવનારી તાઇવાનની કંપનીએ ખુલાસો કર્યો હતો કે જે પેજરોમાં વિસ્ફોટ કરવામાં આવ્યો છે તે હંગેરીની એક કંપનીએ બનાવ્યા હતા. આ હુમલામાં ઓછામાં ઓછા ૪૦ લોકોનાં મોત થયાં હતાં જેમાં બે બાળકોનો સામેલ છે અને લગભગ ૪૦૦૦ લોકો ઇજાગ્રસ્ત થયા હતા. આ વિસ્ફોટ લેબેનોન અને સીરિયામાં એક સાથે થયો હતો.

હિઝબુલ્લાહ અને લેબેનોન સરકારે આ હુમલા માટે ઇઝરાયલને જવાબદાર ઠેરવ્યું હતું. રિપોર્ટ અનુસાર, આ એક આધુનિક રિમોટ ઓપરેશન હતું જેમાં પેજરમાં છુપાવાયેલા વિસ્ફોટકોને એક સાથે એક્ટિવ કરાયા હતા.

નામ ન આપવાની શરતે અમેરિકાના એક અધિકારીએ કહ્યું હતું કે ઇઝરાયલે હુમલા પછી અમેરિકાને જાણકારી આપી હતી. અધિકારીએ કહ્યું હતું કે પેજરમાં નાના વિસ્ફોટકોને રિમોટ મારફતે ઓપરેટ કરાયા હતા. આ હુમલો હિઝબુલ્લાહ વિરુદ્ધ ઇઝરાયલની સતત ચાલી રહેલી ગતિવિધિઓનો ભાગ માનવામાં આવી રહ્યો છે. ઇઝરાયલ હિઝબુલ્લાહના નેટવર્કને નબળું પાડવાનો પ્રયાસ કરી રહ્યું છે.

જે પેજરમાં લેબેનોન અને સીરિયામાં વિસ્ફોટ થયો હતો જેને બનાવનારી તાઇવાનની કંપની ગોલ્ડ એપોલોએ કહ્યું હતું કે હંગેરીની રાજધાની બુડાપેસ્ટમાં આવેલી એક કંપનીએ આ પેજરનું નિર્માણ કર્યું છે. જેને પેજર પર તેમના સત્તાવાર બ્રાન્ડનો ઉપયોગ કરવાનો અધિકાર આપ્યો છે. પેજરમાં ઓછા પ્રમાણમાં વિસ્ફોટક છૂપાવીને રાખવામાં આવ્યા હતા અને તેમાં વિસ્ફોટ કરાયો હતો.

ગોલ્ડ એપોલોએ એક નિવેદનમાં કહ્યું હતું કે એઆર ૯૨૪ પેજરનું નિર્માણ બીએસી કન્સલ્ટિંગ કેએફટીએ કર્યું હતું જે હંગેરીની રાજધાનીમાં સ્થિત છે.

વધુમાં તાઇવાનની કંપનીએ કહ્યું હતું કે કરાર અનુસાર અમે લેબેનોન અને સીરિયામાં પ્રોડક્ટના વેચાણ માટે અમારા બ્રાન્ડનો ઉપયોગ કરવાનો અધિકાર આપ્યો છે પરંતુ ઉત્પાદન માટે ફક્ત બીએસી જવાબદાર છે. ■



**પિંડદાન :**
લોકોએ ગયાની પ્રેતશિલા વેદીમાં પિતૃપક્ષ નિમિત્તે પોતાના પિતૃઓને પિંડદાન કર્યું હતું. (એજન્સી)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# વન નેશન, વન ઈલેક્શનઃ ભેંસ ભાગોળે, છાસ છાગોળે...

**કેન્દ્રની** નરેન્દ્ર મોદી સરકારે અંતે વન નેશન, વન ઈલેક્શન અંગે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના નેતૃત્વમાં બનાવવામાં આવેલી કમિટી દ્વારા આપવામાં આપેલા રિપોર્ટને મંજૂરી આપી દીધી એ સાથે જ આપણે ત્યાં ભેંસ ભાગોળે, છાસ છાગોળે ને ઘરમાં ધમાધમ જેવો માહોલ થઈ ગયો છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના વડપણ હેઠળની આ સમિતિએ લોકસભાની ચૂંટણીની જાહેરાત થાય તે પહેલાં માર્ચમાં વન નેશન, વન ઇલેક્શન' પર પોતાનો અહેવાલ સુપરત કર્યો હતો અને હજુ તો કેન્દ્ર સરકારે આ ભલામણોનો સ્વીકાર કર્યો છે ત્યાં તો મીડિયાએ ક્યા રાજ્યની વિધાનસભાની ચૂંટણી કેટલી વહેલી યોજાશે ને ક્યાં ક્યાં શું થશે તેના પતંગ ચગાવવાના શરૂ કરી દીધા છે.

મોદી સરકાર સંસદના શિયાળુ સત્રમાં વન નેશન વન ઈલેક્શન અંગે ખરડો લાવશે એવી વાતો પણ વહેતી થઈ ગઈ છે. આ ખરડામાં શું હશે તેની વાતો પણ ચાલવા માંડી છે. વન નેશન, વન ઈલેક્શનમાં આખી વાત દેશભરમાં લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની પણ ચૂંટણી એક સાથે કરાવવાની છે તેથી ખરડામાં કેન્દ્રસ્થાને એ જ વાત હશે એ અટકળનો વિષય જ નથી પણ બીજું શું હશે તેની પણ અટકળો ચાલી રહી છે. રામનાથ કોવિંદના નેતૃત્વવાળી સમિતિએ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની એક સાથે ચૂંટણી થઈ જાય પછી ૧૦૦ દિવસની અંદર જ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી કરાવવાની ભલામણ કરી છે તેથી મોદી સરકાર તેનો પણ અમલ કરી નાખશે એવા દાવા પણ થઈ રહ્યા છે.

આ દાવા વહેલા છે કેમ કે રામનાથ કોવિંદ સમિતિ રચાઈ ત્યારે દેશમાં રાજકીય માહોલ અલગ હતો જ્યારે અત્યારે રાજકીય સમીકરણો અલગ છે. એ વખતે ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી હતી અને મોદી સરકારના નિર્ણય સામે અવાજ ઉઠાવવાની પણ કોઈની તાકાત નહોતી. અત્યારે મોદી સરકાર પાસે સ્પષ્ટ બહુમતી નથી અને ચંદ્રાબાબ નાયડુ તથા નીતીશ કુમાર જેવા સાથીઓની કાંખઘોડી પર સરકાર ઊભેલી છે. આ સંજોગોમાં ખરડામાં શું હશે એ તો પછીની વાત છે પણ પહેલાં તો ખરેખર ખરડો શિયાળુ સત્રમાં રજૂ થશે કે કેમ એ વિશે જ અવઢવ છે.

માનો કે શિયાળુ સત્રમાં ખરડો રજૂ થઈ ગયો તો પણ મોદી સરકાર જે રીતે ઈચ્છે છે એ રીતે જ પાસ થશે કે કેમ તેમાં શંકા છે. મોદી સરકાર વકફ એક્ટમાં ફેરફાર કરવા માટેનો ખરડો લાવી તેનું ઉદાહરણ આપણી નજર સામે જ છે. મોદી સરકાર અત્યાર લગી કોઈને ગણકારતી જ નહોતી પણ પહેલી વાર વિપક્ષોની માગ સામે ઝૂકીને વકફ એક્ટમાં સુધારાનો ખરડો સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી)ને સોંપવો પડ્યો. તેનું કારણ એ કે, ભાજપ પાસે લોકસભા ને રાજ્યસભા બંનેમાં સ્પષ્ટ બહુમતી નથી ને મોદી સરકાર કોઈ પણ ખરડો સંસદમાં પાસ કરાવવા માટે સાથી પક્ષો પર નિર્ભર છે.

વન નેશન વન ઈલેક્શનને લગતો ખરડો તો બંધારણીય સુધારાને લગતો હોવાથી મોદી સરકારને માત્ર સાથી પક્ષોના જ નહીં પણ વિપક્ષોના સહકારની પણ જરૂર પડશે કેમ કે બંધારણીય સુધારાના ખરડાને પસાર કરવા માટે સંસદનાં બંને ગૃહોમાં બે તૃતીયાંશ બહુમતી જોઈએ અને દેશનાં અડધાથી વધારે રાજ્યોની વિધાનસભામાં સ્પષ્ટ બહુમતી સાથે ખરડાને બહાલી મળવી જોઈએ.

હાલ લોકસભા અને વિધાનસભાની ચૂંટણી યોજવાની જવાબદારી કેન્દ્રીય ચૂંટણી પંચની છે જ્યારે મહાનગરપાલિકાઓ અને પંચાયતો સહિતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવે છે. આ પ્રક્રિયામાં ફેરફાર ના થાય પણ તેમની મુદતોમાં ફેરફાર થશે. રામનાથ કોવિંદ સમિતિએ આ બધું કરવા માટે ૧૮ બંધારણીય સુધારાઓની ભલામણ કરી છે.

ભારતમાં બંધારણીય સુધારા ત્રણ પ્રકારે થાય છે. પહેલા સુધારામાં સંસદમાં સાદી બહુમતીથી સુધારો કરી શકાય છે. બીજા પ્રકારના સુધારામાં સંસદમાં બે તૃતીયાંશ એટલે કે સ્પેશિયલ મેજોરિટી જોઈએ જ્યારે ત્રીજા પ્રકારના સુધારામાં સંસદ દ્વારા સ્પેશિયલ બહુમતી ઉપરાંત દેશની અડધોઅડધ વિધાનસભાની બહાલી જોઈએ. રામનાથ કોવિંદ કમિટીએ બે નવી જોગવાઈઓ ઉમેરવાની ભલામણ કરી છે કે જેના માટે સંસદની સાદી બહુમતી ચાલશે એવું તેમનું માનવું છે. બીજા ઘણા બંધારણીય સુધારા સંસદમાં સાદી બહુમતીથી પસાર કરી શકાય છે કોવિંદ કમિટીના મતે તો મોટા ભાગના સુધારા સાદી બહુમતીથી કરી શકાય તેમ છે તેથી વન નેશન વન ઈલેક્શનનો અમલ અઘરો નથી.

અલબત્ત આ કોવિંદ સમિતિનો મત છે પણ બંધારણીય નિષ્ણાતોનો મત અલગ છે. તેમના મતે ચૂંટણી પ્રક્રિયામાં ફેરફાર માટેના મોટા ભાગના બંધારણીય સુધારાઓને વિધાનસભાની બહાલીની જરૂર પડશે જ. ભાગ્યે જ કોઈ એવા સુધારા હશે કે જેમને રાજ્યની વિધાનસભાઓ દ્વારા બહાલીની જરૂર નહીં પડે. આ સંજોગોમાં મોદી સરકારે વિપક્ષોને સાથે લેવા જ પડશે ને કોંગ્રેસ સહિતના વિપક્ષોનું વલણ જોતાં એ લોકો મોદી સરકારને વન નેશન વન ઈલેક્શનના ખરડામાં સાથ આપે એવી શક્યતા ઓછી છે.

રામનાથ કોવિંદ સમિતિએ આ મુદ્દે ૬૨ રાજકીય પક્ષો સાથે ચર્ચા કરી હતી અને જે રાજકીય પક્ષો તરફેણમાં હતા તેમની સલાહ લીધી હતી. ભાજપ સહિતના ૩૨ પક્ષોએ એક દેશ, એક ચૂંટણીના વિચારને ટેકો આપ્યો હતો જ્યારે ૧૫ પાર્ટીઓ તેની વિરુદ્ધમાં હતી. ૧૫ પક્ષો એવા હતા જેમણે કોઈ જવાબ આપ્યો ન હતો.

મોદી સરકાર માટે તકલીફ એ છે કે, તેના જ કેટલાક સાથી પક્ષોનું વલણ સ્પષ્ટ નથી. કેન્દ્રની એનડીએ સરકારમાં ભાજપ ઉપરાંત ચંદ્રાબાબુ નાયડુની ટીડીપી, નીતીશ કુમારની જેડીયુ અને ચિરાગ પાસવાનની એલજેપી(આર) મુખ્ય પક્ષો છે. જેડીયુ અને એલજેપી (આર) વન નેશન, વન ઈલેક્શન માટે તૈયાર છે પણ ટીડીપીએ આ અંગે કોઈ જવાબ આપ્યો નથી. બીજી તરફ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, આમ આદમી પાર્ટી, તૃણમૂલ કોંગ્રેસ, સીપીએમ અને બસપા સહિત ૧૫ પાર્ટીઓએ તેનો વિરોધ કર્યો છે. ઝારખંડ મુક્તિ મોરચા, ટીડીપી, ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ સહિત ૧૫ પક્ષોએ કોઈ પ્રતિક્રિયા આપી ન હતી.

આ સંજોગોમાં ભાજપે સૌથી પહેલાં તો ખરડો રજૂ કરવા માટે પોતાના સાથી પક્ષ ટીડીપીને જ મનાવવો પડશે. ટીડીપી માની જાય તો પણ કામ નહીં ચાલે કેમ કે બે તૃતીયાંશ બહુમતી માટે વિપક્ષોનો સાથ પણ જોઈએ. આ માહોલમાં વન નેશન, વન ઈલેક્શનના હાલ પણ વકફ સુધારા એક્ટ જેવા થાય અને સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી)ને સોંપવો પડે એવી શક્યતા વધારે છે.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), શુક્રવાર, તા. ૨૦-૯-૨૦૨૪
તૃતીયા તિથિનું શ્રાદ્ધ

- ભારતીય દિનાંક ૨૯, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ વદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ વદ-૩
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૭મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર અશ્વિની મધ્યરાત્રિ પછી ક. ૨૬-૪૨ સુધી (તા. ૨૧મી) પછી ભરણી.
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૮ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૮, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : બપોરે ક. ૧૩-૦૨, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૪૭ (તા. ૨૧)
- ઓટઃ સવારે ક. ૦૬-૪૮, રાત્રે ક. ૧૯-૧૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - તૃતીયા. તૃતીયા તિથિનું શ્રાદ્ધ, વિષ્ટિક. ૧૦-૫૬ થી ૨૧-૧૬. મુહૂર્ત વિશેષઃ અશ્વિની કુમાર દેવતાનું પૂજન, કેતુ ગ્રહ દેવતાનું પૂજન, નિત્ય થતાં દુકાન , વેપારનાં, ખેતીવાડી, દસ્તાવેજનાં કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, માલ લેવો, બી વાવવું, શ્રાદ્ધ પર્વઃ તૃતીયા તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજરોજ કરવું. ત્રીજનું શ્રાદ્ધ પાપોનો નાશ કરે અને શત્રુથી બચાવે છે. મૃત્યુ એ જીવનનું સત્ય છે. જન્મ પછી મૃત્યુ ઈશ્વરે નક્કી કરેલ છે. મૃત્યુ જીવનનું આ એક અત્યંત મહત્ત્વનું તત્ત્વ છે. શ્રાદ્ધમાં રુચિ, શ્રદ્ધા લાવવાથી મૃત્યુનું મહત્ત્વ સમજાય છે. અને તે દ્વારા જીવન જીવવાનો ઉત્સાહ વધે છે. શ્રાદ્ધ પક્ષમાં નિત્ય વિષ્ણુ સહસ્રનામ સ્તોત્રનો પાઠ કરવો. નમો ભગવતે વાસુદેવાયના જાપ કરવા.
- આચમનઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ બદનામીનો ભય, સૂર્ય-નેપ્ચૂન પ્રતિયુતિ અવ્યવહારુ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ, સૂર્ય-નેપ્ચૂન પ્રતિયુતિ (તા. ૨૧)
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, માર્ગી બુધ-સિંહ, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# ત્રાસવાદને મળતું ફંડ રોકવામાં ભારતની કામગીરીની પ્રશંસા

નવી દિલ્હી : વિશ્વમાં મની લોન્ડરિંગ અને આતંકવાદને ભંડોળ આપવા વિરુદ્ધ જાગતિક સ્તરે કામ કરતી નાણાં સંસ્થા ફાયનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (એફએટીએફ)એ ભારત પરનો પારસ્પરિક મૂલ્યાંકન અહેવાલ ગુરુવારે બહાર પાડ્યો હતો. સંસ્થાએ કહ્યું હતું કે ભારતની સિસ્ટમ અસરકારક છે, પરંતુ આ કેસોમાં ફોજદારી ફરિયાદ પક્ષને મજબૂત કરવાની જરૂર છે.

પેરિસમાં વડું મથક ધરાવતી સંસ્થાએ એના જુલાઈના ખુલ્લા અધિવેશનમાં ૩૬૮ પાનાના અહેવાલને બહાલી આપી હતી. છેલ્લે ૨૦૧૦માં ભારતના મની લોન્ડરિંગ અને આતંકવાદને નાણાં મળતા રોકવાના પ્રયાસોની સમીક્ષા છપાઈ હતી.

ટાસ્ક ફોર્સના નિષ્ણાતો ગયા નવેમ્બરમાં ભારતમાં આવ્યા હતા અને દેશને 'રેગ્યુલર ફોલો અપ' કેટેગરીમાં મૂક્યું હતું. આ કેટેગરીમાં ભારત ઉપરાંત જી-૨૦ના ચાર દેશો છે. ભારતનું આગામી મૂલ્યાંકન ૨૦૩૧માં થશે.

અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે ભારતે એન્ટિ મની લોન્ડરિંગ (એએમએલ) અને કોમ્બેટિંગ ફાયનાન્સિંગ ઑફ ટેરર (સીએફટી) સિસ્ટમ અમલમાં મૂકી છે જે અનેક રીતે અસરકારક છે. જોકે સંસ્થાએ કહ્યું હતું કે સિસ્ટમમાં સુધારાની જરૂર છે જેથી મની લોન્ડરિંગ અને ટેરર ફાયનાન્સિંગ કેસમાં ફરિયાદી પક્ષ જોરદાર ખટલો કરે, આતંકવાદના દૂષણથી નોન-પ્રોફિટ સેક્ટરને બચાવવા સિસ્ટમમાં સુધારા કરવાની જરૂર છે.

# તિરુપતિ મંદિરના લાડુમાં જાનવરોની ચરબીના ઉપયોગનો આરોપ

## આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન ચંદ્રાબાબુ નાયડુનો ચોંકાવનારો દાવો

અમરાવતીઃ આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન ચંદ્રાબાબુ નાયડુએ બુધવારે ચોંકાવનારો દાવો કર્યો હતો. તેમણે અગાઉની વાયએસઆર કોંગ્રેસ પર આરોપ લગાવ્યો હતો કે તેમના શાસન દરમિયાન તિરુપતિમાં પ્રસાદ તરીકે પીરસવામાં આવતા લાડુમાં પ્રાણીઓની ચરબીનો ઉપયોગ કરવામાં આવતો હતો. પાછલી સરકાર શુદ્ધ ઘીની જગ્યાએ પ્રાણીઓની ચરબીનો ઉપયોગ કરતી હતી. વાયએસ જગન મોહન રેડ્ડીની આગેવાનીવાળી પાર્ટીએ આ આરોપને બકવાસ ગણાવીને નકારી કાઢ્યો છે.

બુધવારે એનડીએના વિધાન સભ્ય દળની બેઠકને સંબોધતા ચંદ્રાબાબુ નાયડુએ કહ્યું હતું કે જગન રેડ્ડી સરકાર હેઠળ તિરુપતિમાં શ્રી વેંકટેશ્વર મંદિર દ્વારા 'પ્રસાદ' તરીકે આપવામાં આવતા લાડુ બનાવવા માટે શુદ્ધ ઘીની જગ્યાએ પશુઓની ચરબીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મંદિરનું સંચાલન તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ દ્વારા કરવામાં આવે છે. નોંધનીય છે કે તાજેતરમાં નાયડુની તેલુગુ દેશમ પાર્ટી જૂનમાં પવન કલ્યાણની જનસેના અને ભાજપ સાથે ગઠબંધન કરીને આંધ્રપ્રદેશમાં સત્તા પર આવી હતી.

''છેલ્લા ૫ વર્ષોમાં, વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના નેતાઓએ તિરૂમાલાની પવિત્રતાને કલંકિત કરી છે. તેઓએ 'અન્નદાનમ' (મફત ખોરાક)ની ગુણવત્તા સાથે સમાધાન કર્યું છે અને ઘીને બદલે પ્રાણીની ચરબીનો ઉપયોગ કરીને પવિત્ર તિરુમાલા લાડુ તૈયાર કર્યા છે,'' એમ નાયડુએ તેલુગુમાં કહ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે હવે શુદ્ધ ઘીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. મંદિરની દરેક વસ્તુ સાફ થઈ ગઈ છે. આનાથી લાડુની ગુણવત્તામાં સુધારો થયો છે.

આ સમગ્ર મામલે વાયએસઆર કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ વાયવી સુબ્બા રેડ્ડીએ ચંદ્રાબાબુ નાયડુ પર તિરૂપતિ મંદિરની પવિત્રતાને નુકસાન પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો. વાયવી સુબ્બા રેડ્ડી જગન રેડ્ડી સરકારમાં ટીટીડીના ચેરમેન હતા. રેડ્ડીએ સોશિયલ મીડિયામાં લખ્યું હતું કે, ''ફરી એકવાર સાબિત થઈ ગયું છે કે ચંદ્રાબાબુ નાયડુ રાજકીય લાભ માટે કોઈપણ સ્તરે ઝૂકી શકે છે. ચંદ્રાબાબુ નાયડુએ તિરૂમાલાની પવિત્રતા અને કરોડો હિન્દુઓની આસ્થાને ગંભીર નુકસાન પહોંચાડ્યું છે.

તિરૂમાલા પ્રસાદ વિશે તેમની ટિપ્પણીઓ અત્યંત દુર્ભાવનાપૂર્ણ છે. કોઈ પણ વ્યક્તિએ આવા શબ્દો ન બોલવા જોઈએ કે આક્ષેપો ના કરવા જોઈએ. ભક્તોની આસ્થાને મજબૂત કરવા માટે, હું મારા પરિવાર સાથે ભગવાન સમક્ષ તિરૂમાલા 'પ્રસાદ' વિશે શપથ લઈશ.'' શું તેઓ (નાયડુ) તેમના પરિવાર સાથે આવું કરવા તૈયાર છે?''

નોંધનીય છે કે વાયએસઆર કોંગ્રેસ સરકાર દરમિયાન તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમે ઘીનો કોન્ટ્રાક્ટ એક ખાનગી કોન્ટ્રાક્ટરને આપ્યો હતો અને નંદિની બ્રાન્ડ સાથેનો કરાર તોડી નાખ્યો હતો. નંદિની બ્રાન્ડ ઘીનું ઉત્પાદન કર્ણાટક મિલ્ક ફેડરેશન દ્વારા કરવામાં આવે છે. જોકે, સપ્લાયર બદલ્યા બાદ તિરૂપતિ મંદિરમાં ઘીની ગુણવત્તા અંગે અનેક ફરિયાદો ઉઠી હતી. ભક્તોએ લાડુમાં ખામી હોવાની ફરિયાદ પણ કરી હતી. ૨૯ ઓગસ્ટના રોજ, આંધ્ર પ્રદેશની એનડીએ સરકારે ફરી એકવાર કર્ણાટક મિલ્ક ફેડરેશન સાથે ઘી માટે કરાર કર્યો હતો.

# દિલ્હી કેબિનેટમાં ચાર જૂના પ્રધાનને ચાલુ રખાશે

નવી દિલ્હી : આતિશી ૨૧ સપ્ટેમ્બરે દિલ્હીના મુખ્ય પ્રધાન તરીકે સોગંદ લેશે અને તેમની સાથે તેમના પ્રધાનમંડળના સાથીદારો પણ સોગંદ લેશે. ચાર પ્રધાનોને જાળવી રખાયા છે અને આમ આદમી પાર્ટીના વિધાનસભ્ય મુકેશ અહલાવત આમાં નવા ચહેરા હશે. આપે કહ્યું હતું કે ચાર પ્રધાનો ગોપાલ રાય, સૌરભ ભારદ્વાજ, કૈલાશ ગેહલોટ અને ઈમરાન હુસૈન પ્રધાનમંડળમાં ચાલુ રહેશે. સામાજિક કલ્યાણ પ્રધાન રાજકુમાર આનંદના રાજીનામાથી ઊભી થયેલી ખાલી જગ્યા ભરવા દિલ્હીના સુલતાનપુર માજરાના વિધાનસભ્ય અહલાવતને કેબિનેટમાં લવામાં આવ્યા છે. આનંદે એપ્રિલમાં કેજરીવાલ સરકારમાંથી રાજીનામું આપીને આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડ્યો હતો.

આતીશી સરકારના પ્રધાનમંડળમાં મુખ્ય પ્રધાન સહિત સાત પ્રધાનો છે. નવા મુખ્ય પ્રધાનની મુદત ટૂંકી હશે, કારણ કે દિલ્હી વિધાનસભાની ચૂંટણી આવતા વર્ષના ફેબ્રુઆરીમાં છે. સાતમા પ્રધાનનું નામ હજી જાહેર કરાયું નથી.

દિલ્હીના ઉપ રાજ્યપાલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુને મોકલાવેલા સંદેશામાં દરખાસ્ત મૂકી હતી કે મુખ્ય પ્રધાન તરીકે ચૂંટાયેલાં આતિશીનો ૨૧ સપ્ટેમ્બરે સોગંદ સમારોહ યોજાય, એવી માહિતી સૂત્રોએ આપી હતી. સૂત્રોએ કહ્યું હતું કે મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલનો રાજીનામા પત્ર પણ રાષ્ટ્રપતિને મોકલવામાં આવ્યો છે. કેજરીવાલે મંગળવારે ઉપ રાજ્યપાલને રાજીનામું આપ્યું હતું અને આતિશીએ રાજધાનીમાં નવી સરકાર રચવા દાવો કર્યો હતો. (એજન્સી)

# કૉંગ્રેસ હંમેશાં દેશવિરોધી પરિબળોને સાથ આપે છે : અમિત શાહ

નવી દિલ્હી : કલમ ૩૭૦ અને કલમ ૩૫એને ટેકો આપતાં કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ અંગેના પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાનના નિવેદને 'ફરી વિરોધ પક્ષોને ખુલ્લા પાડ્યા છે', એમ કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું હતું.

શાહે દાવો કર્યો હતો કે વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને પાકિસ્તાનનો સૂર હંમેશાં સરખો હોય છે અને કોંગ્રેસ હંમેશાં દેશવિરોધી પરિબળોને સાથ આપે છે.

શાહે કહ્યું હતું કે પાકિસ્તાનના સંરક્ષણપ્રધાન ખ્વાજા આસિફના નિવેદને સિદ્ધ કર્યું છે કે પડોશી દેશ અને કોંગ્રેસ એક જ મનસૂબા અને એજન્ડા ધરાવે છે.

શાહે 'એક્સ' પર લખ્યું હતું કે કલમ ૩૭૦ અને કલમ ૩૫એને ટેકો આપતાં કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ અંગેના પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાનના નિવેદને 'ફરી કોંગ્રેસને ખુલ્લી પાડી છે. આ નિવેદને ફરી સિદ્ધ કર્યું છે કે પડોશી દેશ અને કોંગ્રેસ એક જ મનસૂબા અને એજન્ડા ધરાવે છે. છેલ્લાં થોડાં વર્ષોથી રાહુલ ગાંધી દેશવાસીની ભાવનાને ઠેસ લગાડીને દેશવિરોધી પરિબળો સાથે ઊભા છે. વાત પાકિસ્તાન સામેની એ સ્ટ્રાઈક કે સર્જિકલ સ્ટ્રાઈકની હોય કે ભારતીય લશ્કર વિશે વાંધાજનક બાબતો કહેવાની હોય, પાકિસ્તાન અને કોંગ્રેસનો સૂર હંમેશાં સરખો હોય છે. કોંગ્રેસ હંમેશાં દેશવિરોધી પરિબળોને સાથ આપે છે. જો કે કોંગ્રેસ પક્ષ અને પાકિસ્તાન એ ભૂલી જાય છે કે કેન્દ્રમાં મોદીની સરકાર છે. આથી કલમ ૩૭૦ કે આતંકવાદ કાશ્મીરમાં ફરી નહીં આવી શકે. (એજન્સી)

# મહારાષ્ટ્રની ચૂંટણી પહેલાં પેટ્રોલ, ડીઝલના ભાવ ઘટવાની આશા

નવી દિલ્હીઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પહેલાં પેટ્રોલ, ડીઝલના ભાવ ઘટવાની આશા છે એમ જણાવતાં તેલ ઉદ્યોગના ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ એક દિવસે વધે તો બીજે દિવસે ઘટે એવી સ્થિતિ છે.

જોકે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવની વધઘટનાં કારણો અંગે ખુલાસો કરવાનું ટાળતાં તેમણે કહ્યું હતું કે આમ છતાં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પહેલાં પેટ્રોલ, ડીઝલના ભાવ ઘટવાની આશા છે.

રિફાઈનરીઓમાં પેટ્રોલ અને ડીઝલ બનાવવા ઉપયોગમાં લેવાતા ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડાએ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી અગાઉ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થવાની આશા જગાડી છે.

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (આઈઓસી), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. (બીપીસીએલ) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. (એચપીસીએલ) જેવી સરકાર સંચાલિત ઈંધણ રિટેલર કંપનીઓએ વર્ષ ૨૦૨૧ના અંતથી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલી વધઘટને અનુરૂપ પેટ્રોલ અને ડીઝલના ભાવની સમીક્ષા નથી કરી.

એપ્રિલ ૨૦૨૨માં લોકસભાની ચૂંટણી અગાઉ સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિલિટર બે રૂપિયાનો ઘટાડો કરી ભાવ ફ્રીઝ કર્યા હતા.

આ ત્રણે કંપની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી અગાઉ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરે તેવી શક્યતા હોવાનું નિષ્ણાતોનું માનવું છે.

રાજધાની દિલ્હીમાં હાલ પેટ્રોલના દામ પ્રતિલિટર રૂ. ૯૪.૭૨ અને ડીઝલના ભાવ રૂ. ૮૭.૬૨ છે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### અમે પાકિસ્તાનમાં

ભાજપ કોઈપણ પ્રકારના ભેદભાવ વિના તે કરશે. કોંગ્રસ, નેશનલ કોન્ફરન્સ અને પીડીપી પર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે આ ત્રણ પક્ષ અને પરિવારે પોતાના અંગત લાભ માટે લોકશાહી સાથે રમત રમી તેનો દાટ વાળ્યો હતો. ૧૯૮૦માં આ લોકોએ શું કર્યું હતું તે તમને યાદ છે? જમ્મુ-કાશ્મીરને તેમણે પોતાની અંગત જાગીર માનીને રાજકારણ કર્યું હતું. તેમના પોતાના પરિવાર સિવાય અન્ય કોઈ આગળ આવે એવું આ લોકો નહોતા ઈચ્છતા. અન્યથા શા માટે તેમણે પંચાયત, ડીડીસી અને બીડીસીની ચૂંટણી રોકી હતી?

તેઓ જાણતા હતા કે આ ચૂંટણી થશે તો નવા ચહેરાઓ આવશે અને તે તેમના પરિવારને પડકારશે. તેમના સ્વાર્થને કારણે કેટલું નુકસાન થયું? યુવાનો લોકશાહીમાં વિશ્વાસ ગુમાવતા ગયા. તેમને લાગ્યું કે અમે મત આપીએ કે ન આપીએ આ ત્રણ પરિવાર જ સત્તા પર આવશે.

છેલ્લાં પાંચ વર્ષમાં જમ્મુ-કાશ્મીરની પરિસ્થિતિમાં ધરમૂળથી પરિવર્તન આવ્યું છે અને લોકશાહી પ્રક્રિયામાં ફરી લોકોનો વિશ્વાસ વધ્યો છે, એમ મોદીએ કહ્યું હતું.

અગાઉ સાંજે છ વાગ્યે ચૂંટણી પ્રચાર બંધ થઈ જતો હતો અને ઉમેદવારો માટે ઘરે ઘરે જઈને પ્રચાર કરવાનું અશક્ય હતું. આ ત્રણે પક્ષ તેનાથી ખુશ હતા, પરંતુ હવે મોડી રાત સુધી પ્રચાર કરી શકાય છે. હવે અહીંના લોકો લોકશાહીનો ખરો આનંદ માણી રહ્યા છે, એમ મોદીએ કહ્યું હતું. (એજન્સી)

### દેશને સ્વચ્છ

મિત્રો અને અન્ય લોકો સાથે ચર્ચા કરવા માટે જતી હતી,'' એમ તેમણે કહ્યું.

ત્યારબાદ રાષ્ટ્રપતિએ દેશના ૧૨ જ્યોતિર્લિંગોમાંના એક પ્રખ્યાત મહાકાલેશ્વર મંદિરની મુલાકાત લીધી હતી અને ગર્ભગૃહમાં દેવતા સમક્ષ પ્રાર્થના કરી હતી.

મુર્મૂએ રાજ્યપાલ અને સીએમ સાથે સાવરણીથી મંદિર પરિસરની સફાઈ પણ કરી હતી અને પૃષ્ઠભૂમિમાં મુખ્ય મંદિર સાથે ફોટોગ્રાફ માટે પોઝ આપ્યો હતો.

અગાઉના દિવસે, મુર્મૂએ ઈન્દોરમાં બે સદી કરતાં પણ વધુ જૂની રેસીડેન્સી કોઠીના કેમ્પસમાં કદંબ (બરના ફૂલ)ના છોડનું વાવેતર કર્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાજ્યપાલ પટેલ અને સીએમ યાદવ તેમની સાથે જોડાયા હતા અને પરિસરમાં અનુક્રમે રુદ્રાક્ષ અને પારિજાતના વૃક્ષોનું વાવેતર કર્યું હતું.

### કેનેડાએ

પર ભારે અસર થાય તેવી શક્યતા છે. ઑટ્ટાવાસ્થિત ભારતીય હાઈ કમિશનની વૅબસાઈટ મુજબ ભારત અને કેનેડાનાં પરસ્પર હિતોમાં શિક્ષણ ચાવીરૂપ બાબત છે કેમ કે ભારત વિદેશી વિદ્યાર્થીઓનો સૌથી મોટો સ્રોત છે. કેનેડામાં હાલ ૪,૨૭,૦૦૦ કરતાં પણ વધુ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. (એજન્સી)

### બિહારના નવાદામાં

વિવાદ છે. કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ ચાલી રહી છે. એક અન્ય પોલીસ અધિકારીએ કહ્યું કે જ્યારે ઘરોને આગ લગાડવામાં આવી રહી હતી ત્યારે હવામાં ફાયરિંગ પણ કરવામાં આવ્યું હતું. ધીમાને કહ્યું કે પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે અને કોઇપણ પ્રકારની હિંસા અટકાવવા માટે આ વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસ દળો તહેનાત કરવામાં આવ્યા છે.



**પૂર :**
પશ્ચિમ બંગાળના નાદિયામાં હૂગલી નદી વિફરતાં સંતીપુર વિસ્તારમાં પૂર આવ્યા હતા. (પીટીઆઈ)

# ગુજરાતને ૩.૫ ટ્રિલ્યન ડૉલરની અર્થવ્યવસ્થા બનાવવામાં સુરત મહત્ત્વની ભૂમિકા ભજવશે

## મુખ્ય પ્રધાનના હસ્તે સુરત ઈકોનોમિક રિજિયનના 'ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન'નું લોન્ચિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતને ૨૦૪૭ સુધીમાં ૩.૫ ટ્રિલ્યન ડોલરનું અર્થતંત્ર બનાવવામાં સુરત નિર્ણાયક ભૂમિકા ભજવશે. ૨૦૪૭ સુધીમાં ભારતને ૩૦ ટ્રિલ્યન ડોલર અર્થતંત્ર બનાવવાના લક્ષ્યને હાંસલ કરવા માટે શહેરી વિસ્તારોને સુનિયોજિત રીતે વિકસાવવાની કેન્દ્રની પહેલ સરાહનીય છે એવું ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

ગ્રોથ હબ તરીકે સુરત ઈકોનોમિક રિજીયનના 'ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન'નું લોન્ચિંગ પ્રસંગે મુખ્ય પ્રધાને વધુમાં કહ્યું હતું કે, રાજ્ય સરકારે ગુજરાતનું અર્થતંત્ર ૨૦૪૭ સુધીમાં ૩.૫ ટ્રિલ્યન ડોલર બનાવવાનું અને ૩૪ લાખ નવી રોજગારની તકોનું સર્જન કરવાનું લક્ષ્ય રાખ્યું છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાતના અન્ય વિસ્તારો માટે પણ ભવિષ્યલક્ષી માસ્ટર પ્લાન બનાવવામાં આવશે.

સુરત અને તેની આસપાસના નવસારી, ભરૂચ, ડાંગ, તાપી તથા વલસાડ એમ છ જિલ્લાઓના બનેલા સુરત 'ઈકોનોમિક રિજિયન'ના મહત્ત્વાકાંક્ષી 'ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન'નું સુરતથી લોન્ચિંગ કરતા તેમણે એવું પણ કહ્યું હતું કે, ભાવિ વિકાસનો માસ્ટર પ્લાન માત્ર એક ડોક્યુમેન્ટ નથી, પણ રાજ્યના છ જિલ્લાઓના ઈકોનોમિક લેન્ડસ્કેપમાં મોટું પરિવર્તન લાવી શકે એવું કમિટમેન્ટ છે. તેમાં વિકાસના પાયા સમાન સસ્ટેનેબલ એગ્રીકલ્ચર, રિયલ એસ્ટેટ, ટુરિઝમ, આઇ.ટી., લોજિસ્ટિક્સ વગેરે સેક્ટરના વિકાસની સંભાવનાઓ પણ ઉજાગર થઈ છે.

મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, સુરત પરિક્ષેત્રનો ઝડપી અને સસ્ટેનેબલ વિકાસ કરવો એ કેન્દ્ર સરકારની નેમ છે, જેને પૂરી કરવા ગુજરાત સજ્જ છે, ત્યારે ગુજરાતના વિકાસ મૉડેલને આ પહેલ નવી ઊર્જા પૂરી પાડશે, બુસ્ટ આપશે. ગુજરાતનું ગ્રોથ એન્જિન સુરત છે. સુરતે રાજ્યની આર્થિક ગતિવિધિઓના કેન્દ્ર તરીકે આગવી ઓળખ મેળવી છે. નીતી આયોગના નેજા હેઠળ સુરતે દેશનો સૌપ્રથમ ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન બનાવ્યો છે, ત્યારે આ પ્લાન 'વિકસિત ગુજરાત થી વિકસિત ભારત'નો લક્ષ્યાંક સિદ્ધ કરશે.

રાજ્યના જીડીપીમાં મેન્યુફેકચરિંગ સેક્ટરના ૩૬ ટકા ફાળા સામે જીડીપીમાં સુરતના મેન્યુફેકચરિંગ સેક્ટરનો ફાળો ૫૫ ટકા છે, આ સિદ્ધિના પાયામાં ટેક્સટાઇલ, જેમ્સ જવેલરી, ડાયમંડ, કેમિકલ એન્ડ ડાઈઝ જેવા પરંપરાગત ઉદ્યોગો રહેલા છે એમ હતા, પરંતુ છેલ્લા બે દાયકામાં ગુજરાતે વિકાસની રફતાર પકડી છે. આર્થિક વિકાસની આ યોજના સુરત અને આસપાસના અન્ય પાંચ જિલ્લાઓના વિકાસનો રોડમેપ કંડારશે એમ જણાવી તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આવનારાં ૨૫ વર્ષના વિકાસને કેન્દ્રમાં રાખી, ડેવલપમેન્ટ એક્શન પ્લાન સાથે રાજ્ય સરકાર આયોજનબદ્ધ રીતે આગળ વધી રહી છે. રાજ્યના વિકાસ વિઝનને વધુ તેજ ગતિએ સાકાર કરવા નીતી આયોગની પેટર્ન ઉપર ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (ગ્રિટ) પણ કાર્યરત કરી છે.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ પ્રધાન સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, એક ચબરખી ઉપર લાખો- કરોડોનો વેપાર બિઝનેસ કરતા સુરતના વેપારીઓ, ઉદ્યોગકારોની ક્ષમતાને જાણી પિછાણી ભારત સરકારે ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર કરી, સુરતના લોકોમાં ભરપૂર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. નીતી આયોગના આ માસ્ટર પ્લાનના અમલીકરણ થકી સુરત રિજિયન, દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બની રહેશે.

ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન વિશે વિસ્તૃત વિગતો આપતા નીતિ આયોગના સી.ઈ.ઓ. બી.વી.આર. સુબ્રમણ્યમે જણાવ્યું હતું કે, સુરત અને આસપાસના પાંચ જિલ્લાઓમાં આર્થિક વિકાસની આગવી તકો રહેલી છે. સુરત આર્થિક ક્ષેત્ર પાસે સમતોલ વિકાસની પૂર્ણ ક્ષમતા અને લાયકાત છે. નીતી આયોગ દ્વારા ગુજરાત સરકાર, સુરત સ્થાનિક પ્રશાસન સાથે મળીને ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન બનાવવામાં કેટલાક દિવસો નહીં, પરંતુ સતત એક વર્ષની મહેનત અને મંથન કરાયું છે. પોટેન્શ્યલ ગ્રોથ ડ્રાઈવર તરીકે સુરત પ્રદેશ ન માત્ર ગુજરાત બલકે ભારતના વિકાસમાં સીમાચિહ્નરૂપ યોગદાન આપશે.

રાજ્યના મુખ્ય સચિવ રાજકુમારે પ્રાસંગિક ઉદબોધન કરતા કહ્યું કે, ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાનના અમલીકરણ બાદ સુરત રિજિયનનો વિકાસ દર રાજ્યના ઓવરઓલ વિકાસ દર કરતા પણ વધી જશે. સુરતને ગ્રોથ હબ તરીકે વિકસાવવા માટે આગામી ૫૦ વર્ષના વિઝન સાથેના આ ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાનમાં આર્થિક, સામાજિક, ઔદ્યોગિક, શૈક્ષણિક, રોડ કનેક્ટિવિટી વિવિધ વિકાસલક્ષી માપદંડોનો આધાર લેવામાં આવ્યો છે. ■

# ભાદરવી પૂનમે અંબાજી ખાતે મહામેળામાં ૩૨.૫૪ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ 'મા અંબા'ના કર્યા દર્શન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૫૧ શક્તિપીઠમાંથી એક શક્તિપીઠ ગુજરાતના અંબાજી ખાતે આવેલી છે. આ શક્તિપીઠમાં ૧૭૦ વર્ષથી જૂની ચાલતી પરંપરામાં આજે પણ લાખોની સંખ્યામાં ભક્તો દૂર દૂરથી પગપાળા આવે છે અને માં અંબેના દર્શન કરી ધન્યતા અનુભવે છે. દર વર્ષે અંબાજી ખાતે ભાદરવી પૂનમે મહામેળાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે તા. ૧૨ થી ૧૮મી સપ્ટેમ્બર સુધી યોજાયેલ આ મહામેળામાં અંદાજે ૩૨.૫૪ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ માં અંબાના દર્શનનો લાભ લીધો હતો, જ્યારે, અંદાજે ૬૧ હજારથી વધુ ભક્તોએ ઉડનખટોલાના માધ્યમથી 'ગબ્બરે જ્યોત'ના દર્શન પણ કર્યા હતા. આ ઉપરાંત આ વર્ષે મેળામાં જગતજનની માં-અંબેના ચરણોમાં અંદાજે રૂ. ૨.૬૬ કરોડથી વધુની રોકડ અને ૫૦૦ ગ્રામથી વધુના સોનાનું દાન પણ માઈ-ભક્તોએ કર્યું છે.

ભાદરવી પૂનમે દૂર દૂરથી લોકો અહીંયા પગપાળા સંઘમાં અથવા વાહનોમાં 'માં અંબે'ના દર્શન કરવા આવે છે. ત્યારે 'બોલ મારી અંબે, જય જય અંબે'ના નાદથી અંબાજીની ગિરિમાળાઓ ગૂંજી ઊઠી હતી. પદયાત્રીઓ અને લાખો શ્રદ્ધાળુઓ માટે વિવિધ માર્ગોમાં સેવાભાવી નાગરિકો- સંસ્થાઓ દ્વારા વિનામૂલ્યે ભોજન પ્રસાદીની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.

રાજ્યના વહીવટી તંત્ર દ્વારા ભાદરવી પૂનમના મહામેળામાં સુરક્ષા, ભોજન, મેડિકલ, શુદ્ધ પાણી, રહેવા માટે ડોમની સુવિધા તેમ જ અંબાજીથી પરત વતન જતા પદયાત્રીઓ માટે વધારાની એસ.ટી. બસની વિશેષ સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. ભાદરવી પૂનમના મેળામાં રાજ્ય સરકાર અને દાતાશ્રીઓના સહયોગથી વિશાળ ભોજન પંડાલ બનાવવામાં આવ્યા હતા, જેમાં અંદાજે ૫.૧૯ લાખથી વધુ યાત્રાળુઓએ વિનામૂલ્યે ભોજનનો લાભ લીધો હતો. જ્યારે, પગપાળા આવતા યાત્રાળુઓને આરામ કરવા માટે ત્રણ વિશાળ ડોમ બનાવ્યા હતા, જે અંતર્ગત, જૂના કૉલેજ ગ્રાઉન્ડમાં ૨૨,૫૫૬, કામાક્ષી ડોમમાં ૩૨,૫૨૦ તેમ જ પાંચા ડોમમાં ૧૬,૮૭૭ માઈ ભક્તોની વિસામાની વ્યવસ્થા કરી હતી. આમ કુલ ૭૨ હજાર જેટલા ભક્તોએ આ સુવિધાનો લાભ લીધો હતો.

આ મહામેળા દરમિયાન અંદાજે ૨૦ લાખથી વધુ ભક્તોએ મોહનથાળ-ચીકીના પ્રસાદનો લાભ લીધો હતો. ઉપરાંત કોઈ પણ નાગરિકને ભાદરવી પૂનમના મેળા દરમિયાન અથવા તેના પછી તેમના વતન પરત જતા બસની અસુવિધા ના થાય તેવા ઉમદા આશયથી વધારાની એસ.ટી. બસો શરૂ કરવામાં આવી હતી. જેમાં માત્ર સાત દિવસમાં એસ.ટી. બસોની કુલ ૧૧,૪૫૫ ટ્રીપો દ્વારા ૫.૦૪ લાખથી વધુ માઈ ભક્તોને સલામત રીતે તેમના વતન પહોંચાડ્યા હતા. ■

# સુરતમાં લેપ્ટોસ્પાઈરોસિસથી વૃદ્ધાનું મોત થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃદક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને સુરત નવસારી અને વલસાડ જિલ્લાઓમાં દર વર્ષે ફેલાતા લેપ્ટોસ્પાઇરોસિસના રોગચાળાએ છેલ્લા કેટલાક મહિનાઓથી આ જિલ્લાઓમાં દેખા દીધી છે. સુરત શહેરમાં લેપ્ટોસ્પાઈરોસિસના કારણે ૬૦ વર્ષીય વૃદ્ધ મહિલાનું મોત નીપજ્યું હતું. વૃદ્ધાની છેલ્લા પાંચ દિવસથી સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. જ્યારે માંડવીના એક આધેડ પણ લેપ્ટોસ્પાઈરોસિસની બીમારીમાં સપડાતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દક્ષિણ ગુજરાતમાં કુલ ૧૩ કેસ અને ત્રણ દર્દીઓનાં મોત થયાં હોવાનું જાણવા મળ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર સુરતના આંજણા વિસ્તારમાં રહેતી ૬૦ વર્ષીય વૃદ્ધ મહિલાને લેપ્ટોસ્પાઈરોસિસના કારણે પાંચ દિવસ પહેલા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવી હતી આ ઉપરાંત બમરોલી વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષીય યુવકને પણ લેપ્ટોસ્પાઈરોસિસ જણાતા સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. દરમ્યાન વૃદ્ધ મહિલા વેન્ટીલેટર પર સારવાર લઇ રહ્યાં હતાં જ્યાં તેઓનું બુધવારે સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. ■

# અમદાવાદમાં આશ્રમ શાળામાં વિદ્યાર્થિની સાથે અડપલાં કરનારા રસોઈયાની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના નવા નરોડામાં એક આશ્રમ શાળામાં વિદ્યાર્થિની સાથે શારીરિક અડપલાં કરીને માનસિક ત્રાસ આપનારા રસોઈયાની પોલીસે ધરપકડ કરી હતી. આરોપીની હેરાનગતિથી કંટાળીને સગીરાએ આશ્રમના ધાબા પરથી પડતું મૂકીને આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું પણ કહેવાય છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના તાજેતરમાં નવા નરોડાની આશ્રમ શાળાના ધાબા પરથી ૧૫ વર્ષની સગીરાએ પડતું મૂકીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ સગીરાને ઇજાગ્રસ્ત અને બેભાન અવસ્થામાં સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સગીરાને ભાનમાં આવતા પોલીસે નિવેદન લેતા રસોઈયા વિજય સોલંકીની કરતુતનો ભાંડો ફૂટ્યો હતો. આરોપી સગીરાની એકલતાનો લાભ લઈને તેની સાથે શારીરિક છેડછાડ કરતો હતો. જેથી કંટાળીને સગીરાએ આ પગલું ભર્યું હતું. પોલીસે છેડતીનો ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરી હતી.

પોલીસ તપાસમાં એવું ખુલ્યું હતું કે સગીરાનું માતાના અવસાન બાદ તેના પિતાએ અન્ય મહિલા સાથે લગ્ન કરી લીધા હતા. જેથી સગીરાના પરિવારે આશ્રમમાં ધોરણ ૮માં અભ્યાસ માટે એડમિશન લીધું હતું.

પરંતુ દોઢ માસ દરમ્યાન આશ્રમ શાળામાં રસોઈયા તરીકે કામ કરતો આરોપી વિજય સોલંકી સગીરાને હેરાન કરતો હતો. અને સગીરાને એકલી જોઈને શારીરિક અડપલાં કરતો હતો. જેથી છેલ્લા ઘણા સમયથી સગીરા તેના ભાઈ ભાભી અને બહેનને આ આશ્રમ શાળામાં અભ્યાસ નહિ કરવો હોવાનું જણાવીને ઘરે લઈ જવા માટે જણાવતી હતી. પરંતુ પરિવારે તેની વાત માની નહતી. અને આરોપી વિજય સોલંકી સગીરાને શારીરિક છેડછાડ કરીને માનસિક હેરાન કરી રહ્યો હતો. જેથી સગીરાએ કંટાળીને આપઘાત કરવાનો નિર્ણય લીધો હતો. હાલમાં સગીરા હૉસ્પિટલમાં સારવાર લઈ રહી છે.

પોલીસે છેડતી અને પોકસો હેઠળ ગુનો નોંધીને આરોપી વિજય સોલંકીની ધરપકડ કરી છે. પોલીસે મેજિસ્ટ્રેટની હાજરીમાં સગીરાનું નિવેદન નોંધ્યું છે. આ આરોપીએ અન્ય કોઈ વિદ્યાર્થિનીઓ સાથે આવું કોઈ કૃત્ય કર્યું છે કે નહીં તે મુદ્દે વધુ પૂછપરછ શરૂ કરી છે. ■

# એસીપીના કમાન્ડોની પિસ્તોલ ચોરી કરી ફરાર થયેલો શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના એસીપીના કમાન્ડોની પિસ્તોલ ચોરી કરી ફરાર થયેલો શખ્સ આખરે પોલીસના હાથે ઝડપાઇ ગયો હતો તેણે આર્થિક તંગી હોવાથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

મળતી માહિતી મુજબ ગત ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ઈદે મિલાદના તહેવાર અનુસંધાને સલાબતપુરા વિસ્તારમાં મગદુમનગર રેલવે ગરનાળાની બાજુમાં આવેલી પીર અબ્દુલ નબી દરગાહ પાસે એસીપી જે.એ.પઠાણ તથા તેમના કમાન્ડો બંદોબસ્ત અંતર્ગત પેટ્રોલિંગમાં હતા. આ દરમિયાન સાંજના ૬ વાગ્યાની આસપાસ દરગાહની બહારના ભાગે રોડ પર ખૂબ જ ભીડ હોય આ ભીડનો લાભ લઇ કોઈ અજાણ્યો ઇસમ કમાન્ડો નીલેશભાઈ પટેલના કમર પર હોલેસ્ટરમાં લગાવેલી ૧૦ કારતૂસ સાથેની પિસ્તોલ ચોરી કરી ફરાર થઇ ગયો હતો.

પિસ્તોલની શોધખોળ બાદ પણ નહીં મળી આવતા આ સમગ્ર મામલે સલાબતપુરા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. બીજી તરફ સુરત ક્રાઈમ બ્રાંચની ટીમ પણ આ મામલે તપાસમાં જોડાઈ હતી. આ દરમિયાન સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે લિંબાયત વિસ્તારમાંથી ૨૮ વર્ષના આરોપી નસીમ અખ્તર મોહંમદ કલીમ અંસારીને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી તમામ કારતૂસ અને પિસ્તોલ કબજે લીધી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીની પૂછપરછ કરતા આરોપી પોતે સતત આર્થિક તંગીમાં હોવાથી કોઈ ગુનો કરી પૈસા કમાવવા પિસ્તોલનો ભવિષ્યમાં ઉપયોગ થઇ શકે તે માટે ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. વધુમાં આરોપી સામે અગાઉ લિંબાયત પોલીસ દ્વારા અલગ અલગ સમયે પાંચ વખત અટકાયતી પગલાં પણ લેવાયા હતા તેમ જ અગાઉ તે લિંબાયત પોલીસ મથકમાં મોબાઈલ ચોરીના ગુનામાં પણ ઝડપાઈ ચુક્યો છે. ■


# કોટડા(ચકાર) ખાતેનો ભાતીગળ મેળોઃ ભેડ માતાજીના મંદિરે શીશ ઝુકાવવા આવ્યા ઊંટોનાં ધાડાં


(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રણપ્રદેશ કચ્છમાં આ વર્ષે શ્રીકાર વરસાદ થતાં કચ્છના લોકોમાં,ખેડૂતોમાં અને પશુપાલકોમાં અનેરો આનંદ ફેલાયો છે. આમ તો સમગ્ર ગુજરાતમાં સારા વરસાદને પગલે ઠેર-ઠેર મેળા-મલા ખડા પણ યોજાઈ રહ્યા છે.માણસો જો મેળા ઉજવે તો પશુઓ કેમ નહિ?આવી ભાવના કચ્છના રબારી સમાજમાં છે અને તેથી જ,કોઈ માને કે ન માને,કચ્છમાં એક ભાતીગળ મેળો એવો છે જે રણના વાહન સમા ઊંટ મહાશયોને સમર્પિત કરાયો છે.

ભુજ તાલુકાના કોટડા(ચકાર) ગામની મુંદરા પટ્ટીમાં આવેલા મોટા બંદરા નજીકના ભેડિયા ડુંગર પર બિરાજતા મોમાય માતાજી જેને લાડમાં માલધારીઓ ભેડ માતાજી તરીકે ઓળખે છે અને આ સ્થળે યોજાતો મેળો ઊંટો માટે સમર્પિત છે. દર વર્ષે ભાદરવા મહિનાની ચૌદશ અને અમાસ એમ બે દિવસ દરમ્યાન ભેડ માતાજીના સ્થાનકે આ ઊંટોનો મેળો યોજવામાં આવે છે.

(તસવીરોઃ ઉત્સવ વૈદ્ય)





આ મેળાની વિશિષ્ટતા એ છે કે આખું વર્ષ વફાદારીપૂર્વક પોતાના માલિક સાથે રહેતા ઊંટ-ઊંટડીને પશુપાલકો ખાસ કરીને રબારીઓ પોતાના ઊંટ-ઊંટડીને,ભેડ માતાજી સમક્ષ શીશ નમાવવા માતાજીના સ્થાનકે લઇ આવે છે.ઊંટને મંદિરમાં બિરાજમાન મોમાય માતાજીની મૂર્તિ સામે લઇ અવાય છે જયાં ખાસ બનાવાયેલા પ્લેટફોર્મ પર ઊંટ પોતાનું શીશ નમાવે છે.આ ઊંટોને કુમકુમ ચોખાના તિલક પણ કરાય છે અને તેમને નાળિયેરનો પ્રસાદ ચઢાવવામાં આવે છે.એક માન્યતા એવી છે કે, ઊંટોને મોમાય માતાજીના દર્શન કરાવવાથી તેઓ આખું વર્ષ તંદુરસ્ત રહે છે. દુષ્કાળના એ દોહલા દિવસોમાં કચ્છમાંથી હિજરત કરી ગયેલા સેંકડો રબારી પરિવારો, સારો વરસાદ થઇ જતાં કચ્છમાં પરત ફર્યા છે.આ રબારી પરિવારો જયારે હિજરત કરે છે ત્યારે કુટુંબના સભ્યો અને માલસામાનના ટ્રાન્સપોર્ટરો તરીકે આ ઊંટો જ ફરજ બજાવે છે.આ વર્ષે મેળામાં મહાલવા ઊંટોના ધણ ભેડ માતાજીના મંદિરની આસપાસ ઉમટી પડ્યા હતા.

હવે ઊંટડીના દૂધની લોકપ્રિયતા પણ વધવા પામી છે અને તેનું સારું માર્કેટિંગ શક્ય બન્યું છે તેથી અગાઉ માત્ર ઊંટો જ પાળતા પશુ પાલકો હવે ઊંટડીઓને પણ પાળતા થયા છે તેથી આ વર્ષે કોટડા ચકાર ખાતેના આ ઊંટોના મેળામાં ઊંટ જાણે સપરિવાર મહાલ્યા હતા. ■

# કચ્છમાં અંગ દઝાડતો ભાદરવી તાપઃ ભુજમાં ૩૬ ડિગ્રી મહત્તમ તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ક્લાઈમેટ ચેન્જની અસર હેઠળ પૃથ્વીના ઋતુચક્ર પર થઇ રહેલી વિપરીત અસરોથી વિશ્વભરના મોસમ વૈજ્ઞાનિકો ચિંતામાં મુકાયા છે ત્યારે ભાદરવી તાપથી બેહાલ બનેલો સરહદી કચ્છ જિલ્લો સૂર્યનારાયણ દેવના આકરા મિજાજથી ત્રાહિમામ્ પોકારી ઊઠ્યો છે.

આજે જિલ્લા મથક ભુજમાં ચામડી લાલ કરી નાખતા તાપ સાથે ૩૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આકાશમાંથી વરસાદી વાદળોએ વિદાય લઇ લેતાં આડેસરથી છેક કોટેશ્વર સુધી મહત્તમ તાપમાન લગભગ સરખું જ રહ્યું છે. ભુજ ઉપરાંત ગાંધીધામ, કંડલા, અંજાર, નખત્રાણા સહિતના મથકોમાં સૂર્યનારાયણના રૌદ્ર સ્વરૂપથી જનજીવન પ્રભાવિત થઇ રહ્યું છે.

વહેલી સવારે અનુભવાતી ગુલાબી ઠંડી શિયાળો આસપાસ હોવાનો અનુભવ કરાવે છે, જયારે બપોરે કાળઝાળ ગરમી અને મધરાત્રી બાદ ઠંડીના મિશ્ર માહોલને લીધે તાવ, શરદી અને પેટજન્ય બીમારીઓએ પણ માથું ઊંચકયું છે.

ગામડાઓમાં ઓતરા-ચીતરા (ઉત્તર- ચિત્રા) નક્ષત્રો આકરા તપે તેવી માન્યતા છે. આ સમય તૈયાર કૃષિ પાકની કાપણી જેવા ખુલ્લા આકાશ નીચે કામ કરતા ખેડૂતો પણ અસહ્ય ભાદરવી તાપથી ત્રાહિમામ પોકારી ઉઠે છે.

હવામાન વિભાગે પણ સંકેત આપ્યા છે કે, શ્રાદ્ધ પક્ષના આ સમયગાળા દરમ્યાન કચ્છ-સૌરાષ્ટ્રનું મહતમ તાપમાન ઊંચુ રહેશે, જયારે લઘુતમ તાપમાન આઠેક ડિગ્રી જેટલું નીચુ રહેશે. હાલ વરસાદની શકયતા નહીંવત છે. ■

# નવરાત્રીમાં પોલીસનો એકશન પ્લાનઃ ગરબા સ્થળે ટ્રેડિશનલ ડ્રેસમાં રાખશે ચાંપતી નજર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃગુજરાતમાં ખાસ કરીને અમદાવાદ સહિતનાં મહાનગરોમાં નવરાત્રી દરમિયાન ગરબે ઘૂમવા જતી યુવતીઓ માટે રોડછાપ રોમિયોનો ઉત્પાત વધી જતો હોય છે. દર વખતે અમદાવાદ શહેર પોલીસ દ્વારા આવા છેડતીખોરો અને રોડ છાપ રોમિયો પર નજર રાખવા માટે ખાસ ટીમ તૈયાર રાખવામાં આવે છે. આ વખતે પણ મહિલા ક્રાઇમ બ્રાન્ચ દ્વારા શેરી ગરબા અને અન્ય ગરબા સ્થળો પર મહિલા અને પુરુષ એમ બન્ને પોલીસ કર્મીઓ ગરબા રમવા માટેના પરંપરાગત ડ્રેસ પહેરીને નજર રાખશે.

પોલીસ દ્વારા શેરી ગરબાની વિગત એકઠી કરવાનું શરૂ કરવામાં આવ્યું છે. શહેરના તમામ પોલીસ સ્ટેશનમાં 'સી' ટીમ તૈનાત કરવામાં આવશે. પાર્ટી પ્લોટ શેરી ગરબામાં સીસીટીવી ફરજિયાત રાખવામાં આવશે. સીસીટીવી દ્વારા નવરાત્રીમાં પોલીસ ચાંપતી નજર રાખશે. રોડ તરફ કેમેરા ન હોય ત્યાં કેમેરા લગાવવા સૂચના આપવામાં આવી છે. ટ્રેડિશનલ ડ્રેસમાં ફરતા અસામાજિક તત્ત્વો યુવતીઓને હેરાન કરતા જોવા મળતા હોય છે. જે તત્ત્વોને હવે પોલીસ પાઠ ભણાવશે.

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના એસીપી હિમાલા જોશી દ્વારા આ મુદ્દે જણાવવામાં આવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં આગામી દિવસોમાં નવરાત્રી તહેવારની ઉજવણી દરમ્યાન અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મહિલા પોલીસની ટીમ તૈયાર કરવામાં આવી છે. જેમાં મહિલા પોલીસ સ્ટેશન પૂર્વ, પશ્ચિમ, તેમ જ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સ્થાનિક પોલીસ સ્ટેશન પાસેથી કઈ જગ્યાએ ગરબાનું આયોજન થવાનું છે તેની માહિતી એકત્રિત કરશે. ગરબા સ્થળની આજુબાજુમાં સીસીટીવી લાગેલા છે કે કેમ તે ચેક કરવામાં આવશે. ચાર રસ્તા તેમજ જયાં અંધારુ વધારે હોય તેવા રસ્તાઓ પર પોલીસની ખાસ નજર રહેશે. તેમજ પોલીસની 'સી' ટીમ ટ્રેડિશનલ ડ્રેસમાં લોકો સાથે ગરબા રમશે.

એસીપીએ વધુમાં જણાવ્યું કે, કોઈ વ્યક્તિ કોઈનો પીછો કરતો હશે અથવા મોબાઈલમાં મેસેજ કે ફોન કરતો હશે તો યુવતીએ મહિલા પોલીસને ખાસ જાણ કરવી જોઈએ જેથી પોલીસ આ બાબતે યોગ્ય પગલાં ભરી શકે. આ બાબતે અમે જાગૃતિ ફેલાવી રહ્યા છે કોઈ યુવતીને કોઈ હેરાન કરતું હોય તો યુવતીએ તાત્કાલિક જાણ કરવી જોઈએ. તેમજ નવરાત્રી દરમ્યાન ૧૮૧ પર કેટલા ફોન આવ્યા તેનું પણ મોનિટરીંગ કરવામાં આવશે. ■

# ભરૂચ નજીક ટ્રક અને કાર વચ્ચે અકસ્માત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃભરૂચના આમોદમાં દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું, જ્યારે ચાર લોકો ઘાયલ થતા તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં કારનો ભુક્કો બોલી ગયો હતો.

કારમાં સવાર લોકો ભાવનગરથી સુરત જઈ રહ્યા હતા તે દરમિયાન આમોદના માતર અને સુઠોદરા ગામ વચ્ચે એક્સપ્રેસ રોડ ઉપર અકસ્માત સર્જાતા કારમાં બેઠેલા ભાવનગરના વારુકદ ગામના દિનેશભાઈ વીરુભાઈ નામના યુવાનનું મોત થયું હતું. કારનું ટાયર ફાટતા તે ટ્રક સાથે ધડાકાભેર ટકરાઇ હતી. કારમાં સવાર બીજા ચાર લોકો ઘાયલ થતા તેમને તત્કાળ હૉસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા, આ તમામ લોકો ભાવનગર જિલ્લાના હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું હતું. આ સમગ્ર મામલે આમોદ પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ■

# જૂનાગઢ ભાજપમાં આંતરકલહ ચરમસીમાએઃ જવાહર ચાવડાએ લેટર બૉમ્બથી જોર બતાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃજૂનાગઢ જિલ્લાની માણાવદર બેઠક પરથી વર્ષો સુધી કૉંગ્રેસમાં જીતતા રહ્યાં બાદ આખરે ભાજપમાં જોડાઇને પ્રધાનપદુ મેળવ્યા પછી યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કૉંગ્રેસના ઉમેદવાર સામે હારી ગયેલા જવાહર ચાવડા કોરાણે મુકાવાનો રોષ છેલ્લા ઘણા મહિનાઓથી વારે તહાવારો કાઢતા રહ્યાં છે. જૂનાગઢની માણવદર બેઠકની ચૂંટણીમાં પણ તેમને હરાવનારા કૉંગ્રેસી ધારાસભ્ય પણ ભાજપમાં જોડાઇને ફરીથી ભાજપના ધારાસભ્ય બની ગયા બાદ મૂળ કૉંગ્રેસી જૂથ ઘણા મહિનાઓથી જિલ્લામાં બળવાનો મૂડમાં છે. જવાહર ચાવડાએ ફરી એકવાર પત્ર લખીને ભાજપના જ પદાધિકારીઓ સામે રોષ ઠાલવ્યો છે.

તેમના વાઇરલ થયેલા આ પત્રમાં વંથલીના દિનેશ કટારિયા, ટીનુભાઈ ફળદુનો ઉલ્લેખ તથા જૂનાગઢના નિલેશ ધુલેશિયાના નામનો પણ ઉલ્લેખ છે. તેમજ જિલ્લા પ્રમુખ કિરીટ પટેલે સહકાર આપ્યાનો આરોપ છે. આ આગેવાનોએ પાર્ટી વિરુદ્ધમાં કામમાં સહકારનો આરોપ છે. ૨૦૧૯માં માણાવદર બેઠક પરની પેટા ચૂંટણીમાં ભાજપને નુકસાન કરનાર નેતાઓ અંગે પત્રમાં લખ્યું છે. જૂનાગઢ જિલ્લા ભાજપમાં આંતરિક કલહ જોવા મળ્યો છે. જેમાં આંતરિક કલહ હવે પત્રમાં બહાર આવ્યો છે. જવાહર ચાવડાએ અગાઉ વડા પ્રધાનને પત્ર લખ્યો હતો. તેમાં ભાજપનું કાર્યાલય ગેરકાયદે રીતે બન્યાનો આરોપ મૂક્યો હતો. તેમજ જિલ્લા પ્રમુખ કિરીટ પટેલ સામે ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા હતા. તેમ જ કિરીટ પટેલ ભ્રષ્ટાચારી હોવાનો જૂનાગઢમાં પૂર માટે કિરીટ પટેલને જવાબદાર ઠેરવ્યા હતા. જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ પર આક્ષેપ થયા છે. છેલ્લા નવ વર્ષથી એક જ હોદ્દા પર અને સ્થાન પર રહી દુરુપયોગ કરે છે. જૂનાગઢ ભાજપનો આંતરિક વિવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. જેમાં અગાઉ સાવજ ડેરીના ચેરમેન દિનેશ ખટારીયાના પ્રહારો સામે આવ્યા હતા. તેમાં પૂર્વ કેબિનેટ પ્રધાન જવાહર ચાવડા સામે ગંભીર આક્ષેપ થયા હતા. દિનેશ ખટારીયાએ જણાવ્યું હતું કે જવાહર ચાવડાએ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી છે. તેમાં કમળ હટાવીને પોતે પક્ષ વિરોધી પ્રવૃત્તિ સાબિત કરી છે. તમે ચૂંટણીઓ હાર્યા ત્યારે તમારી લોકપ્રિયતા ક્યાં હતી. લોકસભાની વિધાનસભા ૨૦૨૪ માટે સંમેલન બોલાવ્યું હતું. તમે ચૂંટણીઓ હારી ગયા ત્યારે તમારી લોકપ્રિયતા ક્યાં હતી. કમળનું બેનર હટાવીને પોતે પક્ષ વિરોધી પ્રવૃત્તિ સાબિત કરી છે. લોકસભાની ચૂંટણીઓ પૂરી થઈ ત્યારે પોરબંદર લોકસભા ક્ષેત્રમાં ભાજપમાં ભડકો જોવા મળ્યો હતો. ■

# અંધેરીમાં આશુ પટેલ અને સુભાષ ઠાકરનાં પુસ્તકોનાં લોકાર્પણનો કાર્યક્રમ

મુંબઈ: નવભારત સાહિત્ય મંદિર-મુંબઈ દ્વારા ભવન્સ કલ્ચરલ સેન્ટર અંધેરીના સહયોગથી લેખકો આશુ પટેલનાં સાત પુસ્તકો તથા સુભાષ ઠાકરનાં ત્રણ પુસ્તકો, એમ એક સાથે દસ સુંદર પુસ્તકોનાં લોકાર્પણનો કાર્યક્રમનું આયોજન કરાયું છે. સાથે સાથે ન કલ્પી શકાય તેવા વિવિધ મનોરંજનનો કાર્યક્રમ પણ શનિવાર, તા. ૨૧-૦૯-૨૦૨૪ના રોજ સાંજે ૬.૦૦ કલાકે એસ. પી. જૈન ભવન્સ કલ્ચરલ સેન્ટર, અંધેરી ખાતે યોજાશે. આમા જાણીતા કલાકારો નવીન પ્રભાકર, ભૂપેશ દવે, સુનિલ સોની, રાજેન્દ્ર ગઢવી તથા હાસ્ય લેખક-કલાકાર સુભાષ ઠાકર મહેફિલ જમાવશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આરજે લજ્જા કરશે. પ્રવેશ નિ:શુલ્ક: વહેલો તે પહેલોનાં ધોરણે રહેશે, એમ એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

# વિદ્યાર્થીઓની પ્રથમ પસંદગી આઈઆઈટી મુંબઈ: જેઈઈમાં ટોચના ૧૦૦ વિદ્યાર્થી પૈકી ૭૨નો પ્રવેશ

મુંબઈ: દેશભરની શૈક્ષણિક સંસ્થાની રેંકિંગ નક્કી કરતું એનઆઈઆરએફની યાદી અનુસાર આઈઆઈટી ચેન્નઈએ ભલે પહેલું સ્થાન મેળવ્યું હોય, તેમ છતાં દેશઆખાની પ્રજ્ઞાવંતોમાં જોકે આઈઆઈટી મુંબઈ જ અવ્વલ હોવાનું દેખાડી દીધું છે. આઈઆઈટીમાં પ્રવેશ માટે દેશના સ્તરે લેવામાં આવતી જેઈઈ પરીક્ષામાં અવ્વલ ૧૦૦ સ્થાન પામેલા વિદ્યાર્થી પૈકી ૭૨ વિદ્યાર્થીઓએ પહેલી પસંદગી આઈઆઈટી, મુંબઈને આપીને પ્રવેશ નિશ્ચિત કર્યો છે. પ્રથમ ૧૦૦૦ છોકરાઓ પૈકી અંદાજે પચીસ ટકા, એટલે કે ૨૪૬ વિદ્યાર્થીઓએ આઈઆઈટી, મુંબઈમાં પ્રવેશ નિશ્ચિત કરીને ગુણવત્તાસભર શિક્ષણ બાબતે આઈઆઈટી, મુંબઈનો કોઇ વિકલ્પ જ ન હોવાનું દાખવ્યું છે. દેશના જ નહીં, પણ માનવજાતિના વિકાસમાં પણ મૂલ્ય વધારનાર રિસર્ચ આઈઆઈટી મુંબઈમાં જ છે. આઈઆઈટી મુંબઈનો દબદબો વૈશ્વિક સ્તરે છે એ વિવિધ વૈશ્વિક રેંકમાં દેખાઈ આવ્યો છે. આ જ દબદબો હવે પ્રવેશના માધ્યમથી પણ દેખાયો છે. આઈઆઈટી મુંબઈમાં પ્રવેશ લેવા માટે વિદ્યાર્થી મોટા પ્રમાણમાં ઉત્સુક હોવાનું સ્પષ્ટ થયું છે. હાલમાં થયેલી પ્લેસમેન્ટ અનુસાર આઈઆઈટી, મુંબઈમાં ડિગ્રી લીધેલા વિદ્યાર્થીઓ સરેરાશ ૨૩.૫૦ લાખ રૂપિયાનો વાર્ષિક પેકેજ મેળવી રહ્યા છે.

# ગિરગામ ચોપાટી પર ડ્રોન ઉડાવવા બદલ પાંચ જણ સામે ગુનો

મુંબઈ: ગણેશોત્સવ દરમિયાન ગિરગામ ચોપાટી પર પરવાનગી વિના ડ્રોન ઉડાવવા બદલ પાંચ જણ વિરુદ્ધ ડી.બી. માર્ગ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો. પોલીસે આ કાર્યવાહીમાં ત્રણ ડ્રોન જપ્ત કર્યાં હતાં. બીજી તરફ વિસર્જન જોવા માટે આવેલા ૫૮ લોકો ખોવાયા હતા, જેમાં ૩૯ બાળકોનો સમાવેશ હતો. તેમને શોધી કાઢી પરિવારજનોને સોંપાયા હતા.

ગણેશોત્સવમાં પરવાનગી વિના ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો અને આ અંગે આદેશ પણ જારી કરાયો હતો. જોકે ગિરગામ ચોપાટી પર શૂટિંગ માટે ડ્રોન ઉડાવવા બદલ ડી.બી. માર્ગ પોલીસે પાંચ જણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

પહેલી કાર્યવાહીમાં પોલીસ કોન્સ્ટેબલને ગિરગામ ચોપાટી પર ત્રણ વ્યક્તિ ડ્રોન ઉડાવતી મળી આવી હતી. તેમની પાસે કોઇ પરવાનગી ન હોવાનું જાણવા મળ્યા બાદ બુધવારે તેમની સામે ગુનો દાખલ કરાયો હતો અને એક ડ્રોન જપ્ત કરાયું હતું. એ જ પ્રમાણે અન્ય બે જણ ડ્રોન ઉડાવતા મળી આવ્યા હતા અને પોલીસે બે ડ્રોન જપ્ત કર્યાં હતાં.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધારી નિવાસી હાલ મલાડ મૃદુલાબેન ઘેલાણી (ઉં. વ. ૭૭) મનહરભાઈ નાનાલાલભાઈના ધર્મપત્ની. તે બિનીતા, શિલ્પા, વૈશાલી, પ્રેમલના માતુશ્રી, વિજયાબેન રતીલાલ ગાંધીના પુત્રી, રિદ્ધિ, જયેશ, નીલેશ, સ્વ. મયુરના સાસુજી. મહેશભાઈ તથા મધુબેનના ભાભી. ગિરીશ, પંકજ, સ્વ. હર્ષા, રશ્મિન મોટાબેન તા. ૧૮-૯-૨૦૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કચ્છી ગુર્જર જૈન**

ગામ કચ્છ વાંકીના હાલે સાયન મુંબઈ ગં.સ્વ. કુસુમબેન અમૃતલાલ ગાંધી (ઉં. વ. ૯૦) બુધવાર, તા. ૧૮-૯-૨૦૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કિશોરભાઈ ત્થા સાધ્વીજી મુક્તિયશાશ્રીજીના માતુશ્રી. હંસાબેનના સાસુ. નીરવ, જીનલના દાદી. સ્વ. નેમીદાસભાઈ, દિનેશભાઈ, ગુલાબબેન, ચંચળબેન ત્થા વિમળાબેન, ગં. ઉર્મીલાબેન તથા જયવંતીબેનના ભાભી. ગામ કચ્છ અંજારના મણીબેન પાસવીર આસકરણ સંઘવીના સુપુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. ૧૬૪, ૫, વર્ધમાન નગર, જૈન સોસાયટી, સાયન વેસ્ટ.

**દેરાવાસી જૈન**

પાટણ નિવાસી (કનાસાનો પાડો) હાલ વાલ્કેશ્વરના ભરતભાઈ કાન્તિલાલ શાહ તા. ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના ૫ થી ૭, યશવંતરાય ચૌહાણ હોલ, જે.બી. માર્ગ, નરીમાન પોઈન્ટ, મંત્રાલયની સામે મુંબઈ. લતાબેન ભરતભાઈ શાહ, હેમાબેન-રાકેશભાઈ શાહ, સંજયભાઈ -દિપાલીબેન શાહ, ભાવનાબેન- રાજેન્દ્રકુમાર બાફના, બાબુ રાજેન્દ્રભાઈ ઝવેરીના જમાઈ, નયની, રિયા, મિહીર, મેઘલ, ખુશ્બુ, દિવ્યમ, કાન્તિલાલ નાનાલાલ શાહ.

**જામનગર વિશા ઓશવાલ જૈન**

ભાઈશ્રી દિનેશ તે સંતોકબેન ગુલાબદાસના પુત્ર (ઉં.વ. ૮૦) હાલ વિલેપાર્લા તા. ૧૮-૯-૨૪, બુધવારના અરિહંતશરણ પામેલ છે. અરુણાબેનના પતિ. રાજ તથા નીપાના પિતા. સોનુ, વિકાસના સસરા. અરવિંદ, નવીન, માનવંતીબેન, પ્રભાબેન, રસીલાબેન તથા સાધ્વીજી શુભોદયાશ્રીજીના ભાઈ. હરીલાલ કેશવલાલના જમાઈ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઝાલાવાડી દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

વઢવાણ નિવાસી હાલ કાંદિવલી વિશાલ શાહ (ઉં.વ. ૪૪) રવિવાર, તા. ૧૫-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે રેખા તથા સંજય ભાઈલાલ શાહ (નારીચાણીયા)ના સુપુત્ર. શ્રેયાના પતિ. મીરા પારસ મહેતાના ભાઈ. સ્વ. કિરીટભાઈ, વર્ષાબેન ભાસ્કરભાઈ ગોસલીયા, ડૉ. રન્નાબેન બિપિનભાઈ દોશી, નિખિલભાઈ, નીતાબેન હરેશભાઈ પારેખ તથા ચેતનના ભત્રીજા. સાસરા પક્ષે સૂરત નિવાસી અશિતભાઈ બિપિનભાઈ ઝવેરીના જમાઈ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૦-૯-૨૪ના જાસ્મીન હોલ, ચોથે માળે, રઘુલીલા મોલ, કાંદિવલી (વેસ્ટ), ૪.૦૦થી ૬.૦૦.

**વિશા ઓસવાળ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

પ્રભાસ પાટણ નિવાસી હાલ સાંતાક્રુઝ સ્વ. રમેશભાઈ મુલચંદ શાહના ધર્મપત્ની ગં. સ્વ. સુનીલાબેન (ઉં. વ. ૭૫) તા. ૧૮-૯-૨૪ના બુધવારના અરિહંતશરણ પામેલ છે. કોમલ, વિશાલના માતુશ્રી. જીગેનભાઈ ઝવેરી, શ્વેતાના સાસુ. કાવ્યાના દાદી. યશ અને દેવના નાની. સ્વ. પાનવંતીબેન છોટાલાલ ભગવાનજી ભાઈની દીકરી. ઠે. ૨-સી, લક્ષ્મીદત્ત સદન, પહેલે માળે, ૪થો ગોલીબાર રોડ, સાંતાક્રુઝ (ઈસ્ટ). (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**ઝાલાવાડી સ્થા. જૈન**

નંદરબાર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. કાંતાબેન મણીલાલ વોરાના પુત્રવધૂ કમળાબેન (ઉં. વ. ૬૫) તા.૧૭-૯-૨૪ના મંગળવારે અરિહંતશરણ પામેલ છે. તે સુરેશભાઇના ધર્મપત્ની. સંકેતભાઇના માતા, મમતાબેનની સાસુ. નંદરબાર નિવાસી સ્વ. રૂખમાબેન વિઠ્ઠલભાઇ પટેલની દીકરી. કિવીકાની દાદીમા. (લોકિક વ્યવહાર બંધ છે).

**ઘોઘારી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

પાલિતાણા નિવાસી સ્વ. જયાબેન નટવરભાઇ કપાસીના પુત્રી દિવ્યાબેન (બેબીબેન) કપાસી (ઉં. વ. ૭૬) તા. ૧૮-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કિરણભાઇ અને સ્વ. શોભનાબેનના બેન અને સ્વ. સરોજબેનનાં નણંદ લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બોટાદ નિવાસી હાલ ઘાટકોપર રસિકલાલ ચત્રભુજ મોદી (ઉં. વ. ૮૯) તે સ્વ. ઇલાબેનના પતિ. નિમેષભાઇ, સ્વ. હિતેશભાઇના પિતાશ્રી. શૈલાબેન તથા પારૂલબેનના સસરા. તે સ્વ. રતિલાલભાઇ, સ્વ. જયંતીલાલભાઇ, સ્વ. ત્રંબકલાલના નાનાભાઇ. સ્વસુર પક્ષે સ્વ. જયંતીલાલ મોહનલાલ વોરાના જમાઇ. તે નમન, પૂજન અને વત્સલના દાદા. તા. ૧૮-૯-૨૪ના બુધવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. (દેહદાન અને ત્વચા દાન કરેલ છે.)

**મચ્છુ કાંઠા વિશા શ્રીમાળી જૈન**

જૂના ઘાટીલા નિવાસી હાલ મુંબઇ ભાગ્યવંતિબેન નીમચંદભાઇ હરજીવનદાસ લોદરીયાના પુત્ર જગદીશભાઇના ધર્મપત્ની હેમાબેન (ઉં. વ. ૭૨) તા. ૧૮-૯-૨૪ના બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે કાજલ જીજ્ઞેશ પટેલ તથા માનસી જીતેન દેઢિયાના માતુશ્રી. દેવાંશ તથા પર્લના નાની. નવીનભાઇ-મંજુલાબેન, રજનીભાઇ-હંસાબેન, બિપીનભાઇ-જાગૃતિબેન, રાજેશભાઇ-રક્ષાબેન, નિલાબેન ધીરેન્દ્ર સંઘવી, રેખાબેન નરેન્દ્ર શેઠના ભાભી. પીયર પક્ષે વ્રજલાલ ચંદુલાલ મહેતાની દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના (વીંછી ફરીયો) તનુજ બિપીન વોરા (ઉં. વ. ૩૧) તા.૧૭-૯ ના અવસાન પામેલ છે. સ્વ. પન્ના બિપીન વોરાના સુપુત્ર. સ્વ.ઝવેરબેન રતનશી લાલજીના પૌત્ર. સ્મિતના ભાઈ. બિદડાના સ્વ.ગાંગબાઈ માવજી નાનજી પોલડીયાના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિ. સ્મિત વોરા. ૨૦૧, બિલ્ડીંગ નં.૧૦, નવદુર્ગા સીએચએસ વર્ધમાન નગર, કે.એમ. પી. ડી. શાળાની બાજુમાં, તુલીંજ રોડ, નાલા સોપારા (ઈસ્ટ), પીન-૪૦૧૨૦૯.

મુંદ્રાના હાલે નાગપુર અંજલી હર્ષિલ શાહ (છેડા) (ઉં. વ. ૪૦) તા. ૧૭-૯-૨૪ના અવસાન પામેલ છે. વર્ષા બિપીન, તરલા તનસુખના પુત્રવધૂ. હર્ષિલના પત્ની. સરલા રામશરણ મદાનના પુત્રી. મંજુ સંજીવ તનેજાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. બિપીન માવજી શાહ. ૫૬, વર્ધમાન નગર, નાગપુર ૪૪૦૦૦૮.

નવાવાસના પ્રવિણ ડુંગરશી વીરા (ઉં. વ. ૭૬) તા. ૧૭-૯-૨૪ ના અવસાન પામેલ છે. વેલબાઈ ડુંગરશી શીવજીના પુત્ર. પ્રભાબેનના પતિ. રેખા, જ્યોતી, પ્રીતિ, જયેશના પિતાશ્રી. જયંતિલાલ, દિનેશ, ખુશાલ, તારાચંદ, કિશોરના ભાઈ. કોટડી મહા. ખેતબાઈ મણશી શીવરાજના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રિતી મહેતા, રૂમ નં. ૨૬-એ, હબીબ મેન્સન, ૧લે માળે, બી.જે.માર્ગ, ભાયખલા (વે).

નાની ખાખરના ડો. વિનોદ વસનજી છેડા (ઉં. વ. ૮૦) તા. ૧૭-૯-૨૪ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન વસનજી પાસુભાઈ છેડાના સુપુત્ર. હેમાબેનના પતિ. દેવાંગ, જીગ્નાના પિતાશ્રી. નવિન, શાંતિલાલ, વસંત, નાની ખાખરના કસ્તુરબેન દિનેશ લખમશી, વડાલાના ભાનુમતી મુલચંદ દેવજીના ભાઈ. મોરબીના ઈન્દુબેન રમણીકલાલ પારેખના જમાઈ. પ્રા. માટુંગા ક.શ્વે.મૂ.જૈન સંઘ નારાણજી શામજી વાડી (બીજે માળે), ટા. ૪ થી ૫.૩૦. નિ. ડો. વિનોદ છેડા : બી/૫૦૧-૨, રામજસ એપા., દેવીદાસ રોડ, બોરીવલી-વે.

મોટા લાયજાના રતનબેન નાનજી સાવલા (ઉં. વ. ૮૨) તા. ૧૮-૯-૨૪ના અવસાન પામેલ છે. નાનજીભાઇ મુરજી સાવલાના ધર્મપત્ની. મેઘબાઇ મુરજી હંસરાજ સાવલાના પુત્રવધુ. મોટા લાયજા કંકુબેન પાલણ હંસરાજ છેડાના પુત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. નિ. રાજેશ ખેરાજ દેઢીયા, એ/૧૦૩, શક્તિ ટાવર, શક્તિનગર, દહીંસર (ઇ.).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાંચટેબરા નિવાસી હાલ મુલુંડ ધીરજલાલ નાગરદાસ સંઘવીના સુપુત્ર જયેશ (ઉં. વ. ૫૫) છાયાના પતિ. દેવાંગી અને આદિત્યના પપ્પા. નરેશભાઈ, રેખાબેન ભરતકુમાર સંઘવી, મિતાબેન મનીષકુમાર દેશીના ભાઇ. જાગૃતિબેનના દિયર. શ્વસુરપક્ષે નવીનચંદ્ર છોટાલાલ બેચરદાસ શાહ મેથળાવાળાના જમાઈ તા.૧૭/૯/૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા.૨૨/૯/૨૪ના ૧૦.૦૦. જીવરાજ ભાણજી સ્મારક ટ્રસ્ટ હોલ અશોક નગર મુલુંડ વેસ્ટ.

**દશાશ્રીમાળી જૈન**

રાજકોટ નિવાસી હાલ મુંબઈ (પ્રાર્થના સમાજ) અ.સૌ. શોભના (સર્યુબેન) મહેતા (ઉં. વ. ૭૪) તા.૧૭/૯/૨૪ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે કુમારભાઈ પ્રભુલાલ મહેતાના ધર્મપત્ની. અમિતભાઇ, અમીશીબેન દોશીના માતુશ્રી. અમીબેન મહેતા તથા રૂપેશભાઈ દોશીના સાસુ. કિરીટભાઈ, સર્યુબેન શેઠ, સ્વ. કીર્તીદા મહેતાના ભાઈના ધર્મપત્ની. પિયરપક્ષે ગોંડલ નિવાસી જયાબેન નાથાલાલ શેઠના સુપુત્રી. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

# હિન્દુ મરણ

**ગુર્જર ક્ષત્રિય**

નારણભાઈ દેવજીભાઈ ચોટલિયા મૂળગામ મુંબઈ (રાજુલા) હાલ પૂના નિવાસી તા.૧૬/૯/૨૪નાં શ્રીજીશરણ પામ્યાં છે, તેઓનું બેસણું તા.૨૧/૯/૨૪નાં શનિવારે ૪:૦૦ થી ૬:૦૦, સ્થળ : મામલતદારવાડી, મલાડ વેસ્ટ.

**દશા મોઢ વણિક**

સુકન્યાબેન પરીખ (ઉં. વ. ૯૯) હાલ સાંતાક્રુઝ, મંગળવાર, તા. ૧૭-૯-૨૦૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શાંતિલાલ રતીલાલ પરીખના ધર્મપત્ની. શ્રીમતી અમીના માતુશ્રી. સ્વ. ઉદ્દીત નારાયણ ચૌધરીના સાસુ તથા સ્વ. નટવરલાલ માણેકલાલ સુરતી તથા સ્વ. શાંતાબેન નટવરલાલ સુરતીના સુપુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**પંચાલ સમાજ**

ગામ મરોલીવાળા હાલ મુંબઈ સ્વ. નર્મદાબેન મોહનલાલ પંચાલના પૌત્ર હિમાંશુભાઈ (સોનુ), (ઉં. વ. ૩૪) તા. ૧૫-૯-૨૦૨૪ના શ્રી રામચરણ પામેલ છે. તે પન્નાબેન ભરતભાઈ પંચાલના પુત્ર. ભારતીબેન શાંતીલાલ, મધુરીબેન મહેશભાઈ, સ્વ. મંજુલાબેન રમેશચંદ્રભાઈના ભત્રીજા. દર્શનાબેન, કિર્તીદાબેન, રાજશ્રીબેન, કોમલબેન, દિવ્યાબેન, કુનાલભાઈના ભાઈ. મિનાક્ષીબેન ચેતનભાઈ પંચાલના ભાણેજની પ્રાર્થનાસભા તા. ૨૧-૯-૨૦૨૪ના શનિવારે ૪.૦૦ થી ૬.૦૦. પુષ્ટીકર કલ્યાણ કેન્દ્ર હોલ, પુષ્ટીકર કો.ઓ.રોડ, જોગેશ્વરી રેલ્વે સ્ટેશન પાસે, જોગેશ્વરી વેસ્ટ.

**ગોભાવા મોઢ વણીક**

મુકુલ મણીયાર (ઉં. વ. ૭૧), તે ગીરધરભાઈ ત્થા શારદાબેનના પુત્ર. કલ્પના મણીયારના પતિ. પાયલ તથા ચિંતનના પિતાશ્રી. ગૌરવકુમાર ત્થા અર્પિતાના સસરા. સ્વ. કાંતિલાલ જરીવાલાના જમાઈ તા. ૧૮-૯-૨૦૨૪ના સ્વર્ગવાસ થયેલ છે. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ કાંદિવલી રમેશચંદ્ર કેશુરદાસ મોદી (ઉં.વ. ૯૧) તે તા. ૧૭-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે અરુણાબેનના પતિ. નિલેશ-નીપા, બિના (હીના) અમિતકુમાર ચિતલીયાના પિતાશ્રી. હાર્દિક-સિમરન, હર્ષ-દિગીશા, અનવીના દાદા-નાના, સ્વ. વસંતરાય, સ્વ. અમૃતલાલ, સ્વ. ગંગાદાસભાઈ, કુમુદબેન, સ્વ. નિર્મળાબેન, હેમલતાબેનના ભાઈ. સિહોરવાળા સ્વ. નંદલાલ વલ્લભદાસ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૧-૯-૨૪ના શનિવારે ૫થી ૭ સ્થળ: કેવળબાગ, કીલાચંદ રોડ, કાંદિવલી ફ્લાય ઓવરની નીચે, કાંદિવલી (વેસ્ટ). લૌકિક પ્રથા બંધ છે.

**મોઢ વણિક**

હળવદ નિવાસી હાલ બોરીવલી સ્વ. પ્રભાબેન નંદલાલ ફુલચંદ પરીખનાં પુત્રવધૂ. અ.સૌ. સુનિતાબેન (ઉં.વ. ૬૨) તા. ૧૭-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે જયંતભાઈના ધર્મપત્ની. ગં.સ્વ. પ્રફુલ્લાબેન મહાસુખલાલ શાહનાં સુપુત્રી. જિનીતનાં માતુશ્રી. અમિતા નેમચંદભાઈ ગાલાનાં સાસુ. મિરોનાં દાદી. ઠે: ૨૦૦૪, હાર્મની સોસાયટી, એ-વિંગ, પાવનધામ પાસે, મહાવીર નગર, કાંદિવલી (વે). પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**વૈષ્ણવ વણિક વાયડા**

કચ્છ માંડવી નિવાસી હાલે મુંબઈ ગં.સ્વ. રમીલાબેન શાહ (ઉં.વ. ૭૧) તે સ્વ. ભોગીલાલ ભગવાનદાસ શાહના ધર્મપત્ની. ગં.સ્વ. રૂક્ષ્મણીબેન ખેંગારના પુત્રવધૂ. શૈલેષભાઈ, સમીરભાઈ અને અ.સૌ. દિપાલીબેનના માતુશ્રી. અ.સૌ. સપનાબેન, અ.સૌ. બંસરીબેન અને મનીષભાઈના સાસુ. અભિક અને મિહિરના દાદી. દિનેશભાઈ અને પ્રફુલભાઈના ભાભી તા. ૧૭-૯-૨૪નાં મુંબઈ મધ્યે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૯-૨૪ (શુક્રવાર) ૫થી ૬ સ્થળ: સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (પશ્ચિમ).

**કચ્છી લોહાણા**

સ્વર્ગીય શ્રી નરોતમભાઈ વેલજી જોબનપુત્રા (ઉં. વ. ૯૧) ગામ કચ્છ તુણા હાલ સાંતાક્રુઝ તે રમાબેનના પતિ. સ્વ. કેશવકાંત ભાઈના નાના ભાઈ. સ્વ. પ્રદીપભાઈ પંકજભાઈ. વસંતબેન પુષ્પાબેનના ભાઈ. અરૂણ અને મીનાના પિતા. જયશ્રીના સસરા. પરશોતમ તુલસીદાસ બડીયા ગામ સુમેરી રોહા (નાગરેચા)ના જમાઈ. તા. ૧૭/૯/૨૪ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થના સભા રાખેલ નથી.

**કંઠી ભચટિયા**

ગામ જામનગર હાલમાં અંધેરી નવિનચંદ્ર રણછોડદાસ આશર (ઉં. વ. ૮૬) તે સ્વ. મંજુલાબેનના પતિ. તે સ્વ. પ્રતાપ આશર, દેવેન્દ્ર તથા રજનીબેનના મોટાભાઈ. તે રાજીવ, શ્રીમતી મનીષા તથા તેજસના પિતા તા. ૧૭.૯.૨૪ મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. (લૌકિક વ્યવહાર બંધ છે). ટેલિફોન કોન્ટેક સમય ૪ થી ૫.

**ઝાલાવાડી સઈ-સુતાર**

મૂળ ગામ મૂળી હાલ સાયન, મુંબઈ શ્રી કિશોર ચાનપુરા (ઉં. વ. ૫૫) તે ગં. સ્વ. કંચનબેન ઝવેરદાસ ચાનપુરાના પુત્ર. ભાવીનીના પતિ. ગં. સ્વ. નિર્મળાબેન નંદલાલ સોલંકીના જમાઈ. સંજય, સુનીતા દિપક ચૌહાણ, જીજ્ઞાના ભાઈ. હેમાલીના જેઠ ગુરુવાર તા. ૧૯/૯/૨૪ના અક્ષરનિવાસી થયેલ છે. પ્રાર્થનાસભા શનિવાર તા. ૨૧/૯/૨૪ના ૫થી ૭. પ્રાર્થના સ્થળ: મુરલીધર હોલ, ૨જે માળે, પ્લોટ નં. ૨૦૨, રામ મિલન શુકલા માર્ગ, સાયન (ઈસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાશ્રીમાળી વણિક**

ગોધરા નિવાસી હાલ પાર્લા નલિનીબેન દેસાઈ (ઉં. વ. ૭૪) મંગળવાર, તા.૧૭/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. કિરણભાઈના પત્ની. વિશાલ- બિન્દ્રાના માતા. જીજ્ઞાબેનના સાસુ. જશ તથા વિયાનના દાદી, તનયાના નાની. લૌકીક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ મહુવાવાળા, હાલ કાંદિવલી, જયંતિભાઈ પીઠવા (ઉં. વ. ૮૨) તા.૧૭/૯/૨૪ મંગળવારના સ્વર્ગવાસ પામ્યા છે. તે સ્વ.કાશીબેન કુવરજીભાઈ પીઠવાના દિકરા. સ્વ.લાભુબેન તથા ભાનુબેનના પતિ. નીરજ, હર્ષીલ, વૃષભના પિતાશ્રી. રશ્મિ તથા વિક્તીના સસરા. તે રામભાઈ જીવાભાઈ સોલંકી, પરસોતમભાઈ માલાભાઈ વાઘેલાના જમાઈ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા.૨૦/૯/૨૪ના ૫ થી ૭, લુહાર સુથાર જ્ઞાતિ મંડળ, વિશ્વકર્મા ચોક, કાર્ટર રોડ નંબર ૩, બોરીવલી (ઈસ્ટ).

**અનાવિલ**

ગામ મોરાભાગડા, જિલ્લો વલસાડ, હાલ વિરાર નિવાસી દિપક દેસાઇ (ઉં. વ. ૬૨) તે સ્વ. ઠાકોરભાઈ ફકીરભાઈ, સ્વ. નિર્મળાબેન ઠાકોરભાઈના પુત્ર. શોભા ધનસુખ દેસાઇ, આશા મહાદેવ દેસાઇ, ચેતના અતુલ દેસાઇના ભાઈ. માલેસભાઈ અને હર્ષાના પિતરાઇ ભાઈ. હર્ષ, વિરલ, નેહલ, પૂનમ હિતેશ દેસાઇ, નિશાંત, નિરાલી, અમીના મામા તા.૧૭/૯/૨૪ના અવસાન પામ્યા છે. લૌકીક રિવાજ બંધ છે.

**લુહાર સુથાર જ્ઞાતિ**

ગામ કાંધી હાલ મલાડ બાલુભાઈ અરજણભાઈ પરમારના ધર્મપત્ની અ.સૌ. મંજુલાબેન (ઉં. વ. ૭૬) મંગળવાર, તા.૧૭/૯/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે જીતેન, સ્વ.પ્રવિણ, ઉર્મિલાબેન ચુનીલાલ મામણીયા, તૃપ્તીબેન રાજેશ ડોડીયાના માતુશ્રી. રેખાબેન, ગં.સ્વ. દક્ષાબેનના સાસુ. લલીતભાઈ, પ્રાણભાઈ, રમેશભાઈ, રઘુનાથભાઈ કવા ઉનાવાળાના બેન, કૃણાલ, મયુર, ધ્રુવ, જયના દાદી. પ્રાર્થનાસભા શનિવાર તા.૨૧/૯/૨૪ના ૫ થી ૭. લુહાર સુથાર જ્ઞાતિ વેલફેર સેન્ટર, કાર્ટર રોડ નં. ૩, અંબાજી મંદિર પાસે, બોરીવલી (પૂર્વ).

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

શિહોર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. શાંતાબેન દ્વારકાદાસ જાજલના સુપુત્ર, દુર્લભભાઈ જાજલ (ઉં. વ. ૮૬) તા.૧૭/૯/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે નટુભાઈ, નિરંજનભાઈ જાજલ તથા જુગલભાઈ પરમાણંદદાસ જાજલના મોટા ભાઈ. વિઠ્ઠલભાઈ, અરવિંદ ભાઈ, મનસુખભાઇ દેવચંદ જગડના ભાણેજ. નયનાબેન, ઉષાબેનના જેઠ, કિરણબેન મીતેષકુમાર શાહ તથા રચના મેહુલ જાજલના મોટા બાપા. પ્રાર્થનાસભા તા.૨૦/૯/૨૪ને શુક્રવાર ૪ થી ૬. લોહાણા મહાજન વાડી, શંકર મંદિર પાસે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ) લૌકીક પ્રથા બંધ છે.

**દશા શ્રીમાળી વણિક**

વેરાવળ નિવાસી હાલ બોરીવલી જ્યોત્સનાબેન લોઢવિયા (ઉં. વ. ૮૧), તે સ્વ.હેમેન્દ્રભાઈ જેઠાલાલના ધર્મપત્ની. કેતન, ધર્મેશ, કવિતાના માતુશ્રી. પ્રીતી, શીતલ અને પંકજકુમારના સાસુજી. નિશીતા અને હર્ષના દાદી. ચંદનબેન રેવાશંકર દોશીના સુપુત્રી તા.૧૮/૯/૨૪ ને બુધવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ**

સિહોર નિવાસી હાલ ભાયંદર (ઈસ્ટ), મનહરલાલ કેશવલાલ દવેના પત્ની નિરંજનાબેન (ઉં. વ. ૬૩) તે મયુરી, અલ્પેશના માતા. સ્વ. રમાબેન અનંતરાય પંડ્યાના દીકરી. સ્વ. પ્રવીણાબેન જીતેન્દ્ર, અ.સૌ. સંગીતાબેન અનિલકુમાર, અ.સૌ. ભાવના રાજીવ, અ.સૌ. હેમા રમેશભાઈના બેન, સ્વ. દિનકરલાલ દવે, સ્વ. કનૈયાલાલ દવે, સ્વ. રામશંકરભાઈ દવે, ગુણવંતભાઈ દવે, સુરેશભાઈ દવે, અ.સૌ. નિર્મળાબેન કિશોરભાઈ અને અ.સૌ. કોકિલાબેન મહેન્દ્રભાઈના ભાભી મંગળવાર, તા.૧૭/૯/૨૪ના કૈલાશવાસ થયેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ ગઢશીશા હાલ ભાંડુપ સ્વ. કિશોરભાઇ મોતીવાલા (ચોથાણી) (ઉં. વ. ૮૨) તા. ૧૮-૯-૨૪ને બુધવારે રામશરણ પામેલ છે. સ્વ. ચંદ્રિકાબેનના પતિ. સ્વ. પાર્વતીબેન, પ્રેમજી લાલજી મોતીવાલા (ચોથાણી)ના વચેટ પુત્ર. મનોજ, ભરત, સ્મિતા પુનીતભાઇ અનમના પિતાશ્રી. તે વિનિતા અને એકતાના સસરા. સ્વ. મોઘીબાઇ અને સ્વ. હરિરામ દેવજી રુખાણા ગામઃ તેરાના વચેટ જમાઇ. સ્વ. જયસિંહ, સ્વ. નરોત્તમદાસ, સ્વ. હરિદાસ, સુભાષ, ભગવાન અને નલિની સુંદરજી તન્નાના ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૦-૯-૨૪ના શુક્રવાર જૈનમ બેન્કવેટ હોલ, ૫.૩૦થી ૭. ઠે. ૧લે માળે, પ્લેટીનમ હોલ, બી. ટી. એમ. કમ્પાઉન્ડ, સી બિલ્ડિંગ, ૧૦૦, એલ. બી. એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**જુઠાણી દશા શ્રીમાળી વણિક**

માળીયા હાટીના નિવાસી હાલ ચેમ્બુર (મુંબઇ) કમલેશ જુઠાણી (ઉં. વ. ૬૪) તે સ્વ. ભાનુમતી અનિલકાંત જુઠાણીના સુપુત્ર તે સ્વ. પ્રીતિના પતિ. તે રોનકના પિતાશ્રી. સ્વ. બિમલ, વિનય તથા હર્ષદા વિનોદ તલાજીયાના ભાઇ. તે સ્વ. જયંતીલાલ અમૃતલાલ જાગાણીના જમાઇ. તા. ૧૮-૯-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૧-૯-૨૪ના શનિવાર ૪થી ૬. ઠે. સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

**હાલાઇ લોહાણા**

સ્વ. રસીકભાઈ છગનભાઇ પટેલીયા (ઉં. વ. ૭૭) મૂળ ગામ ખીજડીયા (ગીર) હાલ દહિસર ગં.સ્વ. નિર્મળાબેનના પતિ. તે પરેશ, રાજુ, પિયુશ તથા હિના સંજયકુમાર ચોટાઈ, જાગૃતિ રાજુકુમાર, શીતલ યોગેશકુમાર, મિત્તલ મયંકકુમારના પિતા. સ્વ. ધર્મેશભાઈ, મનસુખભાઇ, ભરતભાઈ, ગં.સ્વ. તારાબેન કેશવજી કોટકના ભાઈ. હરિદાસ મંગળજી ચંદ્રારાણાના જમાઈ. જાગૃતિ, સ્વ. રેણુકાબેનના સસરા. તા.૧૮/૯/૨૪ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૨૦/૯/૨૪ શુક્રવારના ૫ થી ૭. હાલાઇ લોહાણા મહાજન વાડી, પહેલા માળે, એસ. વી. રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

બળેજ નિવાસી હાલ કાંદિવલી ગં.સ્વ. સુશીલાબેન (ઉં. વ. ૭૬) તે સ્વ.જયંતીલાલ શામજી કોટેચાના ધર્મપત્ની. અશોક,અશ્વિન, સૌ ભારતીબેન સુરેશકુમાર ઠક્કર,ગિરીશ, અ.સૌ.પ્રતિભાબેન પરેશકુમાર રતનઘાયરાના માતુશ્રી. રાજશ્રી, અલ્પા, હેતલના સાસુમા. વીઠલદાસ રવજી હિંડોચાના પુત્રી. ધૈર્ય, મૈત્રી, ધૃતી, હાર્દિક, ખુશીનાં દાદીમા,સ્વ.જમનાદાસ, સ્વ.પ્રભુદાસનાં ભાઈના પત્ની ૧૬/૯/૨૪ સોમવારનાં શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર રાખેલ નથી.

# પારસી મરણ

ફલી પેસી હીરજી તે મરહૂમો પીલુ પેસી હીરજીના દીકરા. તે શીરીન સીધવા અને અનીતા લોયરના ભાઈ. તે મુરાદ હીરજીના મામા. (ઉં.વ. ૮૦) રે.ઠે. મનહર ઓક અપાર્ટમેન્ટ, ૧૪, ૭મે માળે, લીટલ ગીબ્ઝ રોડ, સ્કાઈ લાર્ક બિલ્ડિંગ સામે, મલબાર હીલ, મુંબઈ-૪૦૦૦૦૬.

હોમી નોશીર દારુખાનાવાલા તે સુકનયાના ધની. તે મરહૂમો બેપસી નોશીર દારુખાનાવાલાના દીકરા. તે તનાઝ અદીલ ભેસાન્યા ને મેહરનગીઝ નોશીર દારુખાનાવાલાના ભાઈ. (ઉં.વ. ૬૩) રે.ઠે. તોદીવાલા હાઉસ, રૂમ નં. ૫, ભોયતળિયે, હિલ રોડ, ઓફ ચીન્ચપોકલી રોડ, તાતા અગ્યારી આગળ, બાંદ્રા (વે). મુંબઈ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૦-૯-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે તાતા અગ્યારી બાંદ્રામાં છેજી.

રોશન પીલુ પટેલ તે મરહૂમ કેપતન પીલુ એફ પટેલના ધનયાની. તે મરહૂમો બચા ડૉક્ટર દારા વાનીયાના દીકરી. તે કેપતન જીમીને ડૉક્ટર બોમીના માતાજી. તે શહેબજા ને સોનયાના સાસુજી. તે મરહૂમો કેકી ને રુસીના બહેન તે અવનના, દીયા, કેમીલી ને ઝીનીયાના બપઈ. (ઉં.વ. ૯૯) રે.ઠે. એસ-૧૪, ખુશરુ બાગ, એસ.બી.જે માર્ગ, ઈલેક્ટ્રિક હાઉસ, મુંબઈ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૦-૯-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં-૧માં ડુંગરવાડી.

# સાયન બ્રિજ પર સ્કૂટર અને બાઈક વચ્ચે અકસ્માતમાં બે યુવકનાં મોત

મુંબઈ: સાયન બ્રિજ પર સ્કૂટર અને સ્પોર્ટ્સ બાઈક સામસામે ટકરાતાં થયેલા અકસ્માતમાં બે યુવકનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે એક ગંભીર રીતે ઘવાયો હતો. પોલીસના જણાવ્યા મુજબ રૉન્ગ સાઈડથી આવેલા સ્કૂટર સાથે પૂરપાટ વેગે દોડતી બાઈક ટકરાઈ હતી, જેમાં સ્કૂટરસવાર એક યુવક બ્રિજ પરથી નીચે ફંગોળાઈ ગયો હતો. સાયન પોલીસના જણાવ્યા મુજબ ઘટના બુધવારના મળસકે ચાર વાગ્યાની આસપાસ સાયન બ્રિજ પર બની હતી. સ્કૂટર વિક્રોલીના ટાગોર નગરમાં રહેતો વિજ્ઞેશ સરોદે (૨૦) ચલાવી રહ્યો હતો, જ્યારે અમોલ કુંચીકુર્વે (૨૦) અને અનિમેષ મોરે (૨૩) સ્કૂટર પર પાછળ બેઠા હતા. વિક્રોલીમાં ગણેશ વિસર્જન પછી ત્રણેય જણ ગિરગામ ચોપાટી જઈ રહ્યા હતા. કહેવાય છે કે વિજ્ઞેશ રૉન્ગ લેનમાં સ્કૂટર ચલાવી રહ્યો હતો ત્યારે સામેથી ગોવંડી તરફ જઈ રહેલી બાઈક પૂરપાટ વેગે આવી હતી. બાઈક ગોવંડીમાં રહેતો અશફાક અસલમ અન્સારી (૨૮) ચલાવી રહ્યો હતો, જ્યારે મેહંદી શહેનશાહ સૈયદ (૩૦) બાઈક પર પાછળ બેઠો હતો. બન્ને જણ જુમા મસ્જિદથી ગોવંડી જઈ રહ્યા હતા. સાયન બ્રિજ પર સ્કૂટર અને બાઈક સામસામે ટકરાયા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે સ્કૂટર પર બેસેલો અનિમેષ બ્રિજ પરથી ફંગોળાઈને શિવરજની બિલ્ડિંગ પાસે પડ્યો હતો, જેને કારણે તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. ગંભીર રીતે ઘવાયેલા બાઈકસવાર અશફાકનું સાયન હૉસ્પિટલમાં સારવાર દરમિયાન બપોરે મૃત્યુ થયું હતું. સ્કૂટર ચલાવી રહેલા વિજ્ઞેશને પણ અકસ્માતમાં ગંભીર ઇજા થઈ હતી. તેને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# ધુળેમાં દંપતી, બે સંતાનના કોહવાયેલા શબ મળતાં ખળભળાટ

મુંબઈ: ધુળેમાં ઘરમાંથી ગુરુવારે દંપતી અને તેમના બંને સંતાનના કોહવાયેલા મૃતદેહ મળી આવતાં રહેવાસીઓમાં ખળભળાટ મચી ગયો હતો. અહીંના પ્રમોદનગર વિસ્તારમાંની સમર્થ કોલોનીમાં ગુરુવારે સવારે ૧૧ આ ઘટના પ્રકાશમાં આવી હતી. અહીંના બંગલોમાંથી તીવ્ર દુર્ગંધ આવી રહી હોવાની ફરિયાદ પડોશીઓએ કર્યા બાદ તેની જાણ પોલીસને કરવામાં આવી હતી.

ઘટનાસ્થળે દોડી આવેલી પોલીસ ટીમે બંગલોમાં તપાસ કરતાં અંદરથી પ્રવીણસિંહ ગિરાસે (૫૩), તેની પત્ની દીપાંજલિ (૪૭) અને બંને સંતાન મિતેશ (૧૮) તથા સોહન (૧૫)ના કોહવાયેલા મૃતદેહ મળી આવ્યા હતા.

પ્રવીણસિંહ ગિરાસે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો, જ્યારે પત્ની અને બંને સંતાન જમીન પર મૃત અવસ્થામાં મળ્યાં હતાં. ઘટનાસ્થળેથી કોઇ સુસાઇડ નોટ મળી આવી નહોતી, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

પડોશીઓના જણાવ્યા અનુસાર છેલ્લા બે દિવસથી બંગલામાં કોઇ હિલચાલ જોવા મળી નહોતી. ચારેયના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા, જેમાં જાણવા મળ્યું હતું કે પત્ની અને બંને સંતાનને ઝેરી પદાર્થ આપવામાં આવ્યો હતો.

પ્રવીણસિંહ લમકાની ગામમાં દુકાન ચલાવતો હતો, જેમાં જંતુનાશક દવા વેચવામાં આવતી હતી, જ્યારે તેની પત્ની શિક્ષિકા હતી. દેવપુર પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે એડીઆર દાખલ કરવામાં આવ્યો હોઇ પ્રવીણસિંહે તેની પત્ની અને બંને પુત્રને ઝેરી પદાર્થ આપ્યા બાદ ગળાફાંસો ખાધો હોવાનું પોલીસને લાગી રહ્યું છે.

# સગીરા સાથે દુષ્કર્મ બાદ ઍસિડ ફેંકવાની ધમકી: વૃદ્ધની ધરપકડ

મુંબઈ: ધારાવી વિસ્તારમાં ચાકુની ધાક દાખવીને પંદર વર્ષની સગીરા સાથે દુષ્કર્મ આચર્યા બાદ એસિડ ફેંકવાની ધમકી આપવાના આરોપસર ૬૦ વર્ષના વૃદ્ધની ધરપકડ કરાઇ હતી. આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો (પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ) એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

સગીરાને ઘરમાં એકલી ભાળીને આરોપી અંદર ઘૂસી આવ્યો હતો. આરોપીએ ચાકુની ધાક દાખવી સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું અને બાદમાં ઘટનાની કોઇને જાણ કરતા એસિડ ફેંકવાની તેમ જ મારી નાખવાની ધમકી આપી હતી. આરોપી બાદમાં ત્યાંથી જતો રહ્યો હતો.

દરમિયાન આ ઘટના બાદ સગીરા ખૂબ ગભરાઇ ગઇ હતી. જોકે બાદમાં તેણે માતાને તમામ હકીકત જણાવી હતી, જેને પગલે માતાએ ધારાવી પોલીસ સ્ટેશનમાં જઇને આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને આરોપીની શોધ આદરી હતી અને તેને ધારાવીથી પકડી પાડવામાં આવ્યો હતો.

# શિક્ષક પાસે લાંચ લેવા બદલ શિક્ષણ અધિકારીની ધરપકડ

થાણે: ચાર શિક્ષકોનો પગાર છૂટો કરવા માટે રૂ. ૪૦ હજારની લાંચ લેવા બદલ રાયગડ જિલ્લા પરિષદના પ્રાથમિક શિક્ષણ વિભાગના કોઓર્ડિનેટરની ધરપકડ કરવામાં આવી હતી. એમ એન્ટિ કરપ્શન બ્યૂરો (એસીબી)એ જણાવ્યું હતું. ૪૭ વર્ષનો આરોપી પનવેલ વિસ્તારના જતાડે ખાતેની પ્રાથમિક શાળાનો નાયબ શિક્ષક પણ હતો. જિલ્લા પરિષદની શાળાઓના ચાર શિક્ષકના જૂન અને જુલાઇનો પગાર છૂટો કરવા માટે આરોપીએ રૂ. ૪૦ હજારની લાંચ માગી હતી.

આમાંના એક શિક્ષકે આ પ્રકરણે એસીબીના રાયગડ યુનિટમાં ફરિયાદ નોંધાવી હતી, જેને પગલે ૪ સપ્ટેમ્બરે છટકું ગોઠવાયું હતું.

જોકે આરોપીને આની જાણ થઇ જતાં તે લાંચ સ્વીકારવા માટે ત્યાં આવ્યો નહોતો.

દરમિયાન મુંબઈ-પુણે હાઇવે પર ખાલાપુર ફાટા પાસે બુધવારે ફરી છટકું ગોઠવવામાં આવ્યું હતું અને ફરિયાદી પાસેથી લાંચ સ્વીકારતી વખતે આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો. આરોપી સામે પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

# વિસર્જન સરઘસ પર પથ્થરમારામાં પાંચ જણ જખમી: ૧૫ની ધરપકડ

છત્રપતિ સંભાજીનગર: ગણપતિ વિસર્જન વખતે ગુલાલ નાખવા પરથી થયેલા વિવાદમાં છત્રપતિ સંભાજીનગરમાં વિસર્જન સરઘસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં ત્રણ મહિલા સહિત પાંચ જણ ઘવાતાં પોલીસે ૧૫ જણની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારની રાતે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ પુંડલિકનગર વિસ્તારમાં બની હતી. ગણેશ વિસર્જન વખતે એક મંડળના કાર્યકરોએ બીજા મંડળના કાર્યકરો પર ગુલાલ નાખ્યો હતો, જેને પગલે બન્ને મંડળના કાર્યકરો વચ્ચે વિવાદ થયો હતો.

ઉગ્ર બોલાચાલી પછી વાત વણસતાં એક મંડળના કાર્યકરોએ પથ્થરમારો કરવાનું શરૂ કર્યું હતું. આ ઘટનામાં ત્રણ મહિલા અને બે પુરુષ ઘવાયાં હતાં. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. એસઆરપીએફની ટીમ પણ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. પોલીસે ચાર આરોપીને તાત્કાલિક તાબામાં લીધા હતા. પોલીસની ટીમ પહોંચતાં જ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયેલા અન્ય ૧૧ જણને પણ પકડી પાડવામાં આવ્યા હતા. આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી ૧૫ જણની ધરપકડ કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

# માતા-પિતાની મારપીટ કરતા દારૂડિયા અને ચોર ભાઈને મોટા ભાઈએ પતાવી નાખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પાલઘર જિલ્લાના વિક્રમગડ તાલુકામાં માતા-પિતાની મારપીટ અને દારૂ માટે નાણાંની ચોરી કરનારા નાના ભાઈની ખરાબ આદતોથી કંટાળી મોટા ભાઈએ તેની કથિત હત્યા કરી હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. હત્યા પછી મૃતદેહને મોટો પથ્થર બાંધી ડૅમના પાણીમાં ફેંકી દેનારો આરોપી તેની રિક્ષાને કારણે જ પોલીસને હાથે ઝડપાઈ ગયો હતો.

લોકલ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડેલા આરોપીની ઓળખ આકાશ વસંત લોહાર (૨૮) તરીકે થઈ હતી. આ પ્રકરણે વિક્રમગડ પોલીસે હત્યાનો ગુનો નોંધી આકાશની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ વિક્રમગડ તાલુકાના સજન ગામને અડીને આવેલા ડૅમમાંથી પાંચમી સપ્ટેમ્બરે શિવમ વસંત લોહાર (૧૯)નો મૃતદેહ અર્ધનગ્ન અવસ્થામાં મળી આવ્યો હતો. મૃતદેહની ઓળખ થઈ શકે એવી એકેય વસ્તુ તેની પાસેથી મળી નહોતી. વળી, પાણીમાં મૃતદેહ ફુલાઈ ગયો હોવાથી તેની ઉંમરનો અંદાજ લગાવવો મુશ્કેલ હતું. આ પ્રકરણે વિક્રમગડ પોલીસે અકસ્માત મૃત્યુની નોંધ કરી તપાસ હાથ ધરી હતી, જેની સમાંતર તપાસ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પણ કરી રહી હતી. તપાસ દરમિયાન પોલીસે સજન ગામથી ડૅમ તરફ જતા માર્ગ પર લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. પોલીસને રિક્ષા શંકાસ્પદ લાગતાં તેની શોધ ચલાવાઈ હતી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

### ટાર્ગેટ સલમાન અને સલીમ ખાન

# ફેમસ થવા સલીમ ખાનને ધમકાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોલીવૂડના સુપરસ્ટાર સલમાન ખાન અને તેમના પિતા જાણીતા સ્ક્રીનરાઈટર સલીમ ખાનને લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગ દ્વારા ધમકીઓ મળી રહી છે ત્યારે છેલ્લા બે દિવસમાં બન્નેની સુરક્ષાવ્યવસ્થામાં છીંડાં હોવાની ઘટનાઓ સામે આવી છે. બાન્દ્રામાં સલમાન ખાનના સુરક્ષા કાફલામાં બાઈકસવાર ઘૂસ્યો હતો તો મજાકમસ્તી ખાતર અને પ્રસિદ્ધિ મેળવવા માટે બુરખાધારી યુવતી અને તેના બૉયફ્રેન્ડે લૉરેન્સ બિશ્નોઈને નામે સલીમ ખાનને ધમકી આપી હતી. પહેલી ઘટના બુધવારની મધરાતે ૧૨.૧૫ વાગ્યાની આસપાસ મહબૂબ સ્ટુડિયોથી બાન્દ્રા સ્થિત અભિનેતાના નિવાસસ્થાન ગૅલેક્સી એપાર્ટમેન્ટ દરમિયાન બની હતી. ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈ દ્વારા ધમકી અને અભિનેતાના નિવાસસ્થાન બહાર ગોળીબારની ઘટના બાદ મુંબઈ પોલીસ દ્વારા સલમાન ખાનને 'વાય-પ્લસ' સિક્યોરિટી પૂરી પાડવામાં આવી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સુરક્ષા કાફલો રાતે ૧૨.૧૫ વાગ્યે મહબૂબ સ્ટુડિયો પહોંચ્યો ત્યારે બાઈકસવાર ઉઝેર ફૈઝ મોઈઉદ્દીને (૨૧) સલમાન ખાનની કાર નજીક જવાનો પ્રયાસ કર્યો હતો. કાફલામાંના અધિકારીઓએ યુવકને ચેતવણી આપવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ ચેતવણીને અવગણી યુવકે સલમાનની કારની વધુ નજીક જવાનો પ્રયાસ કર્યો હતો. સલમાન તેના ઘરે પહોંચ્યા પછી બે પોલીસ વાહને યુવકની બાઈકનો પીછો કરી અમુક અંતરે જ તેને રોકી પાડ્યો હતો. બાન્દ્રા પશ્ચિમમાં રહેતો મોઈઉદ્દીન કૉલેજ સ્ટુડન્ટ હોવાનું પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું. આ પ્રકરણે બાન્દ્રા પોલીસે યુવક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૨૫ અને ૨૮૧ હેઠળ ગુનો નોંધ્યો હતો. જોકે યુવકની ધરપકડ કરાઈ નહોતી, તેને નોટિસ આપીને જવા દેવાયો હતો. આ પ્રકરણનો હજુ નિવેડો આવ્યો ત્યાં બીજી ઘટના ગુરુવારની સવારે ૮.૪૫ વાગ્યે સલમાનના પિતા સલીમ ખાન સાથે બની હતી. મૉર્નિંગ વૉક માટે નીકળેલા સલીમ ખાન બૅન્ડસ્ટેન્ડ સ્થિત પ્રોમેનેડ પર બેઠા હતા ત્યારે બુરખો પહેરેલી યુવતી તેમની નજીક આવી હતી. 'લૉરેન્સ બિશ્નોઈ કો ભેજુ ક્યા?' કહીને યુવતી તેના બૉયફ્રેન્ડ સાથે સ્કૂટર પર ફરાર થઈ ગઈ હતી.

કહેવાય છે કે યુવતીનો બૉયફ્રેન્ડ સ્કૂટર સાથે નજીકમાં જ ઊભો હોવાથી સલીમ ખાને સ્કૂટરનો રજિસ્ટ્રેશન નંબર નોંધી લીધો હતો. સલીમ ખાનના બૉડીગાર્ડે આ બાબતે બાન્દ્રા પોલીસમાં ફરિયાદ નોંધાવી સ્કૂટરનો નંબર આપ્યો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી સ્કૂટરને ટ્રેસ કર્યું હતું અને શિવડી વિસ્તારમાંથી યુગલને તાબામાં લીધું હતું. પકડાયેલા આરોપીની ઓળખ શિવડી વિસ્તારમાં રહેતા ઉમર આસિફ (૨૬) તરીકે થઈ હતી. ગાર્મેન્ટનો વ્યવસાય ધરાવતો આસિફ એ જ વિસ્તારમાં રહેતી તેની ગર્લફ્રેન્ડ સાથે સ્કૂટર પર બાન્દ્રા આવ્યો હતો.

પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે એકલા બેસેલા સલીમ ખાનને જોઈ મજાકમસ્તી ખાતર અને પ્રસિદ્ધિ મેળવવા માટે યુવકે તેની ગર્લફ્રેન્ડને ધમકી આપવા મોકલી હતી.

વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ પ્રાથમિક તપાસમાં આરોપી બિશ્નોઈ ગૅન્ગ સાથે સંકળાયેલા હોવાની કોઈ કડી મળી નથી. માત્ર મજાકમસ્તી માટે તેમણે ગુનો આચર્યો હોવાનું જણાય છે.

આ પ્રકરણે બાન્દ્રા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૨ હેઠળ ગુનો નોંધી યુગલની ધરપકડની પ્રક્રિયા હાથ ધરી હતી.

# રેલવે લૂંટે છે મુંબઈગરાને

## નમો ભારત રેપિડ રેલની ટિકિટ એસી લોકલ કરતાય સસ્તી છે

મુંબઈઃ એસી લોકલમાં પ્રવાસ કરવા માટે મુંબઈગરાઓથી ત્રણ ગણા નાણાં વસૂલવામાં આવી રહ્યા છે. દેશની પ્રથમ નમો ભારત રેપિડ રેલનો બેઝ સ્લેબ પ્રતિ કિલોમીટરે ૧.૨ રૂપિયા છે, જ્યારે એસી લોકલનો બેઝ સ્લેબ પ્રતિ કિલોમીટરે ૩.૫ રૂપિયા છે. આ પહેલા પણ ફર્સ્ટ ક્લાસના નામે ફક્ત ગાદીવાળી સીટ આપીને સામાન્ય ટિકિટ કરતાં અંદાજે ચાર ગણા નાણાં વસૂલવામાં આવી રહ્યા હતા.

સોમવારે અમદાવાદથી ભુજની વચ્ચે એસી નમો ભારત રેપિડ ટ્રેન દોડી હતી જેનું ભાડું પણ એસી લોકલ કરતાં સસ્તું છે અને એસી લોકલની સરખામણીમાં વધુ સારી અને ફાસ્ટ છે.

મુંબઈ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ (એમયુટીપી) માટે જે કરજ લેવામાં આવે છે તેનો સરચાર્જ મુંબઈગરાઓ પાસેથી વસૂલવામાં આવી રહ્યો છે. બન્ને ટ્રેનના ભાડાની સરખામણી કરીએ તો એસી લોકલનો બેઝ સ્લેબ પ્રતિ કિલોમીટરે ૩.૫ રૂપિયા છે, જ્યારે નમો ભારત રેપિડ રેલનો બેઝ સ્લેબ પ્રતિ કિલોમીટરે ૧.૨ રૂપિયા છે. તેથી બન્ને ટ્રેન વચ્ચે ૨.૩ રૂપિયાનો તફાવત છે.

આ સરચાર્જને કારણે ચર્ચગેટથી વિરાર વચ્ચેના ૫૯ કિલોમીટરના અંતર માટે એસી લોકલ ટ્રેનના સિંગલ પ્રવાસ માટે ૧૧૫ રૂપિયા અને માસિક પાસ માટે ૨,૨૦૫ રૂપિયા ચૂકવવા પડે છે. બીજી તરફ આટલા અંતર માટે નમો ભારત રેપિડ રેલના સિંગલ પ્રવાસ માટે ૭૦ રૂપિયા તથા માસિક પાસનું ભાડું ૧,૪૧૬ રૂપિયા થાય છે. નમો ભારત રેપિડ રેલ ટ્રેનનું લઘુતમ ભાડું ૩૦ રૂપિયા (જીએસટી સહિત) છે. અઠવાડિયા, પખવાડિયા અને માસિક સિઝન ટિકિટને નમો ભારત રેપિડ રેલના ૭, ૧૫ અને વીસ સિંગલ પ્રવાસના પ્રમાણે ચાર્જ કરવામાં આવશે. ■

**એસી લોકલમાં વિરાર-ચર્ચગેટના ૫૯ કિ.મી.નું ભાડું ૧૧૫ રૂપિયા છે, પણ ભુજ-અમદાવાદ વચ્ચેનું નમો રેપિડ રેલનું ૫૯ કિ.મી. માટેનું ટિકિટ ભાડું ૭૦ રૂપિયા છેઃ આનું કારણ છે ત્રણ ગણો સરચાર્જ**

### સુવિધામાં અવ્વલ છે નમો રેપિડ ટ્રેન

દેશની પ્રથમ ૧૨ કોચની નમો રેપિડ ટ્રેન મૂળ લોકલ ટ્રેનોનો વિસ્તાર છે. તેમાં બન્ને તરફ મહિલાઓ માટે કોચ છે. તેને ૩૦૦-૩૫૦ના અંતરે આવેલાં શહેરોને ઇન્ટરસિટી માર્ગ પર દોડાવવામાં આવશે. આ સિવાય તેમાં રાઇડિંગ એક્સેલેરેશન, ચાર્જિંગ સુવિધા, એલઇડી લાઇટિંગ, સીસીટીવી, ફાયર માટેની ઓટોમેટિક સિસ્ટમ વગેરે સુવિધાઓ ઉપલબ્ધ છે. ■

## મુંબઈથી પુણે માત્ર બે કલાકમાં : અટલ સેતુને જોડતો રેપિડ કમ્યુનિકેશન એક્સપ્રેસ-વે બનશે

### પુણે-સાતારા-સોલાપુરને જોડતા આ માર્ગનો ખર્ચ ૧૭ હજાર રૂપિયા કરોડ

મુંબઈઃ મુંબઈ-પુણે યશવંતરાવ ચવ્હાણ એક્સપ્રેસ-વે પર ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા માટે શિવડી-ન્હાવાશેવા અટલ સેતુથી સીધા પુણે-સાતારા-સોલાપુરને જોડતા અંદાજે ૧૭ હજાર કરોડ રૂપિયાના ખર્ચે બનનારા નવા રેપિડ કમ્યુનિકેશન એક્સપ્રેસ-વેને કારણે રાહત મળશે.

આ માર્ગને કારણે મુંબઈ-પુણેવાસીઓના હાલના પ્રવાસના સમયમાં અંદાજે સવાથી દોઢ કલાકની બચત થશે, એવું નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચઆઈ)ના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર સતત થતા ટ્રાફિક જૅમ, ઘાટ વિસ્તારમાં વાહનોની થતી લાંબી લાઈનને કારણે આ માર્ગ પર પ્રવાસીઓને ખૂબ જ ત્રાસ થતો હતો. મુંબઈ અને પુણે વચ્ચે વધતું જતું શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણને કારણે યશવંતરાવ ચવ્હાણ એક્સપ્રેસ-વે પર દિવસે ને દિવસે ટ્રાફિકની સમસ્યા વિકરાળ બની ગઇ છે.

આ સમસ્યાના ઉકેલરૂપે સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન (એસઆરડીસી) દ્વારા લોનાવાલા ઘાટ વિસ્તારમાં વધુ એક લાઈન તૈયાર કરીને એક્સપ્રેસ-વેને પહોળો કરવાનું કામ અંતિમ તબક્કામાં છે.

જોકે આ એક્સપ્રેસ-વે પર વાહનોની વધતી જતી સંખ્યાને ધ્યાનમાં રાખીને નજીકના સમયમાં આ એક્સપ્રેસ-વે પણ અપૂરતો થવાનો ભય છે. આ કારણે જ આ માર્ગ પર એક વૈકલ્પિક એક્સપ્રેસ-વે બાંધવાનો નિર્ણય કેન્દ્રીય રોડ વિકાસપ્રધાન નીતિન ગડકરીએ લીધો છે. ■

# ઘાટકોપરમાં વધુ મોટી અદ્યતન હિંદુ સ્મશાનભૂમિ દોઢ વર્ષમાં શરૂ થશે

### ૧૦૦ વર્ષથી જૂની સ્મશાનભૂમિનું નૂતનીકરણ કરાયા બાદ પાર્કિંગ સહિતની સુવિધામાં વધારો થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપર (પૂર્વ)માં આવેલી લગભગ ૧૦૦ વર્ષ જૂની હિન્દુ સ્મશાનભૂમિનું મોટી જગ્યામાં સ્થળાંતર કરવામાં આવવાનું છે. જોકે સ્મશાનભૂમિનું સંચાલન કરનારા ટ્રસ્ટીગણના કહેવા મુજબ સ્થળાંતર નહીં પણ હાલના સ્મશાનભૂમિને થોડે દૂર વધુ મોટી જગ્યામાં ખસેડીને અત્યાધુનિક સગવડો સાથે તેનું નૂતનીકરણ કરવામાં આવવાનું છે. નવી જગ્યાએ કામ ચાલુ કરાયું હોવાથી આગામી દોઢેક વર્ષમાં નવું સ્મશાનગૃહ તૈયાર થઈ જાય એવી શક્યતા છે.

ઘાટકોપર (પૂર્વ)માં એમ. જી. રોડ પર વિદ્યાવિહાર સૌમેયા કૉલેજના પરિસરને અડકીને હિન્દુ સ્મશાનભૂમિ આવેલી છે. લગભગ ૧૦૦ વર્ષથી વધુ જૂના સ્મશાનભૂમિનું સંચાલન કરનારા ટ્રસ્ટે હવે આ જૂની સ્મશાનભૂમિને આધુનિક સગવડો સાથે તેને સજ્જ કરવાનું કામ હાથમાં લીધું છે. ઘાટકોપરના વિકાસની સાથે જ તેનું કદ પણ મોટું થતું ગયું, તેની સામે એક સદી જૂની સ્મશાનભૂમિમાં હાલ રહેલી સુવિધા અપૂરતી છે અને જગ્યા પણ નાની પડી રહી છે. તેથી લાંબા સમયથી સ્મશાનભૂમિને અત્યાધુનિક બનાવવાની યોજના પર વિચાર ચાલી રહ્યો હતો, જેમાં સોમૈયા ટ્રસ્ટ તરફથી સહકાર મળતા વાત આગળ વધી હતી. સોમૈયા ટ્રસ્ટ તરફથી સ્મશાનભૂમિ માટે મોટી જગ્યા આપવામાં આવવાની છે, પરંતુ સ્મશાન તેની મૂળ જગ્યાએથી થોડું આગળ લઈ જવામાં આવવાનું છે.

ઘાટકોપર હિંદુ સ્મશાનભૂમિનું સંચાલન કરનારા ટ્રસ્ટના ટ્રસ્ટી મનોજ દહીસરિયાએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે મૃત સ્વજનોને અંતિમ વિદાય આપવા આવનારા લોકોને અગવડ ન પડે તે માટે વધુ સુવિધા સાથે સ્મશાનને અત્યાધુનિક સગવડો સાથે સજ્જ કરવામાં આવવાનું છે. તે માટે સ્મશાનભૂમિના નૂતનીકરણનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો. સ્મશાનને હાલ તેની મૂળ જગ્યા પરથી થોડે દૂર લઈ જવામાં આવવાનું છે. સોમૈયા ટ્રસ્ટે હાલ સ્મશાનભૂમિ છે, તેનાથી થોડે આગળ એક મોટો પ્લોટ આપવાની તૈયારી બતાવી છે.

થોડું લીગલ પેપર વર્ક બાકી હોઈ તેના પર કામ ચાલી રહ્યુ છે. અન્ય મંજૂરી મળી છે. કમેન્સમેન્ટ સર્ટિફિકેટ (સીસી) પણ મળી ગયું છે. હાલ નવી જગ્યાએ કમ્પાઉન્ડ વોલ સહિતના નાના મોટાં કામ ચાલી રહ્યાં છે. આગામી ચારેક મહિનામાં તમામ મંજૂરી મળી જશે અને ત્યારબાદ સાઈટ પર કામ ચાલુ કરી દેવાની યોજના છે. આગામી દોઢેક વર્ષમાં સ્મશાનભૂમિને શરૂ કરી દેવાની યોજના છે.

સ્મશાનભૂમિના નૂતનીકરણ બાબતે વધુ માહિતી આપતા મનોજ દહીસરિયાએ જણાવ્યું હતું કે હાલનું સ્મશાનભૂમિ લગભગ ૨,૫૦૦ મીટર જગ્યામાં ફેલાયેલું છે. આ સ્મશાનભૂમિમાં જ નાનાં બાળકો માટેની દફનભૂમિ પણ છે, જેમાં નાના બાળકોનાં મૃત્યુ બાદ તેમને દફનાવવામાં આવે છે. સોમૈયા ટ્રસ્ટ પાસેથી ૪,૨૦૦ મીટર જગ્યા મળવાની છે. મોટી જગ્યા મળવાને કારણે બાળકોના દફન માટેની જગ્યા પણ મોટી મળશે. એ સાથે જ નવી જગ્યા પર શિવ મંદિર ઊભું કરાશે. વાહોના પાર્કિંગ માટે વધુ જગ્યા મળશે. સ્મશાનભૂમિમાં અંદર બગીચો બનાવવામાં આવવાનો છે. તેમ જ નવા સ્મશાનભૂમિમાં બે ઈલેક્ટ્રિક (સીએનજી સંચાલિત) અને છલાકડાની ચિતાની વ્યવસ્થા ઊભી કરવામાં આવવાની છે. ■

# રાહુલની જીભ કાપો કહેનાર વિધાનસભ્યને સીએમનો ટેકો

### કૉંગ્રેસને સલાહ આપી કે તમે જ રાહુલ સામે વિરોધ પ્રદર્શન કરો

મુંબઈઃ અનામત બાબતે રાહુલ ગાંધીએ આપેલા નિવેદન બાદ એકનાથ શિંદે જૂથની શિવસેનાના વિધાનસભ્ય સંજય ગાયકવાડે રાહુલ ગાંધીની જીભ પર ડામ આપવાનું નિવેદન આપતા હોબાળો મચ્યો હતો. જોકે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ગાયકવાડે આપેલા નિવેદનનું સમર્થન કર્યું હતું. શિંદેએ ગાયકવાડનો બચાવ કરતા કૉંગ્રેસને રાહુલ ગાંધી વિરુદ્ધ પ્રદર્શન કરવાની સલાહ આપી હતી.

શિંદેએ કૉંગ્રેસની ટીકા કરવા ઉપરાંત આમ આદમી પાર્ટી(આપ)ના નેતા આતિશી માર્લેના પર પણ પ્રહાર કર્યા હતા. આતંકવાદી અફઝલ ગુરુનું સમર્થન કરવા બદલ શિંદેએ આતિશીની ટીકા કરી હતી.

શિંદેએ કહ્યું હતું કે કૉંગ્રેસે રાહુલ ગાંધીએ અનામત વિશે આપેલા નિવેદનને પગલે તેમના નિવાસસ્થાન બહાર પ્રદર્શન કરવા જોઇએ. વિપક્ષો દ્વારા બંધારણ વિશે અને અનામત હટાવવા વિશે ખોટો પ્રચાર કરવામાં આવ્યો હતો અને હવે કૉંગ્રેસના નેતા જ વિદેશમાં જઇને અનામત હટાવવાની વાતો કરી રહ્યા છે. આવી વાતો કરવી બંધારણ અને બાબાસાહેબ આંબેડકરનું અપમાન છે. ■



**સ્વચ્છતા હી સેવા...:** ગણપતિ વિસર્જન બાદ ગિરગામ ચોપાટી ખાતે થયેલા કચરાની સફાઇ કરીને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રાજ્ય સ્તરે 'સ્વચ્છતા હી સેવા' ઝુંબેશનો પ્રારંભ કર્યો હતો. (અમર ખરાડે)

# મુંબઈના અસલી હીરો સફાઇ કર્મચારીઓઃ એકનાથ શિંદે

### મુખ્ય પ્રધાનના હસ્તે 'સ્વચ્છતા એ જ સેવા' અભિયાનનો શુભારંભ

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૦૧૪માં શરૂ કરવામાં આવેલા સ્વચ્છ ભારત અભિયાન બાદ સ્વચ્છતા બાબતે એક ચળવળ ઊભી થઇ હોવાનું કહી મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રાજ્યસ્તરીય સ્વચ્છતા એ જ સેવા અભિયાનનો શુભારંભ કર્યો હતો. તેમણે સ્વચ્છ ભારત અભિયાનની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે વડા પ્રધાન મોદીએ શરૂ કરેલી ચળવળના કારણે આખા દેશમાં આ અભિયાન પ્રભાવશાળી રીતે અમલમાં લાવી શકાયું.

તેમણે મુંબઈના ખરા હીરો સફાઇ કર્મચારી હોવાનું જણાવતા તેમણે કહ્યું હતું કે સ્વચ્છતા એ આરોગ્યનો મંત્ર છે અને મુંબઈમાં ડીપ ક્લીન ડ્રાઇવના માધ્યમે રસ્તા સાફ કરવા, પાણીથી રસ્તા ધોવા વગેરે કામ ચાલુ છે. તેના કારણે મુંબઈમાં પ્રદૂષણ ઓછું થયું છે. આ બધાં કામો સફાઇ કર્મચારીઓ કરતા હોવાથી મુંબઈના ખરા હીરો સફાઇ કર્મચારીઓ જ છે.

એકનાથ શિંદેએ ગિરગાંવ ચોપાટીથી આ અભિયાનની શરૂઆત કરી હતી અને આ પ્રસંગે પાલક પ્રધાન દીપક કેસરકર, મુંબઈ ઉપનગર જિલ્લાના પાલક પ્રધાન મંગલ પ્રભાત લોઢા, મુંબઈ પાલિકાના કમિશનર ભૂષણ ગગરાણી સહિતના લોકો ઉપસ્થિત હતા.

આ અભિયાન બીજી ઓક્ટોબર એટલે કે ગાંધી જયંતિ સુધી ચાલશે અને અભિયાન અંતર્ગત શહેરી અને ગ્રામીણ ભાગોમાં સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા આ ઝુંબેશ ચલાવવામાં આવશે. તેમણે આ ઝુંબેશ દરમિયાન આર.આર.આર એટલે કે રિડ્યુસ, રિયુઝ અને રિસાઇકલ કેન્દ્રો ઊભાં કરવામાં આવશે એમ જણાવ્યું હતું. આ દ્વારા શૂન્ય કચરા કાર્યક્રમ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત 'એક પેડ માં કે નામ' ઉપક્રમ અંતર્ગત વૃક્ષારોપણ અને સૌંદર્યકરણનું કામ પણ શરૂ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે સ્વચ્છ ભારત અભિયાનમાં મહારાષ્ટ્ર ક્યારેય પાછળ નહીં પડે. સ્વચ્છ ભારત અભિયાનમાં મહારાષ્ટ્ર દેશમાં પહેલા ક્રમાંકે આવ્યું છે અને આ જ અભિયાન અંતર્ગત મુંબઈ મહાનગરપાલિકાએ દોઢ લાખ વૃક્ષો વાવ્યાં છે. ■

# એમવીએમાં કુછ તો ગડબડ હૈઃ કૉંગ્રેસે કહ્યું કે સીએમ તો અમારો

મુંબઈઃ એક બાજુ ઉદ્ધવ ઠાકરે દિલ્હી ગયા અને લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને મળ્યા ત્યાર બાદ તે મુખ્ય પ્રધાન બનવા માગતા હોવાના અહેવાલો વહેતા થયા હતા ત્યારે હવે મહારાષ્ટ્રમાં કૉંગ્રેસના જ મુખ્ય પ્રધાન બનશે તેવું નિવેદન બાળાસાહેબ થોરાતે આપતા મહાવિકાસ અઘાડી (એમવીએ)માં મુખ્ય પ્રધાન બનવા માટેની હોડ ચાલી રહી હોવાની ચર્ચા છે. કૉંગ્રેસ મહારાષ્ટ્રના મોટા નેતા બાળાસાહેબ થોરાતે કહ્યું હતું કે તેમને ૧૦૦ ટકા વિશ્વાસ છે કે મહારાષ્ટ્રના આગામી મુખ્ય પ્રધાન કૉંગ્રેસમાંથી જ બનશે. ભાયંદરમાં કોંકણના કૉંગ્રેસ કાર્યકર્તાઓને સંબોધતા વખતે તેમણે ઉક્ત વાત કહી હતી. થોરાતે કહ્યું હતું કે મને ૧૦૦ ટકા ખાતરી છે કે મહારાષ્ટ્રના આગામી મુખ્ય પ્રધાન મહાવિકાસ આઘાડી અને કૉંગ્રેસના બનશે. અમે આ ચૂંટણીમાં પૂરજોશમાં કામ કરીશું અને પોતાને સાબિત કરીશું.

ઉલ્લેખનીય છે કે મહાવિકાસ આઘાડીમાં કૉંગ્રેસ, શિવસેના(ઉદ્ધવ ઠાકરે જૂથ) અને એનસીપી(રાષ્ટ્રવાદી કૉંગ્રેસ-શરદચંદ્ર પવાર) આ ત્રણ મુખ્ય પક્ષ છે અને મુખ્ય પ્રધાન બનવા માટે બધા જ પક્ષના મોટા નેતા ઇચ્છુક હોવાની ચર્ચા છે. એવામાં બાળાસાહેબ થોરાતના નિવેદનના કારણે મહાવિકાસ આઘાડીમાં મુખ્ય પ્રધાન બનવા બાબતે આંતરિક કલહ હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

આ પહેલા મહાવિકાસ અઘાડીના નેતાઓ દ્વારા જે પક્ષ વધુ બેઠકો જીતશે તેના મુખ્ય પ્રધાન બનશે તેવું નિવેદન આપી ચૂક્યા છે. ■

**નાગપુરમાં કૉંગ્રેસના દેખાવો**

રાહુલ ગાંધી વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરનારા ભાજપના સાંસદ અનિલ બોંડે અને શિવસેના(શિંદે જૂથ)ના વિધાનસભ્ય સંજય ગાયકવાડની હકાલપટ્ટી કરવામાં આવે તેવી માગણી સાથે કૉંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા નાગપુરમાં દેખાવો કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ભાજપના રાજ્યસભા સાંસદ બોંડેએ રાહુલ ગાંધીની જીભ કાપી લેવાની વાત કહી હતી. રાહુલ ગાંધીએ અનામત વિશે કહેલી વાતથી બહુજન સમાજની ભાવનાઓ દુભાઇ હોવાથી બોંડે રાહુલ ગાંધીની જીભ કાપી લેવાની વાત કહી હતી. ■

# 'ઇમર્જન્સી' ફિલ્મને સેન્સર બોર્ડ સર્ટિફિકેટ કેમ નથી આપતું?

### આવી નારાજગી સાથે હાઇ કોર્ટનો પચીસમી સુધીમાં નિર્ણય લેવાનો આદેશ

મુંબઈઃ કાયદો અને વ્યવસ્થા કથળી જશે એવા કારણસર સેન્સર બોર્ડ ફિલ્મને પ્રમાણપત્ર (સેન્સર સર્ટિફિકેટ) આપવાની ના ન પડી શકે એવું ગુરુવારે સ્પષ્ટ શબ્દોમાં જણાવી બોમ્બે હાઈ કોર્ટે ઉમેર્યું હતું કે રચનાત્મક સ્વતંત્રતા અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર કાપ મૂકી ન શકાય.

ન્યાયમૂર્તિ બી. પી. કોલાબાવાલા અને ન્યાયમૂર્તિ ફિરદોશ પૂનીવાલાની ખંડપીઠે કંગના રનૌટની ફિલ્મ 'ઇમર્જન્સી'ને સર્ટિફિકેટ આપવા અંગે નિર્ણય ન લેવા બદલ સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી) સામે નારાજગી વ્યક્ત કરી હતી અને ૨૫ સપ્ટેમ્બર સુધીમાં એ અંગે નિર્ણય લેવાનો આદેશ આપ્યો હતો. ફિલ્મમાં જે પણ દર્શાવવામાં આવે છે એ બધી જ બાબત માની લે એટલી આપણા દેશની જનતા ભોળી છે એવું સીબીએફસી માને છે કે કેમ એવો સવાલ પણ હાઈ કોર્ટ દ્વારા કરવામાં આવ્યો હતો.

સીબીએફસી રાજકીય કારણોસર ફિલ્મને સર્ટિફિકેટ આપવામાં વિલંબ કરી રહી હોવાના અરજદારના દાવા પર હાઈકોર્ટે નોંધ્યું હતું કે ફિલ્મની સહ-નિર્માતા કંગના પોતે ભાજપનાં વર્તમાન સાંસદ સભ્ય છે અને શું શાસક પક્ષ જ પોતાના સંસદ સભ્ય વિરુદ્ધ કાર્યવાહી કરી રહ્યો છે?

કંગના રનૌટે આ સપ્તાહની શરૂઆતમાં સીબીએફસી પર રિલીઝમાં વિલંબ કરવા માટે સર્ટિફિકેટ અટકાવી રાખવાનો આરોપ મૂક્યો હતો. (પીટીઆઈ) ■

# જરાંગેને ઝાટકી નાખ્યા ઓબીસી નેતા હાકેએ

જાલનાઃ અન્ય પછાત જાતિ - ઓબીસી નેતા લક્ષ્મણ હાકેએ ગુરુવારે મરાઠા કાર્યકર્તા મનોજ જરાંગે અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આરક્ષણ મુદ્દે ઝાટકણી કાઢી હતી. જાલનાનાં વાડી ગોદરી ગામમાં અચોક્કસ મુદતના ઉપવાસ શરૂ કરનારા હાકેએ જણાવ્યું હતું કે 'મરાઠા સમુદાયને અનામત આપવા માટે ૧૯૧૧ના ગેઝેટ પર વિચારણા કરવાનો મહારાષ્ટ્ર સરકારને અધિકાર નથી. જો સરકાર ૧૯૧૧ના ગેઝેટના આધારે ઠરાવ (જીઆર) જારી કરવાનું વિચારી રહી હોય તો મહારાષ્ટ્રમાં ઓબીસી કમિશનની જરૂર જ શું છે? જો એકનાથ શિંદે સરકાર જરાંગેની બાજુ સાંભળ્યા બાદ ઠરાવ જારી કરશે તો ઓબીસી એ અનુસાર જવાબ આપશે.' ઓબીસી નેતાએ સવાલ કર્યો હતો કે આરક્ષણ મુદ્દે પોતે જે રીતે વર્તી રહ્યા છે તો શું મુખ્ય પ્રધાન શિંદે કાયદાથી વાકેફ છે ખરા? (પીટીઆઈ)

# અનામત આંદોલનને પગલે બીડમાં પ્રતિબંધાત્મક આદેશો

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રમાં મરાઠા, ઓબીસી અને અન્ય સમુદાયો દ્વારા અનામત મુદ્દે થઈ રહેલાં આંદોલનોને પગલે બીડ જિલ્લા વહીવટી તંત્રે ૨૭ સપ્ટેમ્બર સુધી પ્રતિબંધિત આદેશો લાગુ કર્યા હોવાની જાણકારી અધિકારીઓએ ગુરુવારે આપી હતી.

આંદોલનકારી મનોજ જરાંગે અન્ય પછાત વર્ગો (ઓબીસી) કેટેગરી હેઠળ મરાઠા સમુદાયને અનામત આપવાની માંગને લઈને જાલના જિલ્લાના અંતરવાલી સારટી ગામમાં ૧૬ સપ્ટેમ્બર મધ્યરાત્રિથી અચોક્કસ મુદતના ઉપવાસ પર ઊતર્યા છે. બીજી તરફ ઓબીસી નેતા લક્ષ્મણ હાકે જાલનાના વાડી ગોદરી ગામમાં જરાંગેના આંદોલનનો સામનો કરવા અને અનામતને અસર ન થાય તેવી માગ રજૂ કરવા માટે ગુરુવારથી અચોક્કસ મુદતના ઉપવાસ શરૂ કર્યા હતા.

બીડ પ્રશાસન તરફથી ગુરુવારે જાહેર કરવામાં આવેલી એક યાદીમાં જણાવવામાં આવ્યું છે કે મરાઠા, ઓબીસી અને ધનગર જેવા વિવિધ સમુદાયના આંદોલન ચાલી રહ્યા છે. કોઈપણ મામૂલી કારણસર કાયદો અને વ્યવસ્થાની સમસ્યા ઊભી થવાની સંભાવના છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે એ માટે બીડમાં ૧૪થી ૨૭ સપ્ટેમ્બર સુધી પ્રતિબંધિત આદેશો લાદવામાં આવે છે. સરકારી કર્મચારીઓને આ આદેશમાંથી મુક્તિ આપવામાં આવી છે. આંદોલન કે સરઘસ માટે પાંચ કે તેથી વધુ વ્યક્તિઓને એકઠા કરવા સંબંધિત સત્તાવાળાઓની પરવાનગી લેવાની રહેશે એમ આ રજૂઆતમાં જણાવ્યું હતું. લોકોને કોઈ પણ જાહેર સ્થળ પર કે તેની નજીક હથિયાર, લાકડી, તલવાર, પથ્થર, વિસ્ફોટક લઈ જવાની મનાઈ છે. જિલ્લામાં કોઈ પણ આંદોલનને સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવ્યા બાદ જ મંજૂરી મળશે એમ પણ જણાવવામાં આવ્યું હતું. (પીટીઆઈ)

## જાડેજા સાથે બાંગ્લાદેશનો મહમૂદ જાણી જોઈને ટકરાયો હતો કે શું?





ચેન્નઈમાં ગઈ કાલે ભારત સામેની ટેસ્ટના પહેલા દિવસે બાંગ્લાદેશનો સૌથી સફળ બોલર હસન મહમૂદ એક તબક્કે રવીન્દ્ર જાડેજા સાથે અથડાઈ ગયા બાદ સમતોલપણું ગુમાતાં તેના પર જ પડ્યો હતો. જોકે બેમાંથી કોઈને પણ ઈજા નહોતી થઈ. મહમૂદ એલબીડબ્લ્યૂની અપીલ કરતી વખતે પિચ પર પાછળની દિશામાં સામા છેડા સુધી દોડ્યો હોવાથી એવું લાગતું હતું કે મહમૂદ જાણી જોઈને જાડેજા સાથે ટકરાયો હતો. આ ટક્કર બાદ બન્નેએ એકમેક સાથે હાથ મિલાવ્યા હતા. (પીટીઆઇ)

# આર. અશ્વિને ચેન્નઈમાં પિતાની હાજરીમાં ફટકારી યાદગાર છઠ્ઠી ટેસ્ટ-સેન્ચુરી

ચેન્નઈઃ ભારતના ટેસ્ટ-સ્પેશિયલ ઑલરાઉન્ડર રવિચન્દ્રન અશ્વિને અહીં આજે બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટના પ્રારંભિક દિવસને યાદગાર બનાવી દીધો હતો. તેણે પિતાની હાજરીમાં છઠ્ઠી ટેસ્ટ-સદી ફટકારી હતી. તેણે પીઢ બાંગ્લાદેશી ઑલરાઉન્ડર શાકિબ-અલ-હસનના બૉલમાં એક રન લીધો એ સાથે તેણે એક હાથમાં હેલ્મેટ અને બીજા હાથમાં બૅટ સાથે આ અવિસ્મરણીય સેન્ચુરી સેલિબ્રેટ કરી હતી.

અશ્વિને ૧૦૮ બૉલમાં બે સિક્સર અને દસ ફોરની મદદથી ૧૦૦ રન પૂરા કર્યા હતા. તેની અગાઉની પાંચમાંથી ચાર સદી વેસ્ટ ઇન્ડિઝ સામે અને એક ઇંગ્લૅન્ડ સામે હતી.

અશ્વિને આ પહેલાંની સેન્ચુરી (૧૩૦ રન) સાત મહિના પહેલાં રાજકોટમાં ઇંગ્લૅન્ડ સામે ફટકારી હતી. ભારતે એ મૅચ ૪૩૪ રનના તોતિંગ માર્જિન સાથે જીતી લીધી હતી.

અશ્વિને ચેન્નઈમાં જે સદી ફટકારી એ તેના પિતા રવિચન્દ્રને હોમટાઉન ચેન્નઈમાં ચેપૉકના એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં બેસીને માણી હતી. તેના પિતા ફાસ્ટ બોલર હતા અને ક્લબ સ્તરની ક્રિકેટ રમ્યા હતા.

અશ્વિને સદી પૂરી કરી ત્યારે ભારતનો સ્કોર છ વિકેટે ૩૩૦ રન હતો અને રમત ત્યારે પૂરી થવાની તૈયારીમાં જ હતી. એ તબક્કે તેની અને રવીન્દ્ર જાડેજા વચ્ચે સાતમી વિકેટ માટે ૧૮૬ રનની કદી ન ભુલાય એવી ભાગીદારી થઈ હતી.■



અશ્વિન અને જાડેજા વચ્ચે ૧૯૫ રનની અતૂટ ભાગીદારી થઈ હતી.



યશસ્વી જયસ્વાલે ટૉપ-ઑર્ડરના ધબડકા વચ્ચે બાંગ્લાદેશના તમામ બોલર્સનો હિંમત અને સમજદારીથી સામનો કર્યો હતો અને ૫૬ રન બનાવ્યા હતા. (પીટીઆઇ)

# સાઉથ આફ્રિકા ક્રિકેટનું નવું પતન, પહેલી વાર ૧૦ ઓવરમાં ગુમાવી ૭ વિકેટ

## અફઘાનિસ્તાન સામે પ્રથમ વખત જોયો પરાજય, માત્ર ભારત સામે અફઘાન નથી જીતી શક્યું

શારજાહ: સાઉથ આફ્રિકા ક્યારેય અફઘાનિસ્તાન સામે ટેસ્ટ-મૅચ નથી રમ્યું અને ટી-૨૦માં એની સામે કદી પણ પરાજય નહોતો જોયો, પરંતુ વન-ડેમાં સાઉથ આફ્રિકાને પ્રથમ વાર અફઘાનિસ્તાન સામે પરાજયનો અનુભવ કડવો થયો છે. બુધવારે અહીં ત્રણ મૅચવાળી સિરીઝની પ્રથમ વન-ડેમાં હશમતુલ્લા શાહિદીના નેતૃત્વમાં અફઘાનિસ્તાને એઇડન માર્કરમની ટીમને ૧૪૪ બૉલ બાકી રાખીને અને છ વિકેટના માર્જિનથી હરાવીને ૧-૦થી સરસાઈ મેળવી હતી. સાઉથ આફ્રિકાએ આ મૅચમાં કેટલાક એવા પતન જોયા જે તેમને મહિનાઓ સુધી માનસિક રીતે પરેશાન કરતા રહેશે.

હવે એકમાત્ર ભારત એવો દેશ છે જેની સામે અફઘાનિસ્તાન ક્યારેય નથી જીતી શક્યું. હજી અઢી મહિના પહેલાં ભારત સામેની ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં સૂર્યકુમાર યાદવના અભૂતપૂર્વ કૅચ અને હાર્દિક પંડ્યાની અસરદાર બોલિંગને કારણે સાઉથ આફ્રિકાની ટીમ પહેલી મોટી ટ્રોફીથી વંચિત રહી હતી ત્યાં હવે એણે અફઘાનિસ્તાન સામે નામોશી જોવી પડી છે.

બુધવારે સાઉથ આફ્રિકાએ બૅટિંગ પસંદ કરી હતી, પરંતુ ફાસ્ટ બોલર ફઝલહક ફારુકીની ચાર વિકેટ, ટીનેજ ઑફ-સ્પિનર અલ્લા મોહમ્મદ ઘઝનફરની ત્રણ અને પીઢ સ્પિનર રાશિદ ખાનની બે વિકેટને કારણે માર્કરમની ટીમ ફક્ત ૧૦૬ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. વિઆન મુલ્ડરના બાવન રન હાઇએસ્ટ હતા. અફઘાનિસ્તાને ગુલબદિન નઇબના અણનમ ૩૪ રન અને અઝમતુલ્લા ઓમરઝાઈના અણનમ પચીસ રનની મદદથી ૨૬ ઓવરમાં ચાર વિકેટે ૧૦૭ રન બનાવીને વન-સાઇડેડ મુકાબલામાં આસાનીથી વિજય મેળવી લીધો હતો.

સાઉથ આફ્રિકાએ માત્ર ૩૬ રનમાં સાત વિકેટ ગુમાવી હતી. જોકે વધુ નવાઈ તો એ વાતની છે કે પહેલી વાર સાઉથ આફ્રિકાએ ૧૦ ઓવરમાં પહેલી સાત વિકેટ ગુમાવી. આ પહેલાં તેમણે ૧૩ ઓવરમાં સાત વિકેટ ગુમાવી હતી અને એ ગયા વર્ષે જોહનિસબર્ગમાં ભારત સામેની વન-ડેમાં બન્યું હતું. ભારતે એ મૅચ અર્શદીપ સિંહની પાંચ વિકેટ અને આવેશ ખાનની ચાર વિકેટ તેમ જ ઓપનર સાઇ સુદર્શનના અણનમ પંચાવન રન અને શ્રેયસ ઐયરના બાવન રનની મદદથી એ લો-સ્કોરિંગ મૅચ ૨૦૦ બૉલ બાકી રાખીને આઠ વિકેટના માર્જિન સાથે જીતી લીધી હતી.




સાઉથ આફ્રિકાએ પહેલી જ વાર વન-ડેમાં ૫૦ રનની અંદર સાત વિકેટ ગુમાવી દીધી. બુધવારે એણે ફક્ત ૩૬ રનના સ્કોર પર સાતમી વિકેટ ગુમાવી હતી.

અફઘાનિસ્તાન ક્રિકેટજગતના જે પણ પહેલા આઠ ફુલ મેમ્બર રાષ્ટ્ર સામે વન-ડે મૅચો રમ્યું છે એમાં સાઉથ આફ્રિકાના ૧૦૬ રન એની (અફઘાનિસ્તાન) સામેનો એનો લોએસ્ટ સ્કોર છે. વેસ્ટ ઇન્ડિઝના ૧૪૯ રન બીજા સ્થાને અને શ્રીલંકાના ૧૫૮ રન ત્રીજા ક્રમે છે. અફઘાનિસ્તાને ઝિમ્બાબ્વેને ત્રણ વાર ૧૦૦ કે વધુ ટોટલ પર અને આયરલૅન્ડને એક વાર ૧૦૦ રન પર ઑલઆઉટ કર્યું છે, પરંતુ મોટા ક્રિકેટ-દેશોમાં સાઉથ આફ્રિકાના માત્ર ૧૦૬ રન અફઘાનિસ્તાન માટે મોટી સિદ્ધિ છે. સાઉથ આફ્રિકાએ વન-ડેમાં પહેલા બૅટિંગ કરી હોય એવા ટીમ-ટોટલમાં ૧૦૬ રન ત્રીજા નંબરે છે. ઇંગ્લૅન્ડ સામેના ૮૩ રન અને ભારત સામેના ૯૯ રન પહેલા બે નંબરના એના લોએસ્ટ-ટોટલ છે.

વન-ડેમાં સાઉથ આફ્રિકાના ટોચના છ બૅટર કુલ મળીને માત્ર ૩૨ રન બનાવી શક્યા. પહેલા છ બૅટર જેમાં આઉટ થયા હોય એવા ટોટલ્સમાં હવે ૩૨ રન એનો નવો લોએસ્ટ સ્કોર છે.

અફઘાનિસ્તાનનો ફારુકી તેના દેશ વતી ૧૦૦ ઇન્ટરનૅશનલ વિકેટ લેનાર દોલત ઝદ્રાન અને ગુલબદિન નઇબ પછીનો ત્રીજો પેસ બોલર છે. ■

# વિરાટે પણ સસ્તામાં વિકેટ ગુમાવતાં જ ડ્રેસિંગ-રૂમમાં બેઠેલો રોહિત થયો નિરાશ

ચેન્નઈઃ અહીં ગુરુવારે શરૂ થયેલી સિરીઝની પ્રથમ ટેસ્ટમાં પ્રારંભનો તબક્કો બાંગ્લાદેશનો હતો, પરંતુ ત્યાર પછી રમતના અંત સુધીનો આખો સમય ટીમ ઇન્ડિયાના નામે લખાયો હતો. મૅચના આરંભમાં બાંગ્લાદેશના ખેલાડીઓ ખૂબ હસ્યા અને નાચ્યા, પરંતુ છેલ્લું અટ્ટહાસ્ય ભારતનું હતું. પાકિસ્તાનને એની જ ધરતી પર ઐતિહાસિક ટેસ્ટ-સિરીઝમાં હરાવીને ભારત આવેલી બાંગ્લાદેશની ટીમનો યુવા પેસ બોલર હસન મહમૂદ ગુરુવારે શરૂઆતમાં સ્ટાર હતો તો યશસ્વી જયસ્વાલની ૫૬ રનની કમાલની ઇનિંગ્સ બાદ સેન્ચુરી સાથે નૉટઆઉટ રહેનાર રવિચન્દ્રન અશ્વિન સુપરસ્ટાર બન્યો હતો અને ૮૬ રને રમી રહેલો રવીન્દ્ર જાડેજા તેના સપોર્ટિંગ રોલમાં હતો. જોકે એ પહેલાં, સવારની પળો ટીમ ઇન્ડિયા માટે ખૂબ નિરાશાજનક હતી. ખાસ કરીને વિરાટ કોહલીની વિકેટે ભારત તરફી કરોડો ક્રિકેટપ્રેમીઓને આંચકો આપ્યો હતો.

ભારતની ઇનિંગ્સની ૧૦મી ઓવર બાંગ્લાદેશના હસન મહમૂદે કરી હતી જેના બીજા બૉલમાં ભારતના ૩૪ રનના કુલ સ્કોર પર તેણે વિરાટ કોહલી (૬ રન)ને વિકેટકીપર લિટન દાસના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.

હજી થોડી વાર પહેલાં કૅપ્ટન રોહિત શર્મા (૬ રન) અને શુભમન ગિલ (૦)ને પૅવિલિયનમાં મોકલી ચૂકેલા મહમૂદે કોહલીને ઑફ સ્ટમ્પની બહાર બૉલ ફેંકીને લલચાવ્યો હતો અને કોહલી તેનો શિકાર થઈ ગયો હતો. કોહલીના બૅટની એજ લાગી અને દાસે આસાન કૅચ પકડી લીધો હતો.

ખુદ કોહલી ભારે નિરાશા સાથે પાછો આવી રહ્યો હતો ત્યારે ડ્રેસિંગ-રૂમમાં બેઠેલા કૅપ્ટન રોહિતનો ચહેરો ગમગીન થઈ ગયો હતો. તે પોતાની વિકેટ સસ્તામાં ગુમાવી બેઠો હતો એના આઘાતમાંથી બહાર આવે એ પહેલાં ગિલ પણ પાછો આવી ગયો હતો અને કોહલી પર તેને ખૂબ ભરોસો હતો, પરંતુ એ પણ છ રન બનાવીને વિકેટ ગુમાવી બેઠો એટલે રોહિતના ચહેરા પર ભારે નિરાશા છવાઈ ગઈ હતી. જોકે યશસ્વી ક્રીઝમાં અડીખમ હતો એનો તેને આનંદ જરૂર હશે. ■

### બન્ને દેશની પ્લેઇંગ-ઇલેવનઃ

ભારતઃ રોહિત શર્મા (કૅપ્ટન), યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, વિરાટ કોહલી, રિષભ પંત (વિકેટકીપર), કે. એલ. રાહુલ, રવિચન્દ્રન અશ્વિન, રવીન્દ્ર જાડેજા, જસપ્રીત બુમરાહ, આકાશ દીપ અને મોહમ્મદ સિરાજ.

બાંગ્લાદેશઃ નજમુલ શૅન્ટો (કૅપ્ટન), શાદમાન ઇસ્લામ, ઝાકિર હસન, મુશ્ફીકુર રહીમ, મોમિનુલ હક, શાકિબ અલ હસન, લિટન દાસ (વિકેટકીપર), મેહદી હસન મિરાઝ, નાહિદ રાણા, તસ્કીન અહમદ અને હસન મહમૂદ. ■

### કોહલીની વિકેટનો અને રોહિતની નિરાશાવાળો વીડિયો વાઇરલ થયો હતો

ચેન્નઈમાં લાલ માટીની પિચ પર બાંગ્લાદેશે ટૉસ જીતીને ફીલ્ડિંગ લીધી અને પછી ૩૪ રનમાં ભારતની ત્રણ વિકેટ લઈ લીધી એટલે કૅપ્ટન નજમુલ શૅન્ટોનો નિર્ણય યોગ્ય સાબિત થયો હતો.

જોકે પછીથી યશસ્વી, રિષભ પંત તેમ જ ખાસ કરીને આર. અશ્વિન અને રવીન્દ્ર જાડેજાએ ભારતીય ટીમને મુશ્કેલીમાંથી ઉગારી લીધી હતી અને રમતના અંતે ભારતનો સ્કોર છ વિકેટે ૩૩૯ રન હતો. ભારતે આ પહેલાં રમાયેલી ટેસ્ટ-સિરીઝમાં ઇંગ્લૅન્ડને ૪-૧થી હરાવ્યું હતું. જોકે બાંગ્લાદેશની ટીમ પાકિસ્તાનને એની જ ધરતી પર ૨-૦થી હરાવીને ભારત આવી છે. ■

# મહિલા પ્લેયર સાથે અસભ્ય વર્તન બદલ ભૂતપૂર્વ ક્રિકેટર ઉપર ૨૦ વર્ષનો પ્રતિબંધ

## દુલીપ સમરવીરા શ્રીલંકા વતી ટેસ્ટ અને વન-ડે રમ્યો હતો

સિડનીઃ શ્રીલંકા વતી ત્રણ દાયકા પહેલાં ટેસ્ટ-ક્રિકેટ રમી ચૂકેલા દુલીપ સમરવીરા નામના ભૂતપૂર્વ ખેલાડીએ ઑસ્ટ્રેલિયામાં વિક્ટોરિયા સ્ટેટની મહિલા ટીમની એક ખેલાડી સાથે અસભ્ય વર્તન કર્યું એ બદલ સમરવીરા પર ઑસ્ટ્રેલિયામાં ૨૦ વર્ષનો પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે. બાવન વર્ષનો સમરવીરા બે દાયકા સુધી ઑસ્ટ્રેલિયાની ક્રિકેટમાં કોઈ પણ પ્રકારનો હોદ્દો નહીં મેળવી શકે.

શ્રીલંકા વતી ૧૯૯૩થી ૧૯૯૫ દરમ્યાન સાત ટેસ્ટ અને પાંચ વન-ડે રમનાર રાઇટ-હૅન્ડ બૅટર અને ઑફ-સ્પિનર સમરવીરા બાવન વર્ષનો છે. તે સૌથી પહેલાં ૨૦૦૮માં ક્રિકેટ વિક્ટોરિયા સાથે બૅટિંગ-કોચ તરીકે જોડાયો હતો. તેણે આચાર સંહિતાની કલમ ૨.૨૩નો ભંગ કર્યો છે. તેણે જે મહિલા ક્રિકેટર સાથે અસભ્ય વર્તન કર્યું હતું તેણે ઑસ્ટ્રેલિયન ક્રિકેટનો સંપર્ક કરીને બધી વાત કરી એ બદલ બૉર્ડે મહિલાની પ્રશંસા કરી છે.



મે મહિનામાં સમરવીરાએ પોતાના કોચિંગ સ્ટાફમાં એક નિયુક્તિની ભલામણ કરી હતી જેને ક્રિકેટ બૉર્ડે ફગાવી દેતાં સમરવીરાએ વિક્ટોરિયાની મહિલા ટીમના હેડ-કોચના હોદ્દેથી રાજીનામું આપી દીધું હતું. જોકે તેના ગેરવર્તન વિશેની ફરિયાદ થતાં તેની વિરુદ્ધ તપાસ કરવામાં આવી અને હવે તેના પર બે દાયકાનો પ્રતિબંધ મુકાયો છે.

સમરવીરા પર બૅન મૂકતી વખતે ક્રિકેટ બૉર્ડે એવું જણાવ્યું કે 'સમરવીરાએ જે કંઈ કર્યું છે એ ક્રિકેટની ભાવનાની વિરુદ્ધ હોવા ઉપરાંત ક્રિકેટની મહાન રમતને લાંછન લગાડનારું છે જે જરાય સાંખી ન લેવાય.'■

# મૅન્ચેસ્ટર સિટી અને મિલાન વચ્ચેની મૅચ ૦-૦થી ડ્રૉ

જીનિવાઃ ચૅમ્પિયન્સ લીગ ફૂટબૉલ સ્પર્ધામાં બુધવારે મૅન્ચેસ્ટર સિટી અને ઇન્ટર મિલાન વચ્ચેની રોમાંચક મૅચ ૦-૦થી ડ્રૉમાં ગઈ હતી.

દરમ્યાન ઇંગ્લિશ પ્રીમિયર લીગની કટ્ટર હરીફ ટીમ આર્સેનલ સામેની રવિવારની મૅચ પહેલાં કેવિન ડિ'બ્રુઇનને ઈજા થતાં મૅન્ચેસ્ટર સિટીની ટીમ ચિંતામાં મુકાઈ ગઈ છે. સિટીએ ગયા મહિને ઇપ્સવિચ સામે ૪-૧થી જે મૅચ જીતી હતી એમાં કેવિને ગોલ કર્યો હતો.

બુધવારે કેવિનની ગેરહાજરીમાં સિટીએ વિજયથી વંચિત રહેવું પડ્યું હતું. બીજો મુખ્ય ખેલાડી અર્લિંગ હાલૅન્ડ પણ ગોલ નહોતો કરી શક્યો. સિટી વતી તેના ૯૯ ગોલ છે.

ચૅમ્પિયન્સ લીગમાં સિટીની ટીમ માર્ચ, ૨૦૨૨ બાદ પહેલી વાર હોમ ગ્રાઉન્ડ પરની મૅચમાં જીતથી વંચિત રહી છે.

જોકે યુરોપિયન ગેમ્સમાં સિટીની ટીમ હોમ ગ્રાઉન્ડ પર સતત ૩૨મી મૅચમાં અપરાજિત રહી છે. છેલ્લે ૨૦૧૮માં સિટીનો લાયન સામે ૧-૨થી પરાજય થયો હતો. ■

# શ્રેયસની ટીમમાં ત્રણ હાફ સેન્ચુરી બાદ સૅમસન ૧૧મી સદીથી ૧૧ ડગલાં દૂર

અનંતપુરઃ ચાર દિવસની મૅચોવાળી દુલીપ ટ્રોફીમાં ગુરુવારે નવા રાઉન્ડના પહેલા દિવસે ઇન્ડિયા-બી સામે ઇન્ડિયા-ડીએ પાંચ વિકેટે ૩૦૬ રન બનાવ્યા હતા. દેવદત્ત પડિક્કલ (૫૦), શ્રીકાર ભરત (બાવન) અને રિકી ભુઈ (૫૬)ની હાફ સેન્ચુરી બાદ વિકેટકીપર સંજુ સૅમસન ૮૯ રને નૉટઆઉટ હતો અને ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૧૧મી સેન્ચુરીથી ૧૧ રન દૂર હતો. તેની સાથે સારાંશ જૈન ૨૬ રને રમી રહ્યો હતો.

ઇન્ડિયા-બી વતી રાહુલ ચાહરે ત્રણ વિકેટ લીધી હતી. અભિમન્યુ ઈશ્વરનની ઇન્ડિયા-બી ટીમમાં સૂર્યકુમાર યાદવનો સમાવેશ કરાયો છે અને તેના પર્ફોર્મન્સ પર સૌની નજર રહેશે.

અનંતપુરના જ બીજા મેદાન પર ઇન્ડિયા-સી સામે ઇન્ડિયા-એ ટીમે સાત વિકેટે ૨૨૪ રન બનાવ્યા હતા. શાશ્વત રાવત ૧૨૨ રને નૉટઆઉટ હતો. ઇન્ડિયા-સી વતી અંશુલ કંબોજે ત્રણ તેમ જ વિજયકુમાર વૈશાકે બે વિકેટ લીધી હતી. ■

# નાગપુરની માલવિકાએ ઑલિમ્પિક મેડલિસ્ટ પછી હવે કૉમનવેલ્થ ચૅમ્પિયનને હરાવી!

## ચાઇના ઓપનમાં ભારતીય બૅડમિન્ટન ખેલાડી છવાઈ ગઈ

ચાન્ગઝોઉ (ચીન): મૂળ નાગપુરની અને ભારતની ટોચની મહિલા બૅડમિન્ટન ખેલાડીઓમાં ગણાતી માલવિકા બનસોડે ચીનમાં રમાતી ચાઇના ઓપન નામની સુપર-૧૦૦૦ બૅડમિન્ટન સ્પર્ધામાં બે દિવસમાં બે મોટા અપસેટ સરજ્યા છે. બુધવારે તેણે પ્રથમ રાઉન્ડમાં તાજેતરની પૅરિસ ઑલિમ્પિક્સની બ્રૉન્ઝ-મેડલિસ્ટ ઇન્ડોનેશિયાની ગ્રેગોરિયા મારિસ્કા તુન્જુન્ગને હરાવી હતી અને ગુરુવારે કૉમનવેલ્થમાં ચૅમ્પિયન બની ચૂકેલી સ્કૉટલૅન્ડની ક્રિસ્ટી ગિલ્મૉરને પરાજિત કરી હતી.

બાવીસ વર્ષની માલવિકાની વિશ્વમાં મહિલા બૅડમિન્ટન ખેલાડીઓમાં ૪૩મો ક્રમ છે. તેણે પૅરિસ ઑલિમ્પિક્સની કાંસ્યચંદ્રક વિજેતા ગ્રેગોરિયાને ૪૬ મિનિટમાં ૨૬-૨૪, ૨૧-૧૯થી હરાવી હતી અને હવે પોતાનાથી ચડિયાતી રૅન્કની (પચીસમા નંબરની) સ્કૉટલૅન્ડની ક્રિસ્ટી ગિલ્મૉરને ૨૧-૧૭, ૧૯-૨૧, ૨૧-૧૬થી પરાજિત કરી. ક્રિસ્ટી બે વખત કૉમનવેલ્થ ગેમ્સમાં ચૅમ્પિયન બની ચૂકી છે.

માલવિકા પહેલી વાર સુપર-૧૦૦૦ સ્તરની ટૂર્નામેન્ટની ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચી છે.

જોકે થોડા સમય પહેલાં ભારતની ભૂતપૂર્વ ઑલિમ્પિક મેડલિસ્ટ સાઇના નેહવાલને પરાજિત કરી ચૂકેલી માલવિકાએ હવે બે વાર વર્લ્ડ ચૅમ્પિયન બનેલી જાપાનની અકેન યામાગુચીનો રમવાનું હોવાથી તેની આકરી કસોટી થશે. યામાગુચી અગાઉ બે વાર માલવિકાને હરાવી ચૂકી છે, પરંતુ છેલ્લા મુકાબલામાં માલવિકાએ તેને ભારે સંઘર્ષ કરાવ્યો હોવાથી આ વખતે માલવિકા જીતશે તો નવાઈ નહીં લાગે. ■



# સુરેન્દ્ર હરમલકર એમસીએની ઍપેક્સ કાઉન્સિલની ચૂંટણીમાં જીત્યા

મુંબઈઃ સુરેન્દ્ર હરમલકર બુધવારે દીપન મિસ્ત્રીને ૯૦ વોટથી હરાવીને મુંબઈ ક્રિકેટ અસોસિયેશન (એમસીએ)ની ઍપેક્સ કાઉન્સિલના મેમ્બર બન્યા હતા. હરમલકરને ૧૮૫ મત અને મિસ્ત્રીને ૯૫ મત મળ્યા હતા. એક વોટ ગેરલાયક જાહેર કરાયો હતો.

અભય હડપ એમસીએમાં સેક્રેટરી બન્યા હોવાથી કાઉન્સિલમાં તેમના સ્થાન માટે આ ચૂંટણી થઈ હતી.


છેલ્લા થોડા મહિના દરમ્યાન એમસીએમાં કુલ ત્રણ ચૂંટણી થઈ છે. જૂનમાં એમસીએના પ્રમુખ અમોલ કાળેનું અકાળે અવસાન થતાં પ્રમુખપદની ચૂંટણી થઈ હતી. ભૂતપૂર્વ સેક્રેટરી અજિંક્ય નાઇક તેમના સ્થાને નવા પ્રમુખ તરીકે ચૂંટાયા છે. તેમના એ વિજય બાદ તેમના જૂથના સપોર્ટ સાથે અભય હડપનો અને હવે સુરેન્દ્ર હરમલકરનો વિજય થયો છે. ■

# મેટિની

## કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# ભાગતા ભૂતની ચોટલી ભલી...

### હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હોરર ફિલ્મોના એટલા સારા દિવસો આવ્યા છે કે સિક્વલ ફેક્ટરી ઉત્પાદનમાં એકદમ સક્રિય થઈ ગઈ છે





'ધ રાજસાબ'માં પ્રભાસ અને (જમણે) આયુષ્માન ખુરાના – રશ્મિકા મંધાના 'થંબા'માં

આ વર્ષના પહેલા છ મહિનામાં હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ગલ્લામાં ગયા વર્ષના પહેલા છ મહિનાની સરખામણીએ ઓછો ખણખણાટ થયો. ૨૦૨૩ના પહેલા અડધિયામાં રિલીઝ થયેલી ૨૫ ફિલ્મ (૩ હોલીવૂડ અને સાઉથની બે ડબ્ડ ફિલ્મ સહિત)નું બોક્સ ઓફિસ કલેક્શન ૧૮૪૩ કરોડ રૂપિયા હતું.

એની સરખામણીમાં આ વર્ષના પહેલા છ મહિના મોળા રહ્યા છે. બે હોલીવૂડ અને સાઉથની ૩ ડબ્ડ ફિલ્મ સહિત રિલીઝ થયેલી ૨૯ ફિલ્મ થાકી ૧૩૦૭ કરોડ રૂપિયા જ ગલ્લામાં આવી શક્યા છે. રિલીઝ થયેલી ૨૯ ફિલ્મમાંથી ૧ બ્લોકબસ્ટર (મુંજ્યા), ૧ સુપરહિટ (હનુમાન) અને ૩ હિટ (શૈતાન, આર્ટિકલ ૩૭૦ અને Godzilla x Kong: The New Empire) જેવો હિસાબ-કિતાબ રહ્યો.

જોકે, જુલાઈ- ઓગસ્ટ અને અડધા સપ્ટેમ્બરમાં બે ફિલ્મના (કલ્કિ ૨૮૯૮ એડી અને સ્ત્રી- ૨) બોક્સ ઓફિસ કલેક્શનથી વિલાઈ ગયેલા ચહેરા પર ફરી સ્મિત ફરક્યું. એમાંય 'સ્ત્રી-૨'ની અધધ સફળતાને પગલે હોરર ફિલ્મોની ફેક્ટરીના શટર ધડાધડ ખૂલી રહ્યા છે. નવા વિષય કરતાં સિક્વલનું નિર્માણ ધમાકેદાર રીતે માંડવામાં આવ્યું છે.

ગુજરાતી ભાષાની બહુ જ જાણીતી કહેવત છે 'ભાગતા ભૂતની ચોટલી ભલી'. તક મળે તો બનતો લાભ લઈ લેવો એ એનો ભાવાર્થ છે. હિન્દી ફિલ્મ ઉદ્યોગ બોક્સ ઓફિસ પર સડસડાટ દોડતી હોરર ફિલ્મના પ્રકારને રોકડી કરવા થનગની રહી છે એ સ્વાભાવિક ગણાય. અલબત્ત, આ ફિલ્મોમાંથી કેટલી ફ્લોર પર જશે, કેટલી પૂરી થશે અને કેટલી સફળ થશે એના વિશે અટકળ પણ ન કરી શકાય, કારણ કે પ્રેક્ષક માઈબાપને જે ગમ્યું એ ખરું. જોકે, ક્યારે શું ગમી જાય છે એની ખબર કદાચ એમને પણ નથી હોતી. કશુંક નવું- હેરત પામી જવાય- આંખો પહોળી થઈ જાય એવું જોવાની તાલાવેલી જરૂર હોય છે. હા, એની વ્યાખ્યા કરવી મુશ્કિલ હી નહીં, નામુમકિન છે.

હોરર ફેકટરીની ઊડીને આંખે વળગે એવું ઉદાહરણ છે દિગ્દર્શક પ્રિયદર્શન અને એક્ટર અક્ષય કુમારની 'ભૂત બંગલા'. અક્ષય કુમાર બહુ કપરા બોક્સ ઓફિસ કાળમાંથી પસાર થઈ રહ્યો છે. એક્ટરની છેલ્લી ડઝનથી વધુ કોશિશ ફિલ્મને આર્થિક પાયમાલીથી નથી બચાવી શકી. એક્ટર – ડિરેક્ટરની જોડીએ 'હેરાફેરી', 'ગરમ મસાલા', 'ભૂલભૂલૈયા', 'દે દના દન', અને 'ભાગમભાગ' જેવી સફળ ફિલ્મો આપી છે.

અક્ષય એક ધમાકેદાર સોલો હિટની તલાશમાં છે. બીજી તરફ પ્રિયદર્શને ૧૯૯૬ની 'વિરાસત'થી ૨૦૧૦ની 'ખટ્ટા મીઠા' દરમિયાન ૨૦ હિન્દી ફિલ્મો આપ્યા પછી છેલ્લા ૧૪ વર્ષમાં માત્ર ૪ ફિલ્મ હિન્દીમાં રજૂ કરી છે. એમને પણ ધમાકેદાર પુનર્પ્રવેશ કરવો હશે. સારી વાત એ છે કે પ્રિયદર્શન ફિલ્મના દિગ્દર્શક હોવા ઉપરાંત પટકથા લેખક અને સહ નિર્માતા સુધ્ધાં છે એટલે ટકોરાબંધ ફિલ્મની અપેક્ષા તો જરૂર રાખી શકાય.

હોરર ફેક્ટરીનું બીજું ઉદાહરણ છે 'તુંબાડ-૨' બનાવવાની ઘોષણા. ૨૦૧૮માં 'તુંબાડ'રિલીઝ થઈ ત્યારે વિવેચકોએ વાહ વાહ કરી, પણ દર્શકોએ ડિંગો દેખાડતા ખર્ચેલી રકમ પણ વસૂલ નહોતી થઈ શકી. 'સ્ત્રી- ૨'ની ધૂંઆધાર સફળતાને પગલે હોરર અનુકૂળ વાતાવરણ ઊભું થવાથી ફિલ્મને રી-રિલીઝ કરવામાં આવી છે અને જૂનું નુકસાન ભરપાઈ તો થઈ જ જશે, નફો પણ ઘરભેગો થશે એવું લાગે છે. આ પ્રતિસાદથી હરખઘેલા થઈ ફિલ્મના નિર્માતા – એક્ટર સોહમ શાહ સિક્વલ 'તુંબાડ ૨' બનાવવા તલપાપડ છે. અલબત્ત, એણે એક વાત પર ભાર આપ્યો છે કે એની ફિલ્મની વાર્તા 'સ્ત્રી' કે 'મુંજ્યા' કરતાં સાવ જુદી હશે.

'અમારી ફિલ્મમાં આધુનિક સમયની કોઈ વાત નથી. એક ચોક્કસ કાળખંડ આવરી લેવામાં આવશે. એમાં રાક્ષસ હશે. પ્રલય પણ હોઈ શકે છે.'

આજકાલ હોરર ફિલ્મો માટે વધી રહેલી પ્રીતિ જોઈ સિક્વલ બનાવવી વધુ આસાન રહેશે એવું સોહમ શાહનું માનવું છે.

'સ્ત્રી' અને હવે 'સ્ત્રી-૨' ધનવર્ષા કરવામાં સફળ રહી હોવાથી નિર્માતા દિનેશ વિજન અને ડિરેક્ટર અમર કૌશિકએ 'સ્ત્રી- ૩'ની તૈયારી શરૂ કરી દીધી છે. ગુજરાતી ફિલ્મ 'વશ'ની ઓફિશિયલ રિ-મેક 'શૈતાન' (અજય દેવગન - આર. માધવન) ૬૫ કરોડના બજેટમાં ૧૩૨ કરોડની કમાણી કરી શકી હતી. ફિલ્મ રિલીઝ પહેલા જ નિર્માતા કુમાર મંગત પાઠકે કહ્યું હતું કે 'અમે ૪૦ દિવસમાં જ શૂટિંગ પૂરું કરી દીધું હતું અને એની સિક્વલ 'શૈતાન-૨'ની રૂપરેખા અમારા દિમાગમાં તૈયાર છે.'

નુસરત ભરૂચાની 'છોરી' (૨૦૨૧)ની સિક્વલ 'છોરી-૨' પણ બનાવવાની ઘોષણા થઈ ગઈ છે. સિક્વલમાં નુસરત સાથે સોહા અલી ખાન પણ જોવા મળશે. પહેલી ફિલ્મની માફક બીજી પણ ઓટીટી પ્લેટફોર્મ પર જ રજૂ કરવામાં આવશે.

બંને 'સ્ત્રી' ફિલ્મના નિર્માતા 'વેમ્પાયર ઓફ વિજયનગર' નામની ફિલ્મ બનાવી રહ્યા છે. ફિલ્મમાં લીડ રોલ માટે પહેલા આયુષ્માન ખુરાના અને સામંથા રૂથ પ્રભુને સાઈન કરવામાં આવ્યા હતા. જોકે, પછી કશુંક બન્યું અને હીરોઈન તરીકે સાઉથની જ રશ્મિકા મંધાના આવી ગઈ. ફિલ્મના દિગ્દર્શક છે આદિત્ય સરપોતદાર, જેમણે 'મુંજ્યા' અને 'કાકુડા' (ઓટીટી રિલીઝ - સોનાક્ષી સિંહા અને રિતેશ દેશમુખ) જેવી હોરર કોમેડી ફિલ્મ બનાવી હતી. જોકે, હવે આ ફિલ્મનું નામ બદલી 'થંબા' નક્કી કરવામાં આવ્યું છે. ફિલ્મમાં વર્તમાન અને ભૂતકાળને સાંકળી વિશિષ્ટ કથા કહેવામાં આવશે એવો દાવો કરવામાં આવ્યો છે.

'બાહુબલી'થી હિન્દી ફિલ્મ દર્શકોમાં જાણીતા બનેલા પ્રભાસે પણ એક હોરર કોમેડી ફિલ્મ 'ધ રાજાસાબ'માં કામ કરવાનું સ્વીકાર્યું છે. આ ફિલ્મ તેલુગુ તેમજ હિન્દીમાં બનશે. પેન ઈન્ડિયા ફિલ્મ તરીકે રજૂ થનારું આ ચિત્રપટ હોરર કોમેડી અને રોમેન્સનું મિશ્રણ હશે એવો દાવો કરવામાં આવ્યો છે. હોરરમાં રોમેન્સનો વઘાર, લ્યો કરો વાત!

દિવાળીમાં 'ભૂલભૂલૈયા ૩' રિલીઝ થઈ રહી છે. પહેલી પ્રિયદર્શને ડિરેક્ટ કરી હતી, જ્યારે બીજી અને ત્રીજીમાં એ જવાબદારી અનીસ બઝમીએ સંભાળી છે. બીજી ફિલ્મનો હીરો કાર્તિક આર્યન ત્રીજીમાં રિપીટ કરવામાં આવ્યો છે અને વિદ્યા બાલન તેમજ માધુરી દીક્ષિત સરપ્રાઈઝ તરીકે છે. ત્રીજો ભાગ હજી રિલીઝ થાય એ પહેલા 'ભૂલભૂલૈયા-૪'નાં ગીત વાગવા લાગ્યા છે અને પહેલી ફિલ્મમાં રાધા ચતુર્વેદીનો રોલ કરનારી અમિષા પટેલની પસંદગી પાર્ટ ૪માં કરવામાં આવશે કે કેમ એ વિશે તર્ક- વિતર્ક કરવામાં આવી રહ્યા છે. જો 'ભૂલભૂલૈયા-૩' બોક્સ ઓફિસ પર સફળ સાબિત થશે તો ચોથા ભાગ માટે હિલચાલ તીવ્ર બનશે એવું કહેવાય છે.

ટૂંકમાં બે વર્ષ પહેલાં જેમ ફિલ્મમેકરો 'ધર્મમ શરણં ગચ્છામિ'નો જાપ કરી રહ્યા હતા એમ હવે હોરરનાહેવાયા થઈ રહ્યા છે. કદાચ એવું પણ બને કે તમે કારમાં બેઠા હો અને વિન્ડો બહાર નજર નાખશો ત્યાં ડરાવણા પોસ્ટર્સ ધરાવતા હોર્ડિંગ દેખાશે. ગભરાતા નહીં, કારણ કે હવે હોરર ફિલ્મો ડરાવવાની સાથે વધુ હસાવવા પર ધ્યાન આપી રહી છે. ■




## અરવિંદ વેકરિયા



# લોકો મનમાં ઊતરે એને સંભાળી રાખવા, મનથી ઊતરે એનાથી સંભાળવું

આ અગાઉ મે જણાવ્યું તેમ કુમુદ બોલેનાં લગ્ન થયા પછી મેં એમને ઘણા ફોન કર્યા પણ મને એમનો સંપર્ક થયો નહિ. મારાં ગુરુ વિજય દત્તનાં પત્ની, મુકતા વિજય ભટ્ટે મને કહ્યું કે કોઈ ખબર કુમુદનાં મળે તો કહેજે. એમણે 'બહુરૂપી' સંસ્થામાં પણ કામ કરેલું. મુકતાભાભીનું કહેવું હતું કે એ સ્વભાવની અને ઉમદા કલાકારા હતી, જે મેં પણ મારા આ નાટક દરમિયાન અનુભવ્યું હતું.

કુમુદબહેન મારાં મનમાં રહી ગયેલાં એમના ઉમદા સ્વભાવ ને સહકારની ભાવનાથી. લોકો મનમાં ઊતરે છે એને સંભાળીને રાખવા, પણ જે સાવ મનથી ઊતરી જાય એનાથી સંભાળવું. કુમુદબહેનની મેં શોધખોળ કરી. નિરંજન પંડ્યા(ઝરુખો') ને મેં વાત કરી. એમનાં

જણાવ્યાં મુજબ કુમુદબહેનની પુત્રી યુ.કે. માં રહે છે. એ પહેલાં બાંદ્રા હતાં, ત્યાંથી સુરત શિફ્ટ થયેલાં. દુઃખદ વાત કે એ હવે હયાત નથી. એમની પુણ્ય-તિથિ પાંચમી ડિસેમ્બરે છે. આ માહિતી અને એમનો ફોટો નિરંજનભાઈએ મીનળ પટેલ પાસેથી મેળવ્યાં. બંનેનો આભાર.એમનાં નિધનના સમાચારથી મનમાં ગ્લાની પેદા થઈ ગઈ. ખરેખર, સંબંધ અને રસ્તા પૂરા થઈ જાય ત્યારે પગ નહિ, દિલ થાકી જાય છે. 'બહુરૂપી'માં એમણે 'અનુકંપા' અને 'ચકડોળ' વગેરે નાટકો કર્યાં હતાં. પ્રભુ એમનાં આત્માને શાંતિ આપે.....



કુમુદ બોલે

મૂળ વાત પર આવીએ

'વાત મધરાત પછીની' મુંબઈમાં માર-માર ચાલતું હતું એટલે બહારગામ (ગુજરાત-સૌરાષ્ટ્ર) જવાનો વિચાર જ નહોતો કર્યો. એ વખતે ગુજરાતમાં વધુમાં વધુ રૂપિયા ૩૫/-ની જ ટિકિટ રખાતી એટલે બે છેડા ભેગાં કરી થોડો નફો બચાવવો નિર્માતા માટે મુશ્કેલ રહેતો. તુષારભાઈની અમદાવાદવાળી જીદ તો લમણે લાગી ગઈ હતી. ચંદ્રવદન ભટ્ટે ભાવનગર માટે લીલી ઝંડી બતાવી. ત્યાં પાછો ફેરફાર થયો. ભાવનગરને બદલે આણંદમાં બે શો નક્કી થયા.ધનવંત શાહે ટ્રેન બુકિંગ કરાવી લીધું. શો બે હતા, પણ કલાકારોમાં ઉત્સાહ બાવીસ'નો હતો. શો ગોઠવ્યા એ તિથિ પ્રમાણે ચૌદશ-અમાસ હતા. પત્ની ભારતીએ કહ્યું, આ ભારે દિવસો છે. પહેલીવાર ટુર કરો છો તો થોડું આગળ-પાછળ થાય તો કરાવો. હું આવી અંધશ્રદ્ધામાં બહુ માનતો નથી છતાં મેં ભટ્ટસાહેબને આ વાત કરી. ભટ્ટસાહેબ ખડખડાટ હસ્યા. મને કહે, 'અહીંથી તો આપણે તેરસને દિવસે જ નીકળવાના ને? કામની શરૂઆત માટે ચોઘડિયા જોવાય, પરિણામ ક્યારેય ચોઘડિયાં જોઇને નથી આવતું. નાટક અહીં 'હીટ' છે તો ત્યાં પણ પરિણામ સારું જ આવશે'. એમની સલાહ માથે ચડાવી એક રાત્રે ટ્રેનમાં નીકળી પડ્યાં. આણંદ વહેલી સવારે પહોંચી ગયા.

આજે તો કલાકારોને રહેવાની સરસ વ્યવસ્થા મળી રહે છે, એ વખતે એવું નહોતું. તુષારભાઈ જગ્યા જોઇને બગડ્યા. કહ્યું, 'અભયભાઈ કલાકારો આવી જગ્યામાં નહિ રહે. ચાલો ભ. જો. (ભરત જોશી આપણે કોઈ હોટેલ નક્કી કરી આવીએ.' બંને નીકળ્યા અને 'રાજધાની' નામની હોટલ બુક કરી અભયભાઈ અને ધનજી સોલંકી સહિત બધા કલાકારો હોટલ પર પહોંચી ગયા. નાટકનો સેટ અમદાવાદથી 'સાયોનારા' માંથી આવી ગયો. રાત્રે ૯ વાગ્યાંનો શો હતો. અભયભાઈ અને ધનજીભાઈ ખુશ હતા.

બુકિંગ સારું હતું. ત્યાં મોંકાણનાં સમાચાર મળ્યાં. આ શો ઓપન-એરમાં હતો. સ્ટેજ કાયમી ધોરણે બાંધેલું હતું. આ સરકારી ગ્રાઉન્ડ હતું. બીજે દિવસે ત્યાં કોઈ સરકારી સભા હતી. સમય પણ રાત્રે ૮ નો હતો. હવે કાયદા મુજબ જયારે સરકારી કાર્યક્રમ હોય તો એ દિવસે જે પ્રોગ્રામ હોય એ રદ કરી સરકારી કાર્યક્રમનું જ આયોજન થાય. તમે કઈ દલીલ ન કરી શકો. એમને જ અગ્રતા હોય. એક દિવસ કોઈ કામ વગર કલાકારો સાથે રહેવું એટલે બજેટની ઊથલ-પાથલ થઈ જાય. મને પત્ની ભારતીએ કહેલ 'ભારે દિવસ'ની યાદ આવી ગઈ, પણ આવી 'અંધશ્રદ્ધા' બાબત વધુ વિચારવાનું છોડી મનને મજબૂત કરી લીધું. હવે મુંબઇ પાછા ફરવું કે કામ વગરનો એક દિવસ આણંદમાં પસાર કરવો?

એ રાત્રે શો તો કર્યો. અકડેઠઠ પ્રેક્ષકો વચ્ચે શો ભજવાયો. સુંદર પ્રતિસાદ લોકોનો મળ્યો. અભયભાઈ અને ધનજીભાઈ મૂળ અમદાવાદના એટલે પાક્કા ગણતરીવાળા. એમની ઈચ્છા કે એક શો તો થઇ ગયો.બીજીવાર કરીશું. એક દિવસના ખોટા હોટલના અને કલાકારોના ખાવા-પીવાનાં ખોટા ખર્ચ કરવાનો અર્થ નથી. આયોજન એમનું હતું. અમને ફિક્સ રકમ મળવાની હતી. આ લોકો જો વધુ એક દિવસ રહી જાય તો 'નફાની' વાત 'તોટા'માં ફરી જાય.

જુઓ, શો સારો ગયો છે. આ નાનકડાં આણંદ ગામમાં નાટકની માઉથ પબ્લિસિટી સારી અને હકારાત્મક ફેલાય જશે. જે આવતીકાલનો એક દિવસ છે એનો બધો ખર્ચ હું ઉપાડી લઈશ.અભયભાઈ, તમારું બજેટ બે શો પૂરતું જ રહેશે. કાલના ખર્ચ માટે તમારે કોઈ નહાવા-નીચોવાનું નથી. પરમદિવસે તો થિયેટર છે જ. ત્યારે આપણે આપણો બીજો શો કરીશું. તુષારભાઈએ વિજયી અદામાં હુંકાર ભણ્યો. આ ફરક હતો અમદાવાદની ગણતરીમાં અને મુંબઈના પ્રેકટિકલ અભિગમનો, કલાકારના મોરલને બુસ્ટ કરવાનો. કમજોર ત્યારે ઊભો રહી જાય છે જયારે થાકી જાય છે અને વિજેતા ત્યારે ઊભો રહે છે જયારે એ જીતી જાય છે.■

******************

*કોરો કાગળ હોય કે રંગબેરંગી મન.*
*દિલ ત્યાં જ નમે જ્યાં હોય લાગણીનો સંગ.*


******************

**ડબલ રિચાર્જ**

પહેલી બેંચવાળા હોશિયાર ત્યાં સુધી જ હોય છે જ્યાં સુધી છેલ્લી બેંચવાળા ભણતા નથી.

## સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ


# ફિલ્મી ખાનદાની: સંબંધ બોલીવૂડ સ્ટાઈલ!



રાજેશ ખન્ના



દિલીપકુમાર



શત્રુઘ્ન સિન્હા

બોલીવૂડમાં દર શુક્રવારે શાકભાજીના ભાવની જેમ માણસની વેલ્યૂ બદલાતી હોય છે.સંબંધોના- દોસ્તીના દાવા રંગ બદલતા હોય છે. જ્યાં ટિકિટબારીની સફળતા જ એકમાત્ર અંતિમ સત્ય છે એવી ઈન્ડસ્ટ્રીમાં પણ માણસાઇ અને મૈત્રીના અનેક દાખલા છે.

આજકાલ તો ફિલ્મલાઇનને બદનામ કરવાની મોસમ પુરબહારમાં છે એવામાં અધૂરા તો યે મધુરા એવા ફિલ્મ-સ્ટાર્સનાં કેટલાક માનવીય કિસ્સા તથા દોસ્તીની દાસ્તાનો જાણવા જેવી ને માણવા જેવી છે..

સુપરસ્ટાર રાજેશ ખન્ના ૧૯૭૨-૭૩ના સમયમાં ખૂબ બિઝી, એમની પાસે મનમોહન દેસાઇ નામના નિર્માતા- નિર્દેશક 'રોટી' ફિલ્મમાં મહેમાન કલાકાર તરીકે એક નાનકડી ભૂમિકા કરાવવા ગયા. રાજેશ ખન્નાએ વાર્તા સાંભળી ને કહ્યું હું આમાં હીરો તરીકે રોલ કરીશ! મનમોહન દેસાઇએ કહ્યું કે એ શક્ય નથી, કારણ કે શત્રુઘ્ન સિંહાને ઓલરેડી સાઇન કરી લીધા છે. રાજેશ ખન્નાએ એ જ રાતે શત્રુજીના ઘરે ડોરબેલ દબાવી. બેઉની મહેફિલ શરૂ થઇ ને રાજેશ ખન્નાએ કહ્યું :

'હું એક દોસ્ત તરીકે તારી પાસે કશુંક માગવા આવ્યો છું.ના નહીં પાડે ને?' શત્રુએ કહ્યું : 'બોલ!' ખન્નાએ કહ્યું : 'રોટી ફિલમ મને કરવા દે મને એ રોલ બહુ ગમી ગયો છે!'

શત્રુએ તરત જ કહ્યું : 'બસ? એમાં શું?જા, તું કર!' અને આમ રાજેશ ખન્નાને વધુ એક સુપરહિટ ફિલ્મ 'રોટી' મળી!

આગળ જતા રાજેશ ખન્નાને એક ફિલ્મ મળી: 'દોસ્ત' અને એ ફિલ્મ એણે શત્રુને કરવા આપી! વિધિની વક્રતા જુઓ કે નેવુંના દાયકામાં બેઉ લોકસભાની ચૂંટણી સામસામે ખડા રહેલા ત્યારે રાજેશ ખન્નાને આ વાતનું દુઃખ પણ બહુ થયેલું કે મારો જ મિત્ર મારી સામે ચૂંટણી લડશે? બન્ને ચૂંટણી લડેલા ખરા, પણ બહુ જ ગરિમાપૂર્વક એ ચુનાવ તો રાજેશ ખન્ના જીતી ગયેલા, પણ વરસો સુધી એ શત્રુથી રિસાયેલા રહ્યા પણ પાછળથી એ રિસામણાં તૂટ્યા બાદ એકબીજાની દોસ્તી છેવટ સુધી રહેલી!

શત્રુઘ્ન સિંહાએ એક ઇટરવ્યુમાં કહેલું કે રાજેશ ખન્ના ગંભીર બીમારીમાં આખરી સમયે હોસ્પિટલમાં હતા ત્યારે શત્રુજી પણ એક સર્જરી માટે હોસ્પિટલમાં હતા. એમણે નક્કી કરેલું કે અહીંથી રજા મળતાં જ આખરે એક વાર કાકા ઉર્ફ રાજેશ ખન્નાને મળવા જઇશ, પણ એ પહેલાં જ એમની અભિનેત્રી પુત્રી સોનાક્ષીએ સમાચાર આપ્યા કે 'રાજેશ અંકલ અબ નહીં રહે..'

ભારતીય સિનેમાનાં દંતકથા સમાન નિર્દેશક ગુરુદત્તને પહેલી ફિલ્મનો પહેલો ચાન્સ દેવઆનંદે આપેલો , કારણ કે જ્યારે બન્ને ફિલ્મલાઈનમાં સ્ટ્રગલ કરતા હતા ત્યારે દેવસાહેબે વચન આપેલું કે 'જો હું સ્ટાર -નિર્માતા બનીશ તો તને (ગુરુદત્તને) ફિલ્મ બનાવવાનો ચાન્સ આપીશ' એ પછી દેવઆનંદે 'બાઝી' ફિલ્મ ગુરુદત્તની આપીને પોતાનું વચન નિભાવેલું.

એ જ રીતે 'કાગઝ કે ફૂલ' ફિલ્મની નિષ્ફળતા પછી ગુરુદત્ત ડિપ્રેશનનમાં હતા અને જે રાતે એમણે આત્મહત્યા કરેલી એ રાતે સૂતા પહેલાં રાજકપૂર સાથે લાંબી વાત કરેલી..રાજકપૂરે પછી કહેલું કે જો હું એ રાતે ગુરુને મળવા પહોંચી ગયો હોત તો કદાચ એ ખુદકુશી ના કરત!

૬૦ના દાયકામાં મુંબઈનાં કોઈ ખાલી ફ્લેટમાં મોતીલાલ નામનો પ્રસિદ્ધ એક્ટર એક જમાનાના સ્ટાર ચંદ્રમોહન સાથે બેઠો છે.આજે ચંદ્રમોહન પાસે પૈસો કે કામ નથી. એક જમાનાના બેઉ સ્ટાર્સ પોતપોતાની વેદનાનાં તાપણાં પાસે બેઠાં છે.આવી ઉદાસ સાંજ એમનું રોજનું રુટિન છે, પણ આજે ચંદ્રમોહન વેટ-૬૯' નામની મોંઘી શરાબ એકલો એકલો પી રહ્યો છે. આ જોઇને મોતીલાલને નવાઈ લાગે છે કે, આજે એનો દિલદાર મિત્ર ચંદ્રમોહન એને એક પેગ પણ ઓફર કેમ નથી કરી રહ્યો? પછી મોડી રાત્રે મોતીલાલ ઘરે જવા નીકળે છે ત્યારે ચંદ્રમોહન બારણે આવીને એને ભેટીને કહે છે : 'સોરી યાર, આજે મેં તને એક પણ પેગ ઓફર ન કર્યો, કારણ કે સાચું કહું? 'વેટ-૬૯ની પેલી વિદેશી શરાબની બોતલમાં હું દેશી દારૂ ભરીને પી રહ્યો હતો તો એ હું તને ઓફર કઈ રીતે કરું?! તું મારો મિત્ર ભલે છે , પણ મારાથી મોટો સ્ટાર છે, મારે એની આમન્યા તો જાળવવી જ જોઇએને? !' થોડા દિવસો પછી ચંદ્રમોહન ખિસ્સામાં એક પણ રૂપિયા વિના સડક પર મરી જાય છે.

'ઝિંદગી ખ્વાબ હૈ. ખ્વાબ મેં જૂઠ ક્યા ઔર ભલા સચ હૈ ક્યા?' જેવું યાદગાર ગીત ગાનારો મોતીલાલ પણ નિર્માતા બનીને, નુકસાન ઝીલીને ઝિંદગીને ખ્વાબની જેમ જીવીને એક દેવાદારની હાલતમાં મૃત્યુ પામે છે, પણ બેઉની દોસ્તીની કસમ આજેય લેવાય છે.

એક વાર 'યસ બોસ', 'ફિર ભી દિલ હૈ હિંદુસ્તાની' જેવી ફિલ્મોના નિર્દેશક અઝીઝ મિર્ઝા એક ટી.વી. સિરિયલના પ્રોજેક્ટ માટે દિલીપકુમારને મળવા ગયા. 'ફિલ્મસ્ટારનો પહેલો પ્રેમ' વિશે સ્ટારનો ઈન્ટરવ્યુ લઈને પછી એ જ ઘટનાને નવા કલાકારો પાસે ભજવીને વાર્તા રૂપે દેખાડવાનો એક કંસેપ્ટ હતો, જેની સ્ક્રિપ્ટ મેં લખેલી. અઝીઝ મિર્ઝાના પિતા સ્વ. અખ્તર મિર્ઝાએ દિલીપકુમારની 'નયા દૌર' જેવી અનેક ફિલ્મો લખેલી એટલે અઝીઝને નાનપણથી ઓળખે. સિરિયલનો વિષય વગેરે સાંભળ્યા પછી દિલીપકુમાર પોતાના પ્રથમ પ્રેમનો કિસ્સો દેખાડવા માટે ના કહી..પણ એમણે સમજાવીને કહ્યું 'અઝીઝ બેટા, મેરા ઈમાન નહીં માનતા ઉસ ઔરત કે બારે મેં સરેઆમ બાત કરને કે લિયે, આજ વો કસીકી બીવી હોગી, માં હોગી..ઔર યે બાત મૈં તુમ્હેં ફોન પે ભી મના કર સકતા થા લેકિન મૈંને તુમ્હેં મેરે ઘર પર બુલાયા,સાથ ખાના ખાયા, મેરી બાત સમઝાઈ ક્યૂંકિ અબ મૈં જબ ઝન્નત મેં મેરે દોસ્ત ઔર તેરે અબ્બા (અખ્તર મિર્ઝા) કો મિલૂંગા તો મૈં કમસે કમ યે તો કહ તો પાઉંગા કિ મૈંને તેરે બેટે કો સૂના ઔર સમઝાને કી કોશિશ તો કી! વર્ના રિશ્તોં કા મતલબ ક્યા?'

આને કહેવાય ખાનદાની શાલીનતા!

માન્યું કે કાવાદાવા અને ગળાકાપ સ્પર્ધાવાળા આ શો-બિઝમાં ઝગડાં, પોલિટિક્સ ખૂબ હોય છે, પણ રોજિંદી દુનિયા કરતાં દોસ્તી કે માનવીય સંબંધો પણ અહીં વધારે મજબૂત હોય છે. ■

# સિંગરની સાથે પલક મુચ્છલ છે ગરીબ બાળકો માટે મસિહા

વિશેષ
નિધિ ભટ્ટ

પોતાના મધુર અવાજથી લોકોનાં દિલો પર રાજ કરનારી પલક મુચ્છલ ખૂબ પ્રખ્યાત છે, તે ગરીબ બાળકો માટે મસિહા છે એવુ કહીએ તો એમાં ખોટું નથી. પોતાના માટે તો સૌ કોઈ જીવે છે, પરંતુ પરોપકારની ભાવના સાથે અન્યો માટે હંમેશાં ખડેપગે ઊભા રહેવાની ખુમારી કોઈકમાં જ જોવા મળે છે. બાળપણથી જ પલકમાં જરૂરતમંદ લોકોની સેવા કરવાની ભાવના જાગી હતી. ૭ વર્ષની ઉંમરથી જ તે બાળકોની મદદ કરતી આવી છે. જેમ જેમ તે મોટી થતી ગઈ તેમ-તેમ તેણે વધુ સંખ્યામાં બાળકોની મદદ કરવાનું શરૂ કર્યુ હતું.

પલક વિશે વિસ્તારમાં જાણીએ. પલકનો જન્મ ૧૯૯૨ની ૩૦ માર્ચે ઇન્દોરમાં થયો છે. બાળપણમાં તે જ્યારે સતત ત્રણ કલાક સુધી શૉમાં ગીત ગાતી ત્યારે એમાંથી મળતી ફીથી તે એક બાળકની હાર્ટની સર્જરી કરી શકતી હતી. જેમ-જેમ સમય પસાર થતો ગયો તેમ-તેમ તેની લોકપ્રિયતા વધતી ગઈ અને સાથે જ તેણે પોતાની ફીના માધ્યમથી વધુ ગરીબ બાળકોની હાર્ટની સર્જરી કરાવી હતી. ૧૯૯૯માં કારગીલ યુદ્ધ દરમ્યાન શહીદ જવાનોના પરિવારને મદદ કરવામાં પણ પલકે પાછીપાની નથી કરી. એ વખતે ઈન્દોરમાં આવેલી એક દુકાનમાં તેણે સતત એક અઠવાડિયા સુધી ગીતો ગાયા હતાં અને એમાંથી તેણે પચીસ હજાર રૂપિયા જમા કર્યા હતાં. એ જ વર્ષે જ્યારે ઓડિશામાં તોફાન આવ્યું હતું ત્યારે પણ પલકે મદદનો હાથ લંબાવ્યો હતો. આટલું જ નહીં ૨૦૦૦ની સાલમાં લોકેશ નામનાં એક બાળકને હાર્ટની ગંભીર સમસ્યા હતી અને તેની સર્જરી માટે તેના કુટુંબ પાસે પૈસા નહોતાં. એથી પલકે તેના માટે કોન્સર્ટ યોજીને ૫૧ હજાર રૂપિયા ભેગા કર્યા હતાં. એ વખતે બેન્ગલૂરુના કાર્ડિયોલોજીસ્ટ દેવી પ્રસાદ શેટ્ટીએ પોતાની ફી જતી કરી હતી. એ જ વર્ષે અનેક ચૅરિટી શૉ પલકે કર્યા હતાં. ઈન્દોરની હૉસ્પિટલે તો નક્કી કર્યું છે કે પલક જે પણ બાળકની સર્જરી કરાવશે તે બાળકની ફીમાં પચાસ ટકાનો ઘટાડો કરવામાં આવશે. સાથે જ ત્યાંના એક સર્જન ધીરજ ગાંધીએ તો પોતાની ફી જતી કરવાનો ફેસલો લીધો છે. હૉસ્પિટલે તો પલકને ઑપરેશન થિયેટરમાં હાજર રહેવાની પણ પરવાનગી આપી છે. સર્જરી દરમ્યાન તે સતત જૈન ધર્મના નવકાર મંત્રોનો જાપ કરતી હોય છે.





૨૦૦૧માં ગુજરાતમાં આવેલા ગોઝારા ભૂકંપ વખતે પીડિતોની મદદ માટે પણ પલક આગળ આવી હતી. પાકિસ્તાનમાં રહેતી બે વર્ષની બાળકીના હૃદયમાં કાણું હતું. ૨૦૦૩માં પલકે તેના માટે પણ મદદ કરી હતી. પલકની સંસ્થાનું નામ 'પલક મુછાલ હાર્ટ ફાઉન્ડેશન' છે. એના માધ્યમથી અનેક બાળકોના ચેહરા પર તે ખુશી લાવી છે. અત્યાર સુધીમાં પલકે પોતાના ગીતો દ્વારા ૩૦૦૦ બાળકની હાર્ટ સર્જરી કરાવી છે અને તેમને નવજીવન આપ્યું છે.

આજે પલક મુચ્છલ બૉલીવૂડમાં ખૂબ ફેમસ થઈ ગઈ છે, ત્યારે તેને ફિલ્મોના ગીતો ગાવાના વધુ પૈસા મળે છે અને એ જ પૈસા તે નેક કામમાં ઉપયોગમાં લે છે. આ કામમાં તેની સાથે તેનો નાનો ભાઈ પલાશ મુચ્છલ પણ જોડાયેલો છે. આ બન્ને દેશ-વિદેશમાં મ્યુઝિકલ કોન્સર્ટ કરે છે. એમાંથી તેમને અઢળક પૈસા મળે છે એ બધા પૈસા તેઓ પરોપકાર માટે ઉપયોગ કરે છે. તેની આવી દરિયાદિલીને લઈને તેનું નામ 'ગિનીસ બુક ઑફ વર્લ્ડ રૅકૉર્ડ' અને 'લિમ્કા બુક ઑફ વર્લ્ડ રૅકૉર્ડ'માં પણ નોંધાયું છે.


તેણે 'મેરી આશિકી', 'ચાહું મૈં યા ના', 'જુમ્મે કી રાત', 'કૌન તુઝે યું ચાહેગા', 'કાબિલ' અને 'ઉડ જા કાલે કાવા' જેવા અનેક ગીતોને પોતાનો અવાજ આપ્યો છે. ૨૦૨૨માં પલકે મ્યુઝિક કમ્પોઝર મિથુન સાથે લગ્ન કરી લીધા છે. મિથુન પણ પલકને નેક કાર્યોમાં પૂરતો સહકાર આપે છે.

પલકના પરોપકારના કાર્યોની અમિતાભ બચ્ચન, સલમાન ખાન અને સુભાષ ઘઈ સહિત અનેક સેલિબ્રિટીઝે પ્રશંસા કરી છે. આટલું જ નહીં સલમાન તો પલકને દીકરી સમાન માને છે. આ જ કારણ છે કે પલકે લગ્ન કરતા પહેલા સલમાનની મંજૂરી પણ માગી હતી.

પોતાના આ મિશન વિશે પલકે કહ્યું, 'મેં જ્યારે આની શરૂઆત કરી તો એ ખૂબ નાની પહેલ હતી. હવે એણે ખૂબ મોટું રૂપ ધારણ કરી લીધું છે. હું જે પણ કોન્સર્ટ કરું છું એમાંથી એકઠા થતાં પૈસાનો ઉપયોગ હું એ બાળકોની સર્જરીમાં કરું છું જેમના પેરન્ટ્સ ખર્ચો ઉઠાવવામાં સક્ષમ ન હોય. મને એક જવાબદારી લાગે છે. મને એ વાતની ખુશી છે કે ભગવાને મને આ નેક કામ કરવા માટે પસંદ કરી છે. મને એવું લાગે છે કે સિંગિંગ સમાજમાં પરિવર્તન લાવવા માટે સક્ષમ છે.'

# ફિલ્મ '૧૨૦ બહાદુર'માં મેજર શૈતાન સિંહ બન્યો ફરહાન અખ્તર

બૉલીવુડમાં બાયોપિક બનાવવાનો ટ્રેન્ડ ચાલુ છે. સૌ કોઈ અનસંગ હીરોઝ કે જેમના વિશે લોકોને વધુ માહિતી નથી, તેમને ફિલ્મ દ્વારા દેખાડવાનો પ્રયાસ કરવામાં આવે છે. એ જ કડીમાં ફરહાન અખ્તરે પણ પોતાની આગામી ફિલ્મની જાહેરાત કરી છે. એ અગાઉ તેણે મિલ્ખા સિંહની બાયોપિક 'ભાગ મિલ્ખા ભાગ' બનાવી હતી. ફરહાન અખ્તર ઍક્ટર, ડિરેક્ટર અને પ્રોડ્યુસર છે એ તો આપણે જાણીએ છીએ. તે હવે આપણાં દેશનાં બાહોશ સૈનિકોનાં બલિદાનને બિરદાવતા ફિલ્મ '૧૨૦ બહાદૂર' બનાવી રહ્યો છે. આ ફિલ્મમાં તે મેજર શૈતાન સિંહ બન્યો છે, જેમણે ભારત-ચીન યુદ્ધ દરમ્યાન દુશ્મનોને ખૂબ હંફાવ્યા હતાં. ૧૯૬૨ના એ યુદ્ધની સ્ટોરી છે, જેમાં રેઝાંગ લાની લડાઈ દેખાડવામાં આવશે. તેમની એ જ શૌર્યગાથા આપણને ફિલ્મના માધ્યમથી જોવા મળશે, જેની જાહેરાત ફરહાને તાજેતરમાં જ




કરી છે. ૨૦૨૧માં આવેલી સ્પૉર્ટસ-ડ્રામા ફિલ્મ 'તૂફાન' બાદ તે હવે ઍક્ટિંગમાં પાછો ફર્યો છે. '૧૨૦ બહાદુર'ને ફરહાન અને રિતેશ સિધવાણીના પ્રોડક્શન હાઉસ એક્સેલ એન્ટરટેઇનમેન્ટના માધ્યમથી પ્રોડ્યુસ કરવામાં આવી છે. આ ફિલ્મનો મોશન પોસ્ટર ઇન્સ્ટાગ્રામ પર શેર કરીને ફરહાને કૅપ્શન આપી, હું મેજર શૈતાન સિંહ પીવીસીના પરિવારનો દિલથી આભાર વ્યક્ત કરુ છું, કે જેમણે તેમનું પાત્ર ભજવવા માટે મારા પર ભરોસો રાખ્યો. તમારા પ્રેમ અને ટેકા માટે સૌનો ખૂબ ધન્યવાદ માનું છું.

કોણ છે મેજર શૈતાન સિંહ?

યુદ્ધમાં હાથમાં બોમ્બ ફાટ્યો તો પગ પર તેમણે બંદૂક બાંધીને દુશ્મનો સાથે લડાઇ કરી હતી. ૧૯૬૨ની ૧૮મી નવેમ્બરની એ કડકડતી સવાર હતી, જ્યારે મેજર શૈતાન સિંહ પોતાની સાથે માત્ર ૧૨૩ સૈનિકોને લઈને ૧૭૦૦૦ ફીટની ઊંચાઇ પર ચીનની અવળચંડાઈને જવાબ આપવા નીકળી પડ્યા હતાં. એ વખતે ચીને લગભગ ૧૬ હજાર સૈનિકોની સાથે ભારત પર હુમલો કરી દીધો હતો. મેજર શૈતાન સિંહ પાસે એ વખતે ૧૦૦ હાથગોળા, ૩૦૦-૪૦૦ રાઉન્ડ ગોળીઓ અને જૂની બંદૂકો હતી. આમછતાં મેજરે દેશની રક્ષા માટે યુદ્ધમાં ઝંપલાવ્યુ હતું. મેજરે સિનિયર અધિકારીઓ પાસે મદદ માગી હતી, પરંતુ મદદ ન મળી શકી. તેમને કહેવામાં આવ્યું કે સાથી સૈનિકોનો જીવ બચાવવા માટે પોસ્ટ પરથી હટી જાય. જોકે તેમણે નમવાને બદલે લડવાનું સ્વીકાર્યું. એ દરમ્યાન તેમના હાથમાં બોમ્બ ફાટ્યો હતો, પરંતુ તેમણે હિમ્મત હારી નહીં અને પગમાં બંદૂક બાંધીને અંતિમ શ્વાસ સુધી દુશ્મનો સાથે લડતા રહ્યા. ભારત-ચીન યુદ્ધ જ્યારે પૂરું થયું ત્યારે મેજર શૈતાન સિંહ વિશે ભાળ નહોતી મળી શકી, કારણ કે એ વખતે હિમવર્ષા ખૂબ થઈ રહી હતી. તેમનો દેહ બરફમાં જ દટાઈ ગયો હતો અને ત્રણ મહિના બાદ તેમનો પાર્થિવ દેહ મળી આવ્યો હતો.

# ક્વિઝ ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

અહીં આપેલાં ગીતોની ફિલ્મ અને પરદા પર દેખાતા કલાકારોનાં નામ જાણો છે?

## ક્વિઝ (અ) સાવન સ્પેશ્યિલ

૧) અબ કે સજન સાવન મેં
૨) રીમ ઝીમ ગીરે સાવન
૩) ઘનન ઘનન ગીર આયી બદરા
૪) ભીગી ભીગી રાતોમે મીઠી મીઠી બાતોંમે
૫) લગી આજ સાવનકી ફિર વો ઝડી હે
૬) એક લડકી ભીગી ભાગીસી
૭) યે મોસમ કી બારીશ યે બારીશકી બુંદે.

## ક્વિઝ (ઈ) સપ્ટેમ્બર સ્પેશ્યિલ

આ કઈ ફિલ્મોનાં ગીત છે તેમજ એના હીરોનાં નામ જાણો છો ?

૧) અભી મુઝમે કહી બાકી થોડી સી હે જિંદગી
૨) મેરી પ્યારી બહનિયા બનેગી દુલ્હનિયા
૩) અય મેરે પ્યારે વતન અય મેરે બિછડે ચમન
૪) હે પ્રીત જહાંકી રીત સદા
૫) ગોવિંદા આલા રે આલા જરા મટકી સંભાલ
૬) શોર મચ ગયા શોર દેખો આયા માખણચોર
૭) દોસ્ત દોસ્ત ના રહા

**જવાબ માટે જુઓ ફન વર્લ્ડ**



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| ठठेरा | પાનવાળો |
| अहीर | બુકબાઈન્ડર |
| जिल्दसाज | કંસારો |
| तमोली | કડિયો |
| राजगीर | ગોવાળ |

## ઓળખાણ પડી?



રાજકારણીનો રોલ કર્યો હતો એ અભિષેક બચ્ચનની ફિલ્મમાં કઈ અભિનેત્રીએ આઈપીએસ ઓફિસરનો રોલ કર્યો હતો એની ઓળખાણ પડી?

અ) અમૃતા અરોરા  બ) નિમરત કૌર  ક) યામી ગૌતમ  ડ) તાપસી પન્નુ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વ્ય | વ | ૨ સ્થા | ૩ પ | ૪ ક | | ૫ ઉ | ૬ દા | ૭ ર | ૮ તા |
| ત્ય | | ૯ પ | ર | મા | ત્મા | | ૧૦ ય | મ | ન |
| ૧૧ ય | ૧૨ જ | ન | | ના | | ૧૩ ખા | ણ | | પ |
| | મા | | ૧૪ ક | ર | ૧૫ મા | વું | | ૧૬ ગ | લ |
| ૧૭ વ્ય | વ | ધા | ન | | થા | | ૧૮ ગ | પા | ટા |
| ૧૯ વ | ટ | | ૨૦ ક | ૨૧ ર | ભા | ૨૨ ર | | ગ | |
| સા | | ૨૩ સ | | ૨૪ ખા | રે | ક | | ૨૫ પ | ૨૬ ટ |
| ય | | ૨૭ ફા | ળ | વ | | ૨૮ ઝ | ટ | | મા |
| | ૨૯ વાં | ચ | | ૩૦ ટ | ૩૧ પ | ક | | ૩૨ વા | ટ |
| ૩૩ એ | કી | ટ | સે | | ડ | | ૩૪ ક | સ | ર |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | | ૫ | ૬ |
| | | ૭ | | | ૮ | | | ૯ | |
| | | | | ૧૦ | | | | ૧૧ | |
| ૧૨ | | | ૧૩ | | | | ૧૪ | | |
| | | ૧૪અ- | | | ૧૪-બ | | | | |
| ૧૫ | ૧૬ | | | ૧૭ | | | ૧૮ | | |
| ૧૯ | | | ૨૦ | | ૨૧ | | | | ૨૨ |
| | ૨૩ | | | | ૨૪ | ૨૫ | | ૨૬ | |
| ૨૭ | | | | | ૨૮ | | ૨૯ | | |
| | | ૩૦ | | | | ૩૧ | | | |

આડી ચાવી

૧. અટકળે ઠોકનાર, ગપાટિયું (૫)
૪. પિતૃઓને યાદ કરવાનો સમય (૪)
૭. ઘોડા કે બળદનું વાહન (૨)
૮. પ્રેમ, લાગણી, કિંમત (૨)
૯. માફી (૨)
૧૦. એક જાતનાં ફૂલ (૩)
૧૧. શરીર, તન (૨)
૧૨. ડૂંડુ, કણસું (૪)
૧૪. કાચના ઝીણા ટુકડા (૩)
૧૪અ. --- રે લગન તારા નામની (૨)
૧૪બ. વાંદરો (૩)
૧૫. હંમેશાં (૩)
૧૮. છે ભોજમ મીઠી (૨)
૧૯. ધૂળ (૨)
૨૦. બળખા, કફ (૩)
૨૩. માગનાર, ભિખારી
૨૪. એક જંગલી પ્રાણી (૨)
૨૬ લશ્કર (૨)
૨૭. વ્યાજે લીધેલા પૈસા (૨)
૨૮. --- ના માથા પર પૃથ્વી ટકી છે (૪)
૩૦. જેનું પતન થયું છે (૩)
૩૧. જિંદગી (૪)

ઊભી ચાવી

૧. નિરીક્ષણ કરનાર (૭)
૨. ખાલી કે લુખી સલામ (૬)
૩. વિસામો, સંગીતનો એક પ્રકાર (૨)
૪. હિંદુઓનો પવિત્ર માસ (૩)
૫. પક્ષ લેનાર (૪)
૬. મિચ્છામિ દુક્કડમ (૫)
૮. વજનદાર (૪)
૧૩. પુરુષોનો રાત્રિ પહેરવેશ (૨)
૧૪. કચકચ, ખોટી બકબક (૪)
૧૬. મહેમાન અહીં આવે (૪)
૧૭. સમાચાર, ખબર, જાણ (૨)
૨૦. શિવપુત્ર (૪)
૨૧. આપણને કૈં પણ --- (૩)
૨૨. સંગીતનું સાધન (૨)
૨૫. આખલો, બીજો સ્વર, ઉત્તમ (જો.છૂ) (૩)
૨૬. મફત, નક્કામું (૩)
૨૭. પ્રજા, જનતા (૨)
૨૯. આપણે----ની ધોવાનો સંબંધ નહીં (૨)

## ગુજરાત મોરી મોરી રે

રવીન્દ્ર દવે દિગ્દર્શિત કઈ સુપરહિટ ગુજરાતી ફિલ્મમાં રીટા ભાદુડી અને અસરાનીની જોડીએ રૂપેરી પડદા પર ધમાલ મચાવી હતી એ જણાવો.

અ) કાશીનો દીકરો  બ) મા બાપ
ક) વાયા વિરમગામ  ડ) શેતલને કાંઠે

## જાણવા જેવું

'વિરાર કા છોકરા' તરીકે ખ્યાતિ મેળવનારા એક્ટર ગોવિંદા ૧૯૯૦ના દાયકામાં ડાન્સિંગ સ્ટાઈલ અને કોમિક ટાઇમિંગના જોરે હિન્દી ફિલ્મોમાં છવાઈ ગયો હતો. ૨૦૦૦ની સાલમાં આવેલી 'શિકારી' ફિલ્મમાં ગોવિંદાએ પહેલી વાર નેગેટિવ રોલ કર્યો હતો. ફિલ્મ સફળ નહોતી થઈ પણ ગોવિંદા ખલનાયક તરીકે પણ પ્રભાવ પાડી શક્યો હતો.

## સુડોકુ-૬૦૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | | | ૭ | | | ૪ | ૨ |
| ૪ | ૯ | | | | | | | |
| | | ૭ | ૮ | | | ૧ | | |
| ૬ | ૨ | | | ૪ | | | | |
| ૭ | | | | | | | | ૬ |
| | | | | ૨ | | | ૮ | ૭ |
| | | ૧ | | | ૭ | ૯ | | |
| | | | | | | | ૩ | ૧ |
| ૫ | ૪ | | | ૩ | | | ૬ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૬૦૮૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૬ | ૨ | ૭ | ૧ | ૮ | ૯ |
| ૨ | ૬ | ૧ | ૮ | ૯ | ૩ | ૪ | ૭ | ૫ |
| ૯ | ૮ | ૭ | ૧ | ૪ | ૫ | ૩ | ૨ | ૬ |
| ૬ | ૩ | ૯ | ૭ | ૧ | ૮ | ૨ | ૫ | ૪ |
| ૫ | ૧ | ૨ | ૩ | ૬ | ૪ | ૭ | ૯ | ૮ |
| ૪ | ૭ | ૮ | ૨ | ૫ | ૯ | ૬ | ૩ | ૧ |
| ૮ | ૯ | ૬ | ૪ | ૭ | ૨ | ૫ | ૧ | ૩ |
| ૧ | ૨ | ૩ | ૫ | ૮ | ૬ | ૯ | ૪ | ૭ |
| ૭ | ૫ | ૪ | ૯ | ૩ | ૧ | ૮ | ૬ | ૨ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

સાઉથની ફિલ્મોમાં નામના મેળવી 'એક દુજે કે લિયે'થી હિન્દી ફિલ્મોમાં પ્રવેશ કરનારા કમલ હસનની શ્રીદેવી સાથેની હિન્દી ફિલ્મનું નામ જણાવો.

અ) રાજ તિલક  બ) નગીના  ક) ચાલબાઝ  ડ) સદમા

## નોંધી રાખો

યાદ રાખજો કે જ્યારે દુનિયા આપણને કહે છે કે હાર માની લો, તે સમયે આશા આપણને કાનમાં કહે છે, ફરી એક વખત પ્રયાસ કરી લો.

## માઈન્ડ ગેમ

હોલિવૂડ ફિલ્મ 'ઇર્મા લ ડૂસ' પર આધારિત અને શમ્મી કપૂર દિગ્દર્શિત કઈ ફિલ્મમાં સંજીવ કુમાર અને ઝીનત અમાન લીડ રોલમાં હતા એ જણાવો.

અ) સ્વર્ગ નર્ક  બ) છૈલા બાબુ
ક) મનોરંજન  ડ) ખિલૌના

## ગયા શુક્રવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| छडी | સુગરી |
| छननी | સમડી |
| छरहरा | ઘુવડ |
| छानबीन | ચકલી |
| छिलका | પોપટ |

ગુજરાત મોરી મોરી રે
મોહમ્મદ રફી

ઓળખાણ પડી?
ટ્વિંકલ ખન્ના

માઈન્ડ ગેમ
દો રાસ્તે

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
અમજદ ખાન

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) સુરેખા દેસાઈ (૩) ડૉ. પ્રકાશ કટકિયા (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) મુલરાજ કપૂર (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) ધીરેન્દ્ર ઉદેશી (૧૦) પ્રતિમા પમાણી (૧૧) શીરીન ઔરંગાબાદવાલા (૧૨) તાહેર ઔરંગાબાદવાલા (૧૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૪) લજિતા ખોના (૧૫) વિભા મહેશ્વરી (૧૬) શ્રદ્ધા આશર (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મીનળ કાપડિયા (૨૧) કિશોર બી. સંઘરાજકા (૨૨) પુષ્પા પટેલ (૨૩) જ્યોતિ ખાંડવાલા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) રમેશ દલાલ (૩૦) હિના દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) હર્ષા મહેતા (૩૩) મહેશ દોશી (૩૪) જગદીશ ઠક્કર (૩૫) અરવિંદ કામદાર (૩૬) પ્રવીણ વોરા (૩૭) અંજુ ટોલિયા (૩૮) ભાવના કર્વે (૩૯) વિણા સંપટ (૪૦) દેવેન્દ્ર સંપટ (૪૧) રજનીકાંત પટવા (૪૨) સુનીતા પટવા (૪૩) નિતીન બજરિયા (૪૪) કલ્પના આશર (૪૫) પુષ્પા ખોના (૪૬) જયવંત પદમશી ચિખલ (૪૭) નયના ગિરીશ મિસ્ત્રી (૪૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૯) મહેશ સંઘવી (૫૦) નૂતન વિપિન

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)**
૧) 'ચુપકે ચુપકે': ધર્મેન્દ્ર - શર્મિલા ટાગોર ૨) 'મંઝિલ': અમિતાભ - મોસમી ચેટરજી ૩) 'લગાન': આમિર - ગ્રેસિ સિંહ ૪) 'અજનબી': રાજેશ ખન્ના - ઝીનત અમાન ૫) 'ચાંદની' : વિનોદ ખન્ના- શ્રી દેવી ૬) 'ચલતી કા નામ ગાડી': કિશોર કુમાર - મધુબાલા ૭) 'હાલ્ફ ગર્લફ્રેન્ડ': અર્જુન કપૂર- શ્રદ્ધા કપૂર

**ક્વિઝ (ઈ)**
૧) 'અગ્નિપથ' - હૃતિક રોશન ૨) 'સચ્ચા-ઝુઠા' - રાજેશ ખન્ના ૩) 'કાબુલીવાલા' - બલરાજ સહાની ૪) 'પુરબ ઔર પશ્ચિમ' - મનોજ કુમાર ૫) 'બ્લફ માસ્ટર' - શમ્મી કપૂર ૬) 'બદલા' - શત્રુઘ્ન સિન્હા ૭) સંગમ' - રાજ કપૂર - રાજેન્દ્ર કુમાર

પ્રકરણ ૬૬



# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

'પૂજા, એક મિનિટ માટે અમને એકલા વાત કરવા દઈશ?' જગમોહને નમ્રતાથી પણ મક્કમતાથી પૂજાને કહ્યું, કમરામાં વિક્રમ, પૂજા, ગાયત્રી અને જગમોહન હતાં.

પૂજાએ એક નજર ગાયત્રી તરફ ફેંકી, જાણે કહેતી હોય કે મારા પતિ સાથે ચર્ચા કરતી વખતે આ પારકી શા માટે હાજર રહે?

'ગાયત્રી, પ્લીઝ...' જગમોહને ગાયત્રીને પણ સંબોધીને કહ્યું. પૂજાના હોઠની કિનારી પર વિજયનું સ્મિત ફરક્યું. એ ગાયત્રી સામે જોતાં જોતાં કમરાની બહાર નીકળી ગઈ.

ગાયત્રી પણ બહાર નીકળવા ગઈ પણ વિક્રમના અવાજે એને અટકાવી દીધી.

'ગાયત્રી, તારે જવાની જરૂર નથી.' ગાયત્રી આશ્ચર્યથી વિક્રમ અને જગમોહન તરફ વારાફરતી જોવા લાગી. જગમોહન પણ અચંબામાં પડી ગયો.

વિક્રમ ગાયત્રીને શા માટે રોકે?

'પપ્પા, ગાયત્રી હાજર રહે તો તમને વાંધો છે?' વિક્રમે જગમોહનને પૂછી લીધું.

'જગમોહને બંને તરફ એક નજર નાખીને ખભ્ભા ઉલાળ્યા. 'ઓ.કે. મને શું વાંધો હોઈ શકે, મને એમ કે તારી કોઈ અંગત વાત...' જગમોહને જાણી જોઈને વાક્ય અધૂરું મૂક્યું.

'ના, ગાયત્રી સામે મારી કોઈ પણ અંગત વાત ચર્ચાય એમાં મને વાંધો નથી.'

'થેન્કયુ, વિક્રમભાઈ, આઈ એમ ઓનર્ડ...' ગાયત્રી બોલી.

જગમોહન મનમાં ખુશ થતો હતો પણ પોતાની ખુશી પ્રગટ ન થઈ જાય એની તેણે તકેદારી લીધી.

'ઓ.કે. વિક્રમ, આ શ્યામલી કોણ છે?' ઘરમાં પોલીસ આવી એ પછી પપ્પા આ વિશે ઊલટતપાસ લેશે એવો વિક્રમને ડર તો હતો જ. પણ એક દિવસ વીતી ગયા બાદ વિક્રમે ધારી લીધું હતું કે વાવાઝોડું ટળી ગયું.

અચાનક વાવાઝોડું દિશા બદલીને એના પર ત્રાટક્યું હોય એવા ભાવ એના ચહેરા પર તરવરી ઊઠયા.

આજે અચાનક પપ્પાને શ્યામલી શા માટે યાદ આવી?

'કોણ શ્યામલી... પપ્પા, તમે કોની વાત કરો છો?'

'વિક્રમ, અજાણ્યા બનવાની જરૂર નથી. જે મકાનમાં મિસિસ ગાંગુલીનું ખૂન થયું એ જ બિલ્ડિંગમાં રહેતી શ્યામલી ચક્રવર્તી... વિક્રમ, હું જાણું છું કે તું સ્ત્રીને ઓળખે છે અને અવારનવાર એના ફ્લેટની મુલાકાત લે છે.'

વિક્રમ નીચું જોઈ ગયો. ગાયત્રી મૂંઝવણભરી સ્થિતિમાં મુકાઈ ગઈ હતી. બાપ-દીકરા વચ્ચે આટલી અંગત વાત થતી હોય ત્યારે એની હાજરી યોગ્ય નહીં ગણાય એવું વિચારીને એણે બહાર જવા પગ ઉપાડયા.

'ગાયત્રી', જગમોહનના અવાજે એને અટકાવી દીધી, 'વિક્રમની જ ઈચ્છા હતી કે તું હાજર રહે એટલે હવે બહાર જવાની કોઈ જરૂર નથી. તું પણ જાણી લે મારા મોટા દીકરાનાં કરતૂત- દીવાન પરિવારના જયેષ્ઠ વારસદારનાં કારનામાં. આ ભાઈ એક પરાઈ સ્ત્રી સાથે સંબંધ બાંધીને બેઠા છે.'

'કાકુ પ્લીઝ, મારી હાજરીમાં વિક્રમભાઈનું અપમાન થાય એ મને નહીં ગમે. હું જાઉં છું...' ગાયત્રી ઉગ્ર સ્વરે બોલી.

'ના, ગાયત્રી', વિક્રમનો અવાજ ક્ષીણ હતો, 'તારે ક્યાંય જવાની જરૂર નથી.'

'ગાયત્રી, તું મારો દોષ દેખાડે છે.' જગમોહન ઉત્તેજિત સ્વરે બોલ્યો, 'તું જ મને કહે કે એક બાપને ખબર પડે કે એનો મોટો પરિણીત પુત્ર કોઈ પરસ્ત્રીના ચક્કરમાં ફસાયો છે તો એના પર શું વીતે...' જગમોહન ગુસ્સાથી સ્પષ્ટ બોલી પણ નહોતો શકતો.

ગાયત્રીને લાગ્યું કે આ ખૂબ નાજુક અને સંવેદનશીલ પળ હતી. એક પણ શબ્દ આડોઅવળો બોલાશે તો વાતને જુદો જ વળાંક મળી જશે.

'તું જ પૂછ વિક્રમને કે મારી વાત સાચી છે કે ખોટી?' જગમોહને ગાયત્રીને પૂછ્યું.

'કાકુ, વિક્રમભાઈનું મૌન જ સૂચવે છે કે તમારી વાત ખોટી નથી. હવે મારે એ જાણવું છે કે આ લગ્નેતર સંબંધ ભૂતકાળમાં હતો કે હજી ચાલુ છે... કેમકે ભૂતકાળમાં થયેલી ભૂલને માફ કરી શકાય પણ વર્તમાનમાં ચાલતા પાપનો બચાવ ન થઈ શકે...'

વિક્રમ ચૂપ રહ્યો. શું જવાબ આપવો એ એને સૂઝતું નહોતું.

'વિક્રમભાઈ, જ્યારે ભૂલ આપણી હોય ત્યારે ચૂપ રહેવાથી ગેરસમજ વધે છે અને ભૂલનું સ્વરૂપ પણ મોટું થતું જાય છે... તમારે ખુલાસો તો કરવો પડશે.' ગાયત્રીએ વિક્રમ પર દબાણ કર્યું.

'ગાયત્રી...' વિક્રમે વિચાર કરીને જવાબ આપ્યો, 'મારો શ્યામલી સાથેનો સંબંધ ગઈ કાલે પૂરો થયો એટલે કે આ સંબંધ ભૂતકાળનો હતો એમ કહી શકાય.'

'મારા લાડકા પુત્રને લગ્નેતર સંબંધ પાપ કહેવાય એવું બ્રહ્મજ્ઞાન કાલે જ લાધ્યું?' જગમોહન દાઢમાં બોલ્યો.

'કાકુ પ્લીઝ, આપણે હમણાં પાપ કે પુણ્યની વાત નથી કરતાં.' ગાયત્રીએ જગમોહનને ચૂપ કરી દીધો.

'ગાયત્રી,' વિક્રમે ખોંખારો ખાઈને વાત શરૂ કરી. પોતાના કરતા ઉંમરમાં નાની છોકરીને વાત કેવી રીતે કરવી એવી અવઢવ એક ક્ષણ માટે થઈ પછી હિંમત એકઠી કરીને એણે ગાયત્રીને શ્યામલી વિશે વિસ્તારથી વાત કરી દીધી. એક વરસાદી સાંજે શ્યામલી સાથે મુલાકાત, વધતો જતો સંબંધ, શ્યામલીના પતિ જેવા લાગતા એક દાઢીવાળા માણસ સાથે એ જ વિસ્તારમાં આકસ્મિક અથડામણ અને એ દાઢીવાળી વ્યક્તિનું શ્યામલીના ફ્લેટમાં જવું વગેરે બધી વાત વિક્રમે કહી દીધી.

'તને કેવી રીતે ખબર પડી કે એ દાઢીવાળો માણસ શ્યામલીના ફ્લેટની મુલાકાત લે છે?' જગમોહને પ્રશ્ન કર્યો.

'આપણે ત્યાં જે ઈન્સ્પેક્ટર પ્રમાણિક આવ્યો હતો એને મેં ફોડ્યો છે... એણે જ મને માહિતી આપી.' વિક્રમે સ્પષ્ટતા કરી.

'ઓહ મને એજ ચિંતા હતી કે તને એ ઈન્સ્પેક્ટર પ્રમાણિક થાણા પર લઈ જશે તો...' જગમોહને વાક્ય અધૂરું મૂક્યું.

'તો એ લિફ્ટમેન અને દરવાન મને ઓળખી કાઢશે... ખરું ને? મને પણ એ જ ચિંતા હતી, એટલે જ મેં એ ઈન્સ્પેક્ટરને સમજાવ્યો. એ બહુ જલદી માની ગયો...'

મારો દીકરો બિઝનેસ કરી શકશે, એવો એક વિચાર જગમોહનના મનમાં ઝબકી ગયો. મુશ્કેલીમાંથી માર્ગ કાઢતાં એને આવડે છે પણ આ સમય એને બિરદાવવાનો નથી. દીકરાએ જે કામ કર્યું હતું એ પ્રશંસાપાત્ર નહોતું જ.

'વિક્રમભાઈ, તમારી વાત પરથી એમ લાગે છે કે તમને ખાતરી છે કે શ્યામલી તમને છેતરે છે, એટલે ગઈ કાલે એની સાથે સંબંધ પૂરો થઈ ગયો એવું તમે કહો છો...' ગાયત્રીએ પૂછ્યું.

'હા, ગાયત્રી, મને ખાતરી થઈ ચૂકી છે કે એ દાઢીવાળો માણસ જ શ્યામલીનો પતિ છે અને એ બંનેએ મળીને મને ફસાવવાનું કાવતરું રચ્યું છે.'

'વિક્રમ, જો શ્યામલી તને છેતરતી ન હોત તો તે એની સાથે સંબંધ ચાલુ રાખ્યા હોત, ખરુંને? જગમોહને પૂછી નાખ્યું.

'કાકુ, આ બધી વાતોનો અહીં કોઈ અર્થ નથી. હકીકત એ છે કે વિક્રમભાઈ એક મુશ્કેલીમાં ફસાયા છે અને આપણે ભેગાં મળીને એમને એમાંથી બહાર કાઢવાના છે...' ગાયત્રીએ વિક્રમનો બચાવ કર્યો.

'ગાયત્રી, તેં પેલી કહેવત સાંભળી છે? ખાડો ખોદે તે પડે. અહીં ફરક માત્ર એટલો જ છે કે વિક્રમે પોતાના માટે જ ખાડો ખોદ્યો અને એમાં પડ્યો.' જગમોહનના અવાજમાં ધાર હતી.

વિક્રમ પપ્પાની સાથે નજર મિલાવી ન શક્યો. 'કાકુ, ભૂલ દરેકથી થાય. કોઈ પરસ્ત્રી સાથે સંબંધ રાખે. કોઈ જિંદગીથી કંટાળીને આપઘાત કરવા નીકળી પડે... કોઈ...' જગમોહનના ચહેરા પર ઝડપથી બદલાતા ભાવને જોઈને ગાયત્રીએ વાત પડતી મૂકી.


'તમારે જે કરવું હોય તે કરો. હું કંઈ નહીં બોલું.' જગમોહને નમતું જોખ્યું.

'વિક્રમભાઈ, હવે શું કરવા વિચાર્યું છે?' ગાયત્રીએ વિક્રમને પૂછ્યું.

'ગાયત્રી, શ્યામલી સાથે રિલેશન રાખીને મેં ભૂલ કરી છે પણ હવે જ્યારે મને ખાતરી થઈ ગઈ છે એ બંને મળીને મને છેતરતાં હતાં ત્યારે ઈચ્છા થાય છે બદલો લેવાની... એક વાર મોકો મળે તો એ બંનેને પાઠ ભણાવવાની ઈચ્છા છે...'

'જો વિક્રમ, મને પણ ઈન્ફોર્મેશન મળી ચૂકી છે કે શ્યામલી અને એનો હસબન્ડ મળીને તને ફસાવે છે. હવે હું ઈચ્છું છું કે તને જ્યારે ખબર પડી ગઈ છે તો તું જાળમાંથી નીકળી આવ. બદલો લેવાની કોઈ જરૂર નથી. અમારા માટે તું પાછો ફર્યો એ જ ઘણું છે.' જગમોહને દીકરાને સમજાવટના સૂરમાં કહ્યું.

'પપ્પા, મને એક દિવસનો સમય આપો. કાલથી હું એ લોકોની સામે પણ નહીં જાઉં...' વિક્રમે પપ્પાને ખાતરી આપતાં કહ્યું.




'ઓ.કે. એઝ યુ વીશ...' જગમોહને હાથ ઊંચા કર્યા. 'સૉરી ગાયત્રી, એન્ડ થેન્ક યુ ફોર એવરીથિંગ...' વિક્રમ ગાયત્રી તરફ જોઈને બહાર નીકળી ગયો.

* * *

'તને શું લાગે છે ગાયત્રી, વિક્રમે એક દિવસનો સમય લઈને વધુ એક ભૂલ કરી એવું તને લાગે છે?'

'હા, વિક્રમભાઈના માથા પર બદલાનું ભૂત સવાર છે. એ હજી શ્યામલીને ભૂલી નથી શક્યા એટલે શ્યામલીએ એમને દગો કર્યો એ વાત એમને વારંવાર ડંખે છે. કાકુ, તમે વિક્રમભાઈ પર નજર રાખવાની વ્યવસ્થા કરો ને...'

'મને લાગે છે કે યુ આર રાઈટ...' જગમોહને કહ્યું.

'હું હમણાં પણ રાઈટ છું અને ડાઈનિંગ ટેબલ પર પણ રાઈટ હતી. જમાઈબાબનું તમારે અપમાન નહોતું કરવું જોઈતું...' ગાયત્રીએ લાગ મળતાં જગમોહનને સંભળાવી દીધું.

'ગાયત્રી, તને તો આખા ઘરે માથે ચડાવી દીધી છે. તેં શું જાદુ કર્યો આ લોકો પર? કાલે પ્રભા પણ તારાં વખાણ કરતાં થાકતી નહોતી.' જગમોહન હસ્યો.

'મેં શું કર્યું કાકુ એની વાત પછી કરીશું. પણ તમે વારંવાર ભૂલ કરીને દરેકની ખફગી વહોલી લો છો એ હકીકત છે. દરેક જણ તમારાથી નારાજ છે અને કાકુ, સૉરી ટુ સે પણ મહદ્ અંશે વાંક તમારો છે.' ગાયત્રીએ ચુકાદો સુણાવી દીધો.

જગમોહન કંઈ બોલ્યો નહીં. એનો વાંક કેવી રીતે હોઈ શકે એ એને સમજાતું નહોતું પણ ગાયત્રી ખોટી ન હોઈ શકે એવો વિશ્વાસ એને એવું માનવા પ્રેરતો હતો કે એ ક્યાંક ભૂલ કરી રહ્યો હતો.

'ગાયત્રી, આપણે એ બારામાં પછી ચર્ચા કરીશું. અત્યારે વિક્રમ પર નજર રાખવાની વ્યવસ્થા કરી લઈએ.' કહીને જગમોહને સેલ પર કબીરનો નંબર લગાવ્યો.

'કબીર, વિક્રમ વિશે તેં વાત કરી હતી એ સાચી હતી. વિક્રમ કહે છે કે એ હવે શ્યામલી સાથેના સંબંધમાંથી બહાર નીકળી ગયો છે પણ એણે એક દિવસનો સમય માગ્યો છે. એણે કહ્યું કે મને એક દિવસ આપો. કાલ પછી હું એ દિશામાં નજર નહીં કરું. કબીર, મને ડર લાગે છે કે, આ એક દિવસ દરમિયાન કંઈ આડુંઅવળું ન થાય એનું ધ્યાન તારે રાખવાનું છે...' કબીરને બોલવાનો મોકો આપ્યા વિના જગમોહને પોતાની વાત વિસ્તારપૂર્વક કહી.

'જગ્ગે,' કબીર જવાબમાં એક જ વાક્ય બોલ્યોઃ 'તેં વિક્રમને એક દિવસ આપ્યો એ તારી ભૂલ છે.'

* * *

રૂપા, તને ગાયત્રી કેવી લાગી?' કરણે રૂપાને મળતાંવેંત જ પહેલો પ્રશ્ન કર્યો.

'કેમ તારે એની સાથે લગ્ન કરવાં છે?' રૂપાએ છેડાઈને પૂછ્યું.

'શું ડાર્લિંગ આવી વાત કરે છે... હું તારા સિવાય બીજા કોઈનો વિચાર સુધ્ધાં નથી કરતો.' કરણે બચાવ કરતાં કહ્યું.

'વિચાર નથી કરતો પણ પ્રશ્ન કરે છે, એ તારી ગાયત્રી શું મિસ વર્લ્ડ કે મિસ ઈન્ડિયા છે કે કેવી લાગી એ પૂછે છે?' રૂપા હજી ગુસ્સામાં જ હતી.

'રૂપા, દરેક છોકરી બ્યુટી ક્વીન હોય એ જરૂરી નથી. આઈ મીન ગાયત્રી તને કેવી લાગી, એનો સ્વભાવ વગેરે વગેરે...' રૂપાને ફોસલાવતો હોય એ રીતે કરણ બોલ્યો.

'અરે, મારે એના સ્વભાવ સાથે શું લેવાદેવા? અને બાય ધ વે, તું શા માટે આટલા પ્રશ્નો કરે છે? તને એ બહુ ગમી ગઈ લાગે છે...'

'રૂપા, યસ, મને ગાયત્રી ગમી ગઈ છે. હું એની ઈજ્જત કરું છું. એ એક અત્યંત બુદ્ધિશાળી છોકરી છે...' કરણ પણ ચિડાઈ ગયો.

'તો પછી જા એ મિસ ઈન્ટેલિજન્ટ પાસે. મારી પાસે શા માટે આવ્યો છે?' રિસાઈ ગઈ હોય એ રીતે રૂપાએ કહ્યું.

'રૂપા... રૂપા...' ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ. હવે આપણે મેચ્યોર થવાની જરૂર છે. કાલે સવારના આપણાં લગ્ન થશે. બાળકો થશે. 'આપણે ત્યારે પણ આ રીતે જ ઝઘડતાં રહેશું?' કરણે રૂપાનો હાથ હાથમાં લેવાની કોશિશ કરી. (ક્રમશઃ)■

---

## શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# જેમ્સ અર્લ જોન્સ અલવિદા, સિદ્ધિઓના સરતાજ એવા અદાકાર...

### ધ્યેય સ્ટાર બનવાનું નહોતું, ધ્યેય તો હતું ધ્યેય શોધવાનું..!


હજુ ગણતરીના દિવસો પહેલા જ આ જગતમાંથી સિનવિશ્વના એક ઉત્કૃષ્ટ અદાકારે વિદાય લીધી. પોતાના અવાજથી વધુ ખ્યાતિ મેળવનાર એ ઉમદા અભિનેતા એટલે જેમ્સ અર્લ જોન્સ... આજે કલા ક્ષેત્રે એમના યોગદાનને યાદ કરીને એમને સ્મરણાંજલિ આપીએ!

સંઘર્ષસભર બચપણ વિતાવ્યા પછી અભિનયમાં રુચિના કારણે નાટકોમાં નસીબ અજમાવીને શેક્સપિયરન એક્ટર ગણાવા સુધીની પ્રસિદ્ધિ જેમ્સને એમની આવડતે અપાવી હતી. નાટકોના જ કારણે જેમ્સની ધુરંધર દિગ્દર્શક સ્ટેન્લી કુબ્રિકની 'ડોક્ટર સ્ટ્રેન્જલવ' (૧૯૬૪)થી ફિલ્મી કારકિર્દી શરૂ થઈ હતી. સ્ટેન્લી કુબ્રિકની આ ફિલ્મે એમને હોલિવૂડમાં સ્થાપિત તો કર્યા, પરંતુ એમનો થિયેટર પ્રત્યેનો પ્રેમ તો અકબંધ જ હતો. ૧૯૬૭માં 'ધ ગ્રેટ વ્હાઇટ હોપ' નામના નાટક થકી એમને બહુ પ્રશંસા મળી. એ પછી ૧૯૬૮માં તો હાવર્ડ સેક્લર દિગ્દર્શિત એ નાટક બ્રોડ- વેમાં પણ ભજવાયું અને નાટકને પુલિત્ઝર પ્રાઈઝ પણ મળ્યું. ધ ગ્રેટ વ્હાઇટ હોપ' માટે જ જેમ્સને બેસ્ટ એક્ટર શ્રેણીમાં અતિ પ્રતિષ્ઠિત ટોની એવોર્ડ પણ એનાયત થયો.

ફક્ત નાટકો કે ફિલ્મ્સ જ નહીં, મનોરંજન ક્ષેત્રે મળતી સૌથી અનોખી સિદ્ધિ એટલે કે ઈજીઓટી (EGOT) એવોર્ડ્સ પણ અભિનયના આ સિતારા જેમ્સ અર્લ જોન્સના નામે બોલે છે. ના, આ કોઈ એક એવોર્ડનું નામ નથી. સિનેરસિકોને જાણ હશે જ કે 'ઇજીઓટી' એટલે મનોરંજન ક્ષેત્રે મળતા સૌથી પ્રતિષ્ઠિત ચાર એવોર્ડ્સનું મિશ્રણ એટલે E –એમી એવોર્ડ્સ કે જે ટીવી માટે મળે છે. G એટલે ગ્રેમી એવોર્ડ્સ કે જે સંગીત માટે મળે છે ને O એટલે ઓસ્કર્સ કે જે ફિલ્મ્સ માટે મળે

છે. અને T એટલે ટોની એવોર્ડ્સ કે જે નાટકો માટે મળે છે. મનોરંજન દેવની કૃપાથી જેમ્સ અર્લ જોન્સ આ ચારેય એવોર્ડ્સ મેળવનાર વિશ્વના માત્ર ગણ્યાગાંઠ્યા મહાનુભાવોમાંના એક છે! હા, જોકે એમને આ ચારમાંનો એક ઓસ્કર્સ એવોર્ડ કોઈ ફિલ્મ માટે નહીં, પરંતુ ઓનરરી એવોર્ડ (સન્માનનીય) તરીકે મળ્યો છે. એટલે કે નોન-કોમ્પિટીટીવ શ્રેણીમાં મળ્યો છે.

જેમ્સને એમી એવોર્ડ એમની 'હિટવેવ', 'સમર્સ એન્ડ' અને 'ગેબ્રિયલ્સ ફાયર' ટીવી સિરિયલ્સ માટે ૧૯૯૧ અને ૨૦૦૦માં મળ્યો હતો. એમને ગ્રેમી એવોર્ડ બેસ્ટ સ્પોકન વર્ડ આલ્બમની શ્રેણીમાં 'ગ્રેટ અમેરિકન ડોક્યુમેન્ટસ' નામના આલ્બમ માટે ૧૯૭૭માં મળ્યો હતો. એ જ રીતે ટોની એવોર્ડ 'ધ ગ્રેટ વ્હાઇટ હોપ' માટે બેસ્ટ એક્ટર ઈન અ પ્લે શ્રેણીમાં ૧૯૬૯માં મળ્યો. 'ધ ગ્રેટ વ્હાઇટ હોપ'







ઉપરાંત જેમ્સને ટોની એવોર્ડ ૧૯૮૭માં 'ફેન્સીસ' નામના નાટક માટે પણ મળ્યો હતો અને ઈજીઓટી (EGOT) માંનો ચોથો એવોર્ડ એટલે કે ઓસ્કર્સ એવોર્ડ જેમ્સ અર્લ જોન્સને ૨૦૧૧માં મળ્યો હતો. આમ વૈશ્વિક સ્તરે સૌથી પ્રસિદ્ધ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર માત્ર ગણતરીના લોકોમાં જેમ્સ સામેલ હતા.

એ ઉપરાંત જેમ્સે હંમેશાં બ્લેક રેસિઝમ (રંગભેદ) વિરુદ્ધ અવાજ ઉઠાવવાનું કાર્ય પણ કર્યું છે.

જો કે, એવોર્ડ્સની સિદ્ધિઓ અપાવનારાં એમનાં પાત્રોના અભિનયથી ચડિયાતો તો નીકળ્યો એમનો અવાજ ... માત્ર અવાજ થકી અભિનય!

૧૯૭૭માં જ્યોર્જ લુકસની 'સ્ટાર વોર્સઃ અ ન્યુ હોપ'થી જેમ્સના સૌથી પ્રખ્યાત ડાર્થ વેડારના પાત્રના વોઈસ ઓવરની શરૂઆત થઈ. એ પછી તો એ ફ્રેન્ચાઇઝની અનેક ફિલ્મ્સમાં એમણે અવાજ આપ્યો અને દર્શકો તથા સમીક્ષકોની પ્રશંસા મેળવતા રહ્યા, પરંતુ શું તમને એ ખબર છે કે 'સ્ટાર વોર્સ'ની પહેલી બે ફિલ્મ્સમાં એમની જ વિનંતીથી એમને ફિલ્મમાં ક્રેડિટ નહોતી આપવામાં આવી? હા, જેમ્સનું માનવું હતું કે આ કંઈ મુખ્ય પાત્ર કે કામ ન ગણાય, અવાજ આપવો એ તો સ્પેશ્યલ ઇફેક્ટ્સમાં આવે. એટલા માટે સ્ક્રિન પર ક્રેડિટ ન લેવી જોઈએ, પરંતુ ત્રીજી ફિલ્મની રિલીઝ વખતે પાત્રની મળેલી પ્રશંસાના કારણે જ્યારે એમને ફરી ક્રેડિટ માટે પૂછવામાં આવ્યું ત્યારે એમણે હા પાડી.

ડાર્થ વેડાર જેટલી જ પ્રશંસા એમને ધ લાયન કિંગ'ના મુફાસાના પાત્રમાં અવાજ આપીને પણ મળી છે. ૧૯૯૪ પછી જ્યારે ૨૦૧૯માં એ એનિમેશન ફિલ્મ ફરી બની ત્યારે જેમ્સ એક માત્ર ઓરીજનલ ફિલ્મના કલાકાર હતા, જેમણે બંને ફિલ્મ્સમાં અવાજ આપ્યો હોય. 'લાયન કિંગ' (૨૦૧૯)ના દિગ્દર્શક જ્હોન ફેવરોએ કહ્યું હતું કે 'અમે જેમ્સના પાત્ર મુફાસાના ડાયલોગમાં પણ ફેરફાર નથી કર્યો. એ પાત્ર અને તેમનો અવાજ જ એટલા ટાઈમલેસ બની ગયા છે કે તેમાં ફેરફાર કરવો અમને યોગ્ય ન લાગ્યો. ફિલ્મની સફળતા માટે એ જરૂરી હતું અને જેમ્સના કારણે ફિલ્મ અત્યંત પ્રભાવશાળી લાગે છે.'

અભિનયને અનહદ પ્રેમ કરનારા જેમ્સ અર્લ જોન્સને છેક ૯૦ના દાયકાથી ડાયાબિટીસની બીમારી અત્યંત પજવતી હતી, પરંતુ બે દાયકાથી પણ વધુ સુધી એ ખબર પોતાના સુધી જ રાખીને કદી જાહેર ન કરીને એમણે પોતાના કામ પર જ ધ્યાન આપ્યું.

આખરે ૯૩ વર્ષની ઉંમરે ૯ સપ્ટેમ્બર ૨૦૨૪ના દિવસે એમણે પોતાનું પ્રભાવશાળી અને પ્રેરણાદાયક જીવન ટૂંકાવ્યું! ■

### લાસ્ટ શોટ

*હું ક્યારેય લાગણીવાદી બનવા માગતો નથી. હું વાસ્તવવાદી બનવાનું પસંદ કરું છું.*

*- જેમ્સ અર્લ જોન્સ*

---

## ફિલ્મનામા

નરેશ શાહ

# 'મંથન' વખતની... યાદ કાઠિયાવાડી

### 'મંથન' ફિલ્મનાં શૂટિંગ- સ્મરણોની એક ઝલક

'મે સ્મિતા પાટીલને અમારી ભેંસ દોહતાં શીખવાડ્યું હતું અને મારા પત્ની સાથે સ્મિતાએ રોટલી પણ વણી હતી.' સૌરાષ્ટ્રના સાંગણવા ગામના મોહનસિંહ જાડેજાએ પાંચ દશકા જૂનાં સંસ્મરણો સંભારતા મને શ્યામ બેનેગલની 'મંથન' ફિલ્મના શૂટિંગની વાત કરી રહ્યા હતા.

આ 'મંથન' ફિલ્મ આજે ૨૦૨૪માં ફરી ચર્ચામાં છે અને અમુક થિયેટરમાં રિ- રિલીઝ પણ થઈ છે. ૧૯૭૪-૭૫ની સાલમાં તે બની હતી ત્યારે રાજકોટ નજીકના સાંગણવા ગામમાં દોઢ મહિનો તેનું શૂટિંગ ચાલ્યું હતું ત્યારે નસીરુદ્દીન શાહ, સ્મિતા પાટીલ, કૂલભૂષણ ખરબંદા, અમરીશ પૂરી, મોહન અગાશે, ગિરીશ કર્નાડ સહિતના દિગ્ગજ કલાકારોનો કાફલો સાંગણવા ગામમાં રહેલો અને એ સમયે તમામ વ્યવસ્થા મોહનસિંહ જાડેજાએ સંભાળી હતી.

એમને હું મળ્યો ત્યારે પણ નસીરુદ્દીન શાહ માટે એના ફિલ્મ પાત્રનું નામ 'ભોલુ' જ બોલે છેએ કહે :

'ભોલુ'ને એક વખત ગુસ્સાનો સીન કરવાનું શ્યામ બેનેગલે કહેલું તો એણે (વાસ્તવિકતા લાવવા) ગાળ બોલી હતી. શ્યામ બેનેગલે એને એમ કરવાની ના પાડેલી, પરંતુ ગિરીશ (કર્નાડ) સાથે મને વધારે ફાવી ગયું હતું. અમે વહેલી સવારે ખેતરોમાં પક્ષીઓનો અવાજ રેકોર્ડ કરવા જતા હતા.' 'મંથન'ના એ શૂટિંગને આજે તો પાંચ દશકા વીતી ગયા છે, પણ મોહનસિંહ જાડેજા ત્યાર પછી 'મંથન'ના એક કલાકાર સિવાય કોઈને ફરી મળ્યા નથી. એ કલાકાર પણ ગિરીશ કર્નાડ.

મોહનસિંહના સાળા એ દિવસોમાં ધારવાડ (કર્ણાટક)માં રહેતા અને ગિરીશ કર્નાડ પણ ત્યાં રહે. સાળાના ઘેર ગયેલાં મોહનસિંહ તો ગિરીશ કર્નાડના ઘેર પહોંચી ગયા તો એના માતા-પિતા હતા. એમણે કહ્યું કે ગિરીશ તો શૂટિંગમાં છે, પણ હમણાં એનું ટિફિન લેવા ગાડી આવશે. તેમાં તમે ચાલ્યા જજો....

મોહનસિંહ એ રીતે શૂટિંગ સ્થળે પહોંચ્યા તો ગિરીશ કર્નાડ ખુશખુશાલ થઈને એમને ભેટી પડ્યા. એવી જ રીતે રાજકોટમાં ૧૯૮૮માં 'અગ્નિકાલ'નું શૂટિંગ હતું અને રાજ બબ્બર આવેલો ત્યારે સ્મિતા પાટીલ સાથેનો પોતનો ફોટો લઈને મોહનસિંહ એ વખતે રાજ બબ્બરને મળ્યા હતા.

આઈએએસ ઓફિસર જગદિશન પરથી રાજકોટના જ નિર્માતાએ અબ્બાસ - મસ્તાનને દિગ્દર્શન સોંપીને 'અગ્નિકાલ' ફિલ્મ બનાવેલી અને તેનું શૂટિંગ રાજકોટમાં થયું હતું. એ વખતે શૂટિંગમાં કોર્ટનો સીન શૂટ કરવાનો હતો તો રાજકોટના વકીલ અને રાજ્યસભાના સાંસદ અભય ભારદ્વાજને જજનો રોલ આપવામાં આવ્યો હતો. જ્યાં શૂટિંગ હોય ત્યાંના લોકોને ફિલ્મ યુનિટવાળા કચકડે મઢી લેતાં હોય છે. 'અપને' ફિલ્મનું શૂટિંગ થયું ત્યારે સાચુકલા પત્રકારો- કેમેરામેનો બોબી દેઓલ અને આર્યન વૈદને ઘેરી લેતાં હોય તેવા દ્રશ્ય ઝડપવામાં આવ્યા હતા. રાજકોટની એક યુવતીને ટીવી ચેનલની રિપોર્ટર બનાવવામાં આવી હતી. સાંગણવા ગામમાં મોહનસિંહ જાડેજા, દીકરા મહાવીરસિંહ અને કેટલાંય ગામવાસીઓ મંથન' ફિલ્મમાં ડાયલોગ પણ બોલ્યાં છે.

એ જ અરસામાં જૂનાગઢની ગિરનાર તળેટી પર 'હિરા ઔર પથ્થર' (વિજય ભટ્ટ)ના શૂટિંગ માટે શશી કપૂર અને શબાના આઝામી આવ્યા હતા અને એમને ડોલીમાં ગિરનાર પર્વત પર લઈ જવા માટે સાચુકલા ડોલીવાળા જ વાપરવામાં આવ્યા હતા. શબાના આઝમીને




ખબર પડી એટલે તે અને શશી કપૂર એક દિવસ ખાસ 'મંથન'ના કાફલાને મળવા માટે સાંગણવા ગામ પણ આવ્યા હતા. એ રીતે જોઈએ તો શબાના આઝમીને સૌરાષ્ટ્ર સાથે લેણાદેવી ધરાવતી અદાકાર કહેવાય, કારણ કે એની ત્રણ ફિલ્મના શૂટિંગ સૌરાષ્ટ્રમાં થયા છે. હીરા ઔર પથ્થર - ગોડમધર અને મૈં આઝાદ હૂં.... મૈં આઝાદ હું ના શૂટિંગ વખતે તો વન એન્ડ ઓન્લી અમિતાભ બચ્ચન પણ સૌરાષ્ટ્રમાં આવ્યા હતા અને વાંકાનેર ગારીડા ગામે આ ફિલ્મનું શૂટિંગ થયું હતું. જોકે સિક્યોરિટીને કારણે અમિતાભ પાસે કોઈ જઈ શકતું નહોતું, પણ વાંકાનેરના સ્ટંટમેન ઈરફાન પિરઝાદા કહે છે કે, 'ડુંગરની ધાર પર સૂર્યાસ્ત સમયે ગાડાંઓની હાર જતી હોય એવું દ્રશ્ય શૂટ કરવાનું હતું અને એ બધી વ્યવસ્થા મેં કરી આપી હતી. શૂટિંગ સ્થળે સમય પસાર કરવા અમિતાભ બચ્ચન ક્રિકેટ રમ્યો હતો અને યુનિટના માણસો ફિલ્ડીંગ ભરતા હતા એવું હજુ યાદ છે ઘણાંને.' અમિતાભ, નસિરુદ્દીન શાહ, શબાના આઝમી રિઝર્વ રહેતા એક્ટર ગણાય છે એટલે એમના સુધી દોડી જવાની હિંમત બહુ ઓછાં લોકો કરતા. 'ગોડમધર'ના શૂટિંગ વખતે શબાના આઝમી મોરબીમાં હતા ત્યારે રક્તદાન શિબિર કે સંસ્થાઓની મુલાકાતે ગયા હતા, પરંતુ શૂટિંગના સ્થળે કોઈ એની નજીક ફરકી શકતું નહોતું એ આંખે દેખ્યો અનુભવ છે. જો કે 'મંથન' વખતે તો બધા અદાકારો સાંગણવા ગામમાં એમ જ લટાર મારવા પણ નીકળી પડતા . એ દિવસોમાં ગામમાં એક મૃત્યુ થયેલું તો આખા યુનિટે પાંચ મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ આપી હતી.


૧૯૬૨-૬૩માં દેવઆનંદે માઈલસ્ટોન મૂવી 'ગાઈડ' બનાવેલી અને તેના કલાઈમેક્સનું અમુક શૂટિંગ સુરેન્દ્રનગરની આજુબાજુ કર્યું હતું. રાતે એ સુરેન્દ્રનગરમાં રોકાતા.. એક રાતે એમને એક લોકડાયરામાં લઈ જવામાં આવ્યા. દેવઆનંદ એવા ઝૂમી ઊઠયા કે બીજા દિવસે એ લોકગાયકને 'ગાઈડ'ના સેટ પર બોલાવ્યા. એ લોકગાયક એટલે હેમુ ગઢવી.. દેવસા'બે એમની પાસે ફરી ગવડાવ્યું અને પોતાના અંગત સંગ્રહ માટે રેકોર્ડ પણ કરી લીધું. ! ■

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# પહેલી હોરર કૉમેડીઃ આપણી ને એમની...

## છ દાયકા પહેલા બનેલી કૉમેડિયન - ફિલ્મમેકર મેહમૂદની 'ભૂત બંગલા'થી હોરર કૉમેડી ફિલ્મોની શરૂઆત થઈ હોવાનું માનવામાં આવે છે.



તનુજા, મેહમૂદ અને આર. ડી. બર્મન



Bud Abbott and Costello Meet Frankenstein (૧૯૪૮)

રાજકુમાર રાવ - શ્રદ્ધા કપૂરની અમર કૌશિક દિગ્દર્શિત 'સ્ત્રી- ૨' બોક્સ ઓફિસ પર વાવાઝોડું સાબિત થઈ છે. ૧૩૦ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મનો

(આ લખાય છે ત્યાર) વિશ્વભરમાં બોક્સ ઓફિસ કલેક્શનનો આંકડો ૭૯૫ કરોડ પર પહોંચી ગયો છે. ૮૦૦ કરોડની સિદ્ધિ હાથવેંતમાં છે. 'સ્ત્રી - ૨' હોરર કોમેડી જોનરની ફિલ્મ છે. આ એવી ફિલ્મ છે, જેમાં કોઈ દ્રશ્ય જોઈ ભયભીત થયેલો દર્શક ચીસ પાડે છે તો થોડીવાર પછી ખડખડાટ હસતો પણ નજરે પડે છે. ફિલ્મ ઈતિહાસના અભ્યાસુઓના કહેવા અનુસાર હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પહેલી હોરર કોમેડી ફિલ્મ મેહમૂદે 'ભૂત બંગલા' (૧૯૬૫) બનાવી હતી. લગભગ ૬૦ વર્ષ પહેલાં રિલીઝ થયેલું આ ચિત્રપટ સંગીત પ્રધાન કોમેડી ફિલ્મ તરીકે વિચારાધીન હતું. જોકે, શેરલોક હોમ્સ જેવા અમર પાત્રના સર્જક આર્થર કોનન ડોયલની મશહૂર ક્રાઈમ નવલકથા The Hound of Baskerville પરથી પ્રેરણા લઈ મેહમૂદે જ એક કથા તૈયાર કરી અને એમાં હોરરનું તત્ત્વ ઉમેરાયું. ફિલ્મના સંવાદ બી. આર. ચોપડાની ઘણી ફિલ્મોમાં (વક્ત, ધૂંધ, ઈત્તેફાક વગેરે) ડાયલોગ લખનારા અખ્તર - ઉલ - ઈમાનએ લખ્યા હતા. એક અવાવરું ભૂતિયા ઘર- રહસ્યમય મોત- વણઉકેલાયેલી હત્યા અને ભૂતાવળના ભણકારા હોરર ફિલ્મનાં રસાયણ ગણાયા છે અને એમાં કોમેડીનો વઘાર કરી તૈયાર કરવામાં આવેલી આ ફિલ્મ જોઈ થિયેટરમાં 'ડરતા ડરતા હસી પડે ભઈ પ્રેક્ષક છે' (કવિ જયંત પાઠકની ક્ષમાયાચના સાથે) જેવાં દ્રશ્યો જોવા મળ્યાં હતાં.

અલબત્ત, 'ભૂત બંગલા' જોયા પછી એને હોરર કોમેડી ગણવી કે થોડી હોરર - થોડી કોમેડી - થોડી મ્યુઝિકલનું કોમ્બિનેશન ધરાવતી એક હાસ્ય ફિલ્મ ગણવી એ દરેક વ્યક્તિએ પોતપોતાની રીતે નક્કી કરી લેવું.

૧૯૫૦ - ૬૦ના દાયકામાં અનેક હિન્દી ફિલ્મો એવી હતી, જેની કથા - પટકથા કે લીડ પરફોર્મન્સ જેવાં મુખ્ય તત્ત્વો ફીકાં હતાં , પણ એના ગીત - સંગીતનું ધોરણ ઘણું ઊંચું હતું. આજે લોકો એ ફિલ્મની વાર્તા કે કલાકારના નામ ભૂલી ગયા હશે, પણ એના ગીત વાગે તો જરૂર સાથે ગણગણવા લાગે. 'ભૂત બંગલા' એ કેટેગરીની ફિલ્મ છે. ગીતકાર છે હસરત જયપુરી અને સંગીતકાર છે એ સમયે નવાસવા ગણાતા અને સચિન દેવ બર્મનના પુત્રની મુખ્ય ઓળખ ધરાવતા રાહુલ દેવ બર્મન - આર. ડી. બર્મન. ફિલ્મમાં કુલ સાત ગીત છે અને એમાંથી મન્ના ડેના સ્વરમાં રજૂ થયેલા બે ગીત 'આઓ ટ્વિસ્ટ કરે, જાગ ઉઠા મૌસમ' અને 'પ્યાર કરતા જા, પ્યાર કરતા જા, દિલ કેહતા હૈ, દિલ કેહતા હૈ, કાંટો મેં ભી ફૂલ ખિલા હૈ' આજે પણ યાદ હશે. એમાંય 'પ્યાર કરતા જા' ગીતના શબ્દો આપણા દેશની પરંપરાના છે જ્યારે એની ધૂન પશ્ચિમી શૈલીની છે. લતા મંગેશ્કરનું 'ઓ મેરે પ્યાર આજા', કિશોર કુમારનું 'જાગો સોનેવાલો સુનો મેરી કહાની' કર્ણપ્રિય છે અને મહેમૂદ - આર. ડી.ના સ્વરમાં 'મૈં ભૂખા હૂં.... ભૂત બંગલા' ભવિષ્યના પ્રયોગશીલ આર. ડી.ના ટ્રેલર જેવું છે.

'પંચમ' આર. ડી. બર્મન અને મેહમુદની દોસ્તી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું એક ઉજળું પ્રકરણ છે. મેહમુદની 'છોટે નવાબ'થી રાહુલ દેવ સ્વતંત્ર સંગીત દિગ્દર્શક બન્યા અને 'ભૂત બંગલા' આર.ડી.ની બીજી ફિલ્મ હતી. 'તીસરી મંઝિલ' (૧૯૬૬) પછી 'મંઝિલે ઔર ભી હૈ'નો દોર શરૂ થયો એ પહેલાની આ ફિલ્મ છે. ફિલ્મમાં મેહમૂદે 'પંચમ' પાસે એક્ટિંગ પણ કરાવી છે. ઝાઝું રોકાઈ ગયેલા અતિથિ જેવા મહેમાન કલાકારના રોલમાં આર. ડી. નજરે પડે છે. ભૂતિયા ઘરમાં મેહમૂદ અને આર. ડી.ની લગભગ અડધો કલાકની સિક્વન્સ અદભુત નથી, પણ મજેદાર જરૂર છે. રાહુલ દેવ બર્મનના સ્વર નિયોજન પાસે અભિનય કૌશલ પાણી ભારે, પણ ફિલ્મમાં 'પંચમ'નો ચહેરો અનાયાસે કથાના વાતાવરણ સાથે એકદમ બંધબેસતો લાગે છે.

બીજી તરફ, હોલિવૂડમાં હોરર કોમેડી ફિલ્મનો પ્રારંભ ૧૦૦ વર્ષ પહેલા થયો હોવાની નોંધ છે. ઈતિહાસની નોંધ અનુસાર મૂંગી - સાયલન્ટ ફિલ્મના દોરના મહારથી અમેરિકન ફિલ્મમેકર ડી. ડબ્લ્યુ. ગ્રિફિથની One Exciting Night (૧૯૨૨) હોલિવૂડની પ્રથમ હોરર કોમેડી ફિલ્મ માનવામાં આવે છે. બે વર્ષ પહેલા ૧૯૨૦માં રિલીઝ થયેલી Haunted Spooks સુધ્ધાં કોમેડી હોરર હતી , પણ એ શોર્ટ ફિલ્મ (૨૫ મિનિટ) હતી. જોકે, Bud Abbott and Costello Meet Frankenstein (૧૯૪૮) રિલીઝ થતાની સાથે જ વ્યાપક સફળતાને વરેલી પ્રથમ હોરર કોમેડી ફિલ્મ ગણવામાં આવી છે.

ફિલ્મના મુખ્ય કલાકારોમાં Bud Abbott and Lou Costello એક ખ્યાતનામ કોમેડી જોડી (લોરેલ એન્ડ હાર્ડી, બડ સ્પેન્સર એન્ડ ટેરેન્સ હિલ વગેરે) હતી. ફિલ્મ નિર્માણ કરનાર સ્ટુડિયો એમજીએમ (મેટ્રો ગોલ્ડવિન મેયર) માટે હોરર કોમેડી કરતાં વિશેષ મહત્ત્વ એબોટ અને કોસ્ટેલો નામના અભિનેતાની અફાટ લોકપ્રિયતાને રોકડી કરવાનું હતું. ફિલ્મમાં બંને એક્ટરની કોમેડી સાથે કાઉન્ટ ડ્રેક્યુલા, ફ્રેન્કેન્સ્ટાઇન મોન્સ્ટર અને વુલ્ફમેન જેવાં ડરાવણાં પાત્રોનું સમીકરણ ફિલ્મ સફળ બનાવવામાં નિમિત્ત બન્યું હતું. આ ફિલ્મની સફળતાને પગલે આ એક્ટર જોડી અન્ય હોરર કોમેડી ફિલ્મોમાં પણ જોવા મળી હતી. ૨૦૦૧માં યુએસ લિબર્ટી કૉંગ્રેસ દ્વારા આ ફિલ્મને સાંસ્કૃતિક, ઐતિહાસિક અને સૌંદર્યલક્ષી મહત્ત્વ ધરાવતી ફિલ્મ તરીકે ઘોષિત કરી નેશનલ ફિલ્મ રજિસ્ટ્રીમાં સાચવીને મૂકવા માટે પસંદ કરી હતી. આ ઉપરાંત ૨૦૦૭માં 'રિડર્સ ડાઈજેસ્ટ' દ્વારા સર્વશ્રેષ્ઠ ૧૦૦ રમૂજી ફિલ્મોમાં એને સ્થાન આપવામાં આવ્યું હતું. ૮ લાખ ડૉલરના બજેટમાં બનેલી આ ફિલ્મ ૩૨ લાખ ડૉલરનું કલેક્શન મેળવવામાં સફળ રહી હતી. ■




મહેશ નાણાવટી

# સુભાષ ઘાઈએ કઈ રીતે પ્રેમનાથને છેતર્યા?


સુભાષ ઘાઇ - પ્રેમનાથ

આ કિસ્સો એ સમયનો છે, જ્યારે જાણીતા નિર્માતા-દિગ્દર્શક ન તો જાણીતા હતા ન તો નિર્માતા હતા કે એ ન તો હજી દિગ્દર્શક બન્યા હતા.

પુણેની ફિલ્મ ઇન્સ્ટિટયૂટમાં એક્ટિંગનો કોર્સ કરીને નીકળેલા સુભાષ ઘાઇને માંડ એકાદ બે ફિલ્મોમાં અભિનયનું કામ મળ્યું હતું. જોકે એ બહુ ઝડપથી સમજી ગયા હતા કે ન તો એમના ચહેરામાં એ ચાર્મ છે, કે ન તો એમના નસીબમાં મોટા સ્ટાર બનવાનું લખ્યું છે.

એમને બીજી એક વસ્તુ સમજાઇ ગઇ હતી કે ફિલ્મનો અસલી કમાન્ડર ડિરેક્ટર હોય છે. આથી થોડા ફિલ્મોમાં આસિસ્ટન્ટ તરીકે કામ કરીને આ કસબ શીખી લીધો. દરમિયાનમાં એમની દોસ્તી શત્રુઘ્ન સિંહા સાથે થઇ હતી, જે પણ પુણેની ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટમાં એક્ટિંગના સ્ટુડન્ટ હતા. સુભાષ ઘાઈ શત્રુઘ્નને હીરો તરીકે લઈને એક ફિલ્મ બનાવવા માગતા હતા. એ ફિલ્મ હતી 'કાલીચરણ'.

શત્રુઘ્ન સિંહાએ સુભાષની ભલામણ એન. એમ. સિપ્પી નામના જાણીતા પ્રોડયુસર આગળ કરી હતી. સિપ્પીસાહેબ પૈસા રોકવા તૈયાર પણ હતા, પરંતુ સુભાષ ઘાઇ કોઇ પણ હિસાબે પોતાની આ પહેલી ફિલ્મને સુપરહિટ બનાવવા માગતા હતા. એમની ઇચ્છા હતી કે આમાં ઇન્સ્પેક્ટર જનરલ ખન્નાનો રોલ પ્રેમનાથ કરે. એ જમાનામાં 'બોબી' અને 'જહોની મેરા નામ' હિટ ગયા પછી પ્રેમનાથની જબરદસ્ત બોલબાલા હતી.

પ્રોબ્લેમ એક જ હતો કે પ્રેમનાથ સ્વભાવે ખૂબ જ સનકી હતા. આલતુ ફાલતુ રોલ માટે તો હા પાડે જ નહીં, પરંતુ શૂટિંગ વખતે પણ એમનાં જાતજાતનાં નાટક હોય એટલે એમને આ નાના છતાં મહત્ત્વનાં રોલ માટે મનાવવા શી રીતે?

સુભાષ ઘાઇને આમ તો પ્રેમનાથ સાથે સંબંધ તો સારા હતા. બલકે પ્રેમનાથ ખુદ સુભાષ ઘાઇને 'બચ્ચા-બચ્ચા' કહીને પ્રોત્સાહન આપતા હતા.

-તો, એક રાત્રે સુભાષ ઘાઇએ પ્રેમનાથજીને આ રોલના બાટલામાં ઉતારવાનું નક્કી કર્યું. એ પહોંચી ગયા પ્રેમનાથજીના ઘરે એમની મનપસંદ મોંઘી વ્હિસ્કીની બોતલ લઇને!

પ્રેમનાથજી મૂડમાં હતા. સુભાષ ઘાઇ એમના પગ પાસે બેસીને જાતભાતની વાતો કરતા રહ્યાં. છેવટે રાત્રે છેક અઢી ત્રણ વાગ્યા... અને સુભાષજીએ જોયું કે પ્રેમનાથજી પૂરેપૂરા તરબતર થઇ ગયા છે. ત્યારે એમણે વાત છેડી કે 'સરજી, મુઝે એક ફિલ્મ મિલી હૈ... મગર વો આપ કે બિના બન હી નહીં સકતી !'

પ્રેમનાથે પૂછયું : 'ઐસા તો કયા હૈ ફિલ્મ મેં?' ત્યારે સુભાષ ઘાઇએ 'કાલીચરણ'ની આખી સ્ટોરી એ રીતે કહી સંભળાવી કે જાણે આખી ફિલ્મનું મુખ્ય પાત્ર તો પ્રેમનાથ જ છે!

પ્રેમનાથ જ પોતાની સાથે થયેલા એક અન્યાયનો બદલો લેવા માટે કયાંકથી શત્રુઘ્ન સિંહાને શોધી કાઢે છે, એને ટ્રેનિંગ અપાવે છે, મરી ગયેલા ઇન્સ્પેક્ટરની જગ્યા બેસાડે છે અને.... ટેન્ટેલેન... વિલન અજિતનું આખું સામ્રાજ્ય ધૂળધાણી કરી નાખે છે.

બાય ધ વે, સુભાષ ઘાઇ આજે પણ એટલા જ અદ્‌ભુત ઓરેટર (એટલે બોલીને શબ્દો વડે સંમોહિત કરનારી વ્યક્તિ) છે. એમણે જે નાટકીય રીતે આખી સ્ટોરી સંભળાવી એનાથી પ્રેમનાથ એવા પ્રભાવિત થઇ ગયા કે એમણે સુભાષનો ખભો થાબડીને કહ્યું :

'જા બચ્ચા, તેરી યે ફિલ્મ મૈં જરૂર કરુંગા, પૈસે કા કોઇ પ્રોબ્લેમ નહીં!'

જોવાની વાત તો એ હતી કે આખી ફિલ્મના શૂટિંગ દરમિયાન સુભાષ ઘાઇએ તો પ્રેમનાથને સતત એવા ભ્રમમાં રાખ્યા કે ફિલ્મના અસલી 'હીરો' તો તમે જ છો! છેવટે ફિલ્મ બનીને રિલીઝ થઇ ત્યારે પ્રેમનાથજીનું 'ભ્રમ નિરસન' થયું! (એટલે તમે માર્ક કરજો, એ પછી પ્રેમનાથે સુભાષ ઘાઇની એક પણ ફિલ્મમાં કામ કર્યું નથી...!)

અહીં એક આડ વાત પણ કરી લઇએ કે ફિલ્મ 'ડર'માં સની દેઉલ સાથે પણ આવી જ રમત રમાઇ ગઇ હતી! એમાં આખા શૂટિંગ દરમિયાન સની દેઉલ સમજતો રહ્યો કે પોતે જ ફિલ્મનો હીરો છે અને શાહરુખે અખતરા માટે વિલનનો રોલ લીધો છે!

સુભાષ ઘાઇનો બીજો એક કિસ્સો પણ મજેદાર છે. એમણે 'વિધાતા' અને 'કર્મા' પછી જયારે દિલીપકુમારને રાજકુમારની સામે 'સોદાગર'માં કાસ્ટ કર્યા ત્યારે ઇન્ડસ્ટ્રીમાંથી સૌએ ચેતવણી આપી હતી :

'સંભાળજો, રાજકુમાર અને દિલીપકુમારને એકબીજા સાથે જરાય બનતું નથી. એમના કંકાસમાં કયાંય ફિલ્મ રખડી ના પડે!'

અને બન્યું પણ એવું જ! જયારે જયારે બન્નેના શૂટિંગ એક જ દશ્ય માટે સાથે હોય ત્યારે બન્ને સ્ટાર્સનાં નખરાં વધી જતાં! એકબીજા આગળ પોતાનો વટ બતાડવા માટે જાણી જોઇને મોડા આવવું, સંવાદોમાં ફેરફારની માગણી કરવી, કોસ્ચ્યુમ બદલાવવા... આવું બધું ચાલતું રહ્યું.

જોકે સુભાષ ઘાઇ આ બધાં નાટક માટે તો માનસિક રીતે તૈયાર જ હતા, પરંતુ આખી ટીમનો મૂડ હળવો રહે એ માટે એમણે મસ્ત નુસખો શોધી કાઢયો. એમણે બન્ને સ્ટાર્સનાં નામ 'ચુન્નુ-મુન્નુ' પાડી દીધાં અને આ વાતની દિલીપકુમાર અને રાજકુમારને ખબર જ નહોતી!

સેટ ઉપર એમને સાંભળવા મળે, 'ચુન્નુ-મુન્નુ આ ગયે? ઉનકો ચાય-નાશ્તા દે દો.' 'ચુન્નુ-મુન્નુ રેડી હૈ? ઉન કો મેકપ મેં બિઠાઓ' 'ચુન્નુ-મુન્નુ કો કપડે પહનાઓ...', 'ચુન્નુ-મુન્નુ કો ડાયલોગ્સ દે દો...'

બન્ને સ્ટાર્સ એમ સમજતા રહ્યા કે અહીં કોઇ બાળ કલાકારો પણ છે ! છેવટે જયારે એમને ખબર પડી કે આ નામ એમનાં પોતાનાં માટે છે ત્યારે બન્ને મહાનુભાવ છોભીલા પડીને, બાળકો જેવી હરકતો છોડીને સીધા 'લાઇન' પર આવી ગયા ! ■

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

# આ વખતે બન્ને બાવાની દિવાળી બગડશે?!




૨૦૧૦માં રોહિત શેટ્ટીની 'ગોલમાલ ૩' આવી હતી તેનો એક ફટાકડાવાળો સીન હજી પણ આપણને હસાવે છે. દિવાળી નિમિત્તે જોની લિવરના ખર્ચે તુષાર કપૂર, કુણાલ ખેમુ અને અરશદ વારસી ફટાકડાની દુકાન ખોલે છે તો એમની બરાબર સામે મુકેશ તિવારીને પટાવીને શ્રેયસ તલપડે, કરીના કપૂર અને અજય દેવગણ પણ પોતાની ફટાકડાની દુકાન ખોલે છે.

કોણે આ દુકાન પહેલી ખોલી એ ચર્ચામાં વાત વટે ચડે છે અને અજય દેવગણથી એક રોકેટ સામેવાળી દુકાનમાં ચાલ્યું જાય છે અને ત્યાં ફૂટે છે ને પછી તો આમનેસામને રોકેટવાળી થાય છે એમાં બંનેએ નવા ખોલેલા ધંધા ચોપટ થઇ જાય છે! બસ..આવું જ કશુંક આ દિવાળીએ બોક્સ ઓફિસ પર થવાના એંધાણ મળી રહ્યા છે.

આ જ રોહિત શેટ્ટીની 'સિંઘમ- ૩' અનીસ બઝમીની 'ભૂલ ભુલૈયા- ૩' સામે ૧ ઓક્ટોબરે રિલીઝ થવાની છે. ગયા અઠવાડિયે જ આપણે ચર્ચા કરી હતી કે કેવી રીતે 'સ્ત્રી- ૨' સાથે રિલીઝ થયેલી બાકીની બે ફિલ્મ ફૂસ્સ થઇ ગઈ હતી તો શું આ દિવાળીએ બોક્સ ઓફિસ પર ફૂટનારા બેમાંથી એક બોમ્બ જોરદાર ફૂટશે અને બીજો ફૂસ્સ થઇ જશે કે પછી બંને એકબીજા પર રોકેટ છોડીને બંનેનો ધંધો બંધ કરાવશે?

ભૂતકાળમાં એક સાથે રિલીઝ થયેલી બંને ફિલ્મોએ ઈતિહાસ રચ્યો હતો, જેમકે 'દિલ' અને 'ઘાયલ' કે પછી 'લગાન' અને 'ગદર'. આમ બોક્સ ઓફિસ પર આવી અથડામણ નવી નથી, પરંતુ તાજેતરના ટ્રેન્ડ એવું કહે છે કે બેમાંથી જો એક ફિલ્મ જરાક નબળી લાગી તો દર્શકો તેને ધોઈ જ નાખે છે.... જે થશે એ થશે અત્યંત રસપ્રદ.

-----------------

# 'તુંબાડ'ના પુનર્જન્મ પર વધુ ટનાટન ...




કોઈ ફિલ્મ ન ચાલે તો 'આ ફિલ્મ તેના સમય કરતાં આગળ હતી એટલે ન ચાલી' એવું બહાનું એ ફિલ્મોના નિર્માતા-નિર્દેશક કે કલાકારો આપી દેતા હોય છે, પરંતુ કેટલીક ફિલ્મ તેના સમય કરતાં

ખરેખર આગળ હોય છે. આમાંથી એક છે : 'તુંબાડ'. હોરર-થ્રિલર જોનરની આ ફિલ્મ ૨૦૧૮માં રિલીઝ થઇ હતી ત્યારે બોક્સ ઓફિસ પર ખાસ ઉકાળી નહોતી શકી, પરંતુ જ્યારે એ જ ફિલ્મ ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થઇ ત્યારે ઓડિયન્સને થયું કે 'મારું બેટું, આ તો થિયેટરમાં જોવા જેવી હતી!'

હમણાં બોલીવૂડમાં રિ-રિલીઝનો વાયરો ચાલી રહ્યો છે . આ તક 'તુંબાડ'ના સોહમ શાહે ઝડપી લીધી અને આ શાહભાઈને ખરેખર 'તકના નાણા' મળવા લાગ્યાં છે. ૨૦૧૮માં આ ફિલ્મ પહેલીવાર રિલીઝ થઇ હતી ત્યારે પહેલાં બે અઠવાડિયામાં માત્ર ૯ કરોડનો ધંધો કર્યો હતો. રિ-રિલીઝ બાદ આ ફિલ્મે એ જ રકમ પહેલાં ચાર દિવસમાં જ ઘરભેગી કરી અને તાજા આંકડા અનુસાર હવે 'તુંબાડ'નો પુનર્જન્મ વિકેન્ડ સુધીમાં ૧૩ કરોડનો આંકડો પસાર કરી દેશે તેવું ટ્રેડના જાણકારો માની રહ્યા છે. કયારેક આમ જન્મ કરતાં પૂનઃજન્મ વધુ નફાકારક પુરવાર થાય છે.

-----------------

# ભાઈજાનના નામે અમેરિકામાં લાખોનું ઉઘરાણું!



બે દિવસ અગાઉ સલમાન ખાને પોતાના 'ઇન્સ્ટા' એકાઉન્ટ પર એક ચેતવણી જાહેરાત કરી છે કે અમેરિકામાં એના શોના નામે જે પૈસા (એટલે કે ડોલર્સ) ઉઘરાવવામાં આવી રહ્યા છે તે શો સાથે એનો કોઈજ સંબંધ નથી, પરંતુ સલમાનની આ ચેતવણી પહેલાં જ 'સલમાન ખાન અમેરિકામાં પરફોર્મ કરશે' એવી જાહેરાતો દ્વારા ત્યાંના 'આયોજકો' એ અહીંના નિવાસી સલમાન ફેન્સ પાસેથી લાખો ઉઘરાવી લીધા હતા!

ભાઈજાન કદાચ મોડા જાગ્યા, પણ આ કૌભાંડની જાણ એણે અમેરિકાના પોતાના ફેન્સને ચેતવી દીધા એટલો એનો પાડ હવે ભાઈજાનની લિગલ ટીમ એકશન મોડમાં આવી ગઈ છે. ■

**કટ એન્ડ ઓકે!**

*આ ૨૦ સપ્ટેમ્બરે એટલે કે આજે 'નેશનલ સિનેમા-ડે'ની ઉજવણી અવસરે ફિલ્મરસિકો દેશના ૪૦૦થી વધુ સ્ક્રિન પર માત્ર ૯૯ રૂપિયામાં ફિલ્મ જોઈ શકશે... તો એન્જોય !*

# ફેડરલના રેટ કટને પગલે સેન્સેક્સ ૨૩૬ પૉઈન્ટ અને નિફ્ટી ૩૮ પૉઈન્ટ વધીને નવી ઊંચી સપાટીએ

# વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ₹ ૨૫૪૭.૫૩ કરોડની ચોખ્ખી વેચવાલીથી સુધારો મર્યાદિત

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે ચાર વર્ષના લાંબા સમયગાળા બાદ વ્યાજદરમાં બમ્પર ૫૦ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કર્યો હોવાથી વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં તેજીનું વલણ જોવા મળ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ૨૩૬.૫૭ પૉઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૩૮.૨૫ પૉઈન્ટના ઉછાળા સાથે નવી ઊંચી સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૭,૮૫૨.૩૨ કરોડની ખરીદી સામે રૂ. ૨૦,૩૯૯.૮૫ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૨૫૪૭.૫૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી, જ્યારે તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૬,૨૩૪.૬૯ કરોડની ખરીદી સામે રૂ. ૧૪,૨૨૧.૮૩ કરોડની વેચવાલી રહેતાં રૂ. ૨૦૧૨.૮૬ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાના અહેવાલ હતા.

એકંદરે આજે સ્થાનિકમાં એક તબક્કે સેન્સેક્સે ગઈકાલના ૮૨,૯૪૮.૨૩ના બંધ સામે ૮૨૫.૩૮ પૉઈન્ટની તેજી સાથે ૮૩,૭૭૩.૬૧ પૉઈન્ટની ઈન્ટ્રા ડે હાઈ સપાટી નોંધાવી હતી, પરંતુ ત્યાર બાદ નફારૂપી વેચવાલીના આંચકા આવતા સત્ર દરમિયાન નીચામાં ૮૩,૦૭૧.૬૬ સુધી ઘટીને અંતે ગઈકાલના બંધ સામે ૨૩૬.૫૭ પૉઈન્ટ અથવા તો ૦.૨૯ ટકાના સુધારા સાથે સર્વોચ્ચ ૮૩,૧૮૪.૮૦ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે આજે નિફ્ટી ગઈકાલના ૨૫,૩૭૭.૫૫ના બંધ સામે ૨૫,૪૮૭.૦૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૩૪.૪ પૉઈન્ટની તેજી સાથે ઈન્ટ્રાડે હાઈ ૨૫,૪૧૫.૮૦ની સપાટી નોંધાવ્યા બાદ નીચામાં ૨૫,૩૭૬.૦૫ની સપાટીને સ્પર્શીને અંતે ગઈકાલના બંધ સામે ૩૮.૨૫ પૉઈન્ટ અથવા તો ૦.૧૫ ટકાના સુધારા સાથે ૨૫,૪૧૫.૮૦ની ઑલ ટાઈમ હાઈ સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીના દબાણને કારણે બજારમાં જોવા મળેલો સુધારો અમુક અંશે ધોવાઈ ગયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાત અપેક્ષિત જ હોવાથી છેલ્લા ૧૦ દિવસમાં રેટ કટના આશાવાદ હેઠળ નિફ્ટીમાં ૨.૧ ટકા જેટલો ઉછાળો આવી ગયો હોવાથી એકંદરે આજે બજારમાં મધ્યસત્ર સુધી જોવા મળેલો રેટ કટનો ઉત્સાહ ઓસરી ગયો હતો જે દર્શાવે છે કે બજારે અગાઉથી જ રેટ કટના પ્રત્યાઘાતો આપી દીધા હતા. વધુમાં હાલ ક્રૂડતેલના વૈશ્વિક ભાવ બાવન સપ્તાહની નીચી સપાટી આસપાસ અને આવશ્યક ગણાતી આયર્ન ઑર




અને સ્ટીલ જેવી ધાતુના ભાવ એક કરતા વધુ વર્ષની નીચી સપાટીએ પ્રવર્તી રહ્યા છે જે વૈશ્વિક અર્થતંત્ર મંદ પડી રહ્યું હોવાના સંકેતો આપે છે, એમ માર્કેટમોજોના ગ્રૂપ સીઈઓ અમિત ગોલિયાએ જણાવા ઉમેર્યું હતું કે હવે બજારની નજર રેટ કટ પશ્ચાત્ કૉર્પોરેટ આવકો અને આર્થિક સ્થિતિ પર કેવી પડે છે તેના પર સ્થિર થઈ છે.

ફેડરલ દ્વારા રેટ કટની જાહેરાતને ધ્યાનમાં લેતા આજે બૅન્ચમાર્ક આંકોમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યા બાદ સાધારણ સુધારા બંધ રહ્યા હતા. એકંદરે ૫૦ બેસિસ પૉઈન્ટનો બમ્પર રેટ કરવામાં આવ્યો હોવાથી બજારમાં આર્થિક વૃદ્ધિ મંદ પડવાની ચિંતા સપાટી પર આવતા વેચવાલીનું દબાણ જોવા મળ્યું હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

આજે બીએસઈ ખાતે કુલ ૪૦૭૫ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાં ૧૨૪૬ શૅરના ભાવ વધીને, ૨૭૩૪ શૅરના ભાવ ઘટીને અને ૯૫ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ ૨૪૧ શૅરના ભાવ બાવન સપ્તાહની ઊંચી અને ૫૩ શૅરના ભાવ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૯ શૅરના ભાવ વધીને અને ૧૧ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૨.૪૫ ટકાનો સુધારો એનટીપીસીમાં જોવા મળ્યો હતો, ત્યાર બાદ અનુક્રમે કોટક મહિન્દ્રા બૅન્કમાં ૧.૮૨ ટકાનો, ટિટાનમાં ૧.૫૬ ટકાનો, નેસ્લેમાં ૧.૫૧ ટકાનો, હિન્દુસ્તાન યુનીલિવરમાં ૧.૨૧ ટકાનો અને મારુતિમાં ૦.૯૯ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. આ સિવાય મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૧.૩૨ ટકાનો ઘટાડો અદાણી પોર્ટમાં જોવા મળ્યો હતો, ત્યાર બાદ અનુક્રમે લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં ૧.૨૬ ટકાનો, ટીસીએસમાં ૧.૧૪ ટકાનો, જેએસડબ્લ્યુમાં ૦.૯૧ ટકાનો, એચસીએલ ટેક્નોલૉજિસમાં ૦.૮૬ ટકાનો અને ટાટા સ્ટીલમાં ૦.૬૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૦.૬૪ ટકાનો, રિયલ્ટી ઈન્ડેક્સમાં ૦.૪૭ ટકાનો, બૅન્કેક્સમાં ૦.૪૬ ટકાનો, એફએમસી ઈન્ડેક્સમાં ૦.૪૦ ટકાનો, ઑટો ઈન્ડેક્સમાં ૦.૩૨ ટકાનો અને યુટિલિટિ ઈન્ડેક્સમાં ૦.૧૮ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે ટેલિકોમ ઈન્ડેક્સમાં ૩.૮૯ ટકાનો, ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં ૧.૮૧ ટકાનો, સીપીએસઈ ઈન્ડેક્સમાં ૧.૫૮ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૧.૫૬ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૪૬ ટકાનો અને ઈન્ફ્રા ઈન્ડેક્સમાં ૧.૪૩ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૦૬ ટકાનો અને મિડકેપઈન્ડેક્સમાં ૦.૫૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

## ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા ઉછળીને બે મહિનાની ઊંચી સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકતા આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા ઉછળીને બે મહિનાની ઊંચી ૮૩.૬૫ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે આજે સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયામાં એક તબક્કે ૨૦ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો, પરંતુ આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધારો જોવા મળ્યો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત મંગળવારના ૮૩.૭૬ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૩.૭૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૭૩ અને ઉપરમાં ૮૩.૫૬ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૧૧ પૈસા વધીને બે મહિનાના ઊંચા ૮૩.૬૫ના મથાળે બંધ રહ્યો હતો. આ પૂર્વે ગત ૨૨મી જુલાઈના રોજ ડૉલર સામે રૂપિયો આ જ સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે મહારાષ્ટ્ર સરકારે જાહેર રજા જાહેર કરવામાં આવી હોવાથી સ્થાનિક બજાર બંધ રહી હતી. અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો બમ્પર કાપ મૂક્યો હોવાથી ભવિષ્યમાં સ્થાનિકમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોના આંતરપ્રવાહમાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં ૮૩.૪૦થી ૮૩.૮૦ની રેન્જમાં અથડાતો જોવા મળે તેવી શક્યતા બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૧ ટકા ઘટીને ૧૦૦.૨૭ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૩૬.૫૭ પૉઈન્ટનો અને ૩૮.૨૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૧૫૩.૬૯ કરોડની ચોખ્ખી લેવાલી રહેતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૦૫ ટકા વધીને બેરલદીઠ ૭૪.૪૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી સુધારો મર્યાદિત હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

### ફેડરલ દ્વારા ૫૦ બેસિસ પૉઈન્ટના બમ્પર રેટ કટ સાથે વૈશ્વિક સોનું નવી ટોચેથી પાછુ ફર્યું

## સ્થાનિક સોનામાં ₹ ૨૨૮નો સુધારો, ચાંદી ₹ ૧૦૧૨ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બે દિવસીય બેઠકના અંતે વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો બમ્પર રેટ કટ કર્યો હોવાના અહેવાલ સાથે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સત્ર દરમિયાન એક તબક્કે સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૨૫૯૯.૯૨ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલીના દબાણે ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે ભાવમાં ગઈકાલના બંધ સામે હાજરમાં ૧.૧ ટકાનો અને વાયદામાં ૦.૫ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ ૩.૫ ટકા ઉછળી આવ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦૧૨નો ચમકારો આવ્યો હતો, પરંતુ આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા મજબૂત બંધ રહ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરમાં ઘટાડો થવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં સુધારો મર્યાદિત રહેતાં ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૭થી ૨૨૮નો સુધારો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમા .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને




ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૦૧૨ વધીને રૂ. ૮૮,૪૧૮ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ડૉલર સામે રૂપિયો મજબૂત થવાથી સોનાની આયાત પડતર ઘટવાને કારણે સોનામાં ભાવ વધારો મર્યાદિત રહેતાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૭ વધીને રૂ. ૭૩,૧૯૧ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૨૮ વધીને રૂ. ૭૩,૪૮૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલી છૂટીછવાઈ રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટની જાહેરાત પશ્ચાત્ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના હાજર ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૨૫૯૯.૯૨ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે ભાવમાં સુધારો આગળ ધપતા હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકા વધીને ઔંસદીઠ ૨૫૮૬.૩૭ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૨૬૧૧.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૩.૫ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૩૧.૧૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

ફેડરલ રિઝર્વ બેરોજગારીનો દર નીચો રાખવા માટે પ્રતિબદ્ધ હોવાથી વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવ્યો હોવાનું ફેડરલના અધ્યક્ષ જેરોમ પોવેલે જણાવતા ઉમેર્યું હતું કે એકંદરે આર્થિક પરિબળો પ્રોત્સાહક છે તેમ જ હાલનો બેરોજગારીનો ૪.૨ ટકાનો દર પણ ચિંતાજનક સ્તરે ન હોવાનું તેમણે ઉમેર્યું હતું. તાજેતરમાં જોવા મળેલી બેતરફી વધઘટ બાદ રેટકટના નિર્ણયને પચાવીને હાલમાં સોનાના ભાવ ગઈકાલના બંધ આસપાસ પ્રવર્તી રહ્યા હોવાનું ગ્લોબલ મેક્રોનાં હેટ ઈલ્યા સ્પાઈવેકે જણાવતાં ઉમેર્યું હતું કે નીચા વ્યાજદરમાં સંજોગોમાં સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં રોકાણલક્ષી માગ જળવાઈ રહેતી હોય છે. વધુમાં ઓએએનડીએનાં વિશ્લેષક કેલ્વિન વૉંગે જણાવ્યું હતું કે વ્યાજદરમાં ઘટાડાને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળામાં સોનાના વૈશ્વિક ભાવ વધીને ઔંસદીઠ ૨૬૪૦ ડૉલરની સપાટી સુધી પહોંચે તેવી શક્યતા છે, જ્યારે વર્ષના અંત સુધીમાં ભાવ વધીને ઔંસદીઠ ૨૭૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય.

હવે રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના બેરોજગારીનાં ડેટા પર સ્થિર થઈ છે. જોકે, હવે ફેડરલ રિઝર્વ આગામી નવેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૬૫ ટકા અને ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૩૫ ટકા શક્યતા ટ્રેડરો જોઈ રહ્યા છે.

## વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ધાતુમાં આગળ ધપતો સુધારો

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાત ઉપરાંત ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન સ્ટિમ્યુલસ પગલાંની જાહેરાત કરે તેવા આશાવાદ સાથે આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૨૦ સુધીનો સુધારો આગળ ધપ્યો હતો. આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ તેમ જ આર્થિક વૃદ્ધિ માટે ચીન સ્ટિમ્યુલસ પેકેજની જાહેરાત કરે તેવા આશાવાદ સાથે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ટનદીઠ ૯૪૨૫.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આવતીકાલે પીપલ્સ બૅન્ક ઑફ ચાઈના તેની બેઠકમાં બૅન્ચમાર્ક દર જાળવી રાખે તેવી શક્યતા છે, પરંતુ આર્થિક મંદ સ્થિતિને ધ્યાનમાં લેતા એલપીઆરના દરમાં વધુ કાપ



મૂકે તેવી શક્યતા બજાર વર્તુળો જોઈ રહ્યા છે. દરમિયાન આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, કોપર વાયરબાર અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૦ વધીને રૂ. ૨૭૫૧, રૂ. ૧૨ વધીને રૂ. ૮૫૫ અને રૂ. ૧૦ વધીને રૂ. ૧૩૯૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટો, વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૮૦૩, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૭૯૩, કોપર આર્મિચર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને અનુક્રમે રૂ. ૭૭૯ અને રૂ. ૨૪૧, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૭૨૮ અને રૂ. ૫૬૨, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૫૨૫ અને ઝિન્ક સ્લેબ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૨૭૩ અને રૂ. ૧૯૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૯૪ના મથાળે ટકેલા રહ્યા હતા.

## હાજર ખાંડમાં મિશ્ર વલણ, નાકા ડિલિવરી ધોરણે સુધારો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૮૦થી ૩૬૩૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે રિટેલ સ્તરની ખપપૂરતી માગ તેમ જ માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો ગુણવત્તાલક્ષી સુધારો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો જોવા મળ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. જેમાં આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સુધારા અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૧૬થી ૩૭૭૨માં થયા હતા

## ઑગસ્ટમાં રેડીમેડ ગાર્મેન્ટ્સની નિકાસ ૧૨ ટકા વધી

નવી દિલ્હી: વૈશ્વિક સ્તરે પરિવહન ખર્ચમાં વધારા જેવી પડકારજનક સ્થિતિ હોવા છતાં ગત ઑગસ્ટ મહિનામાં દેશમાંથી રેડી મેડ ગાર્મેન્ટ્સની નિકાસ અંદાજે ૧૨ ટકા વધીને ૧.૨૬ અબજ ડૉલરની સપાટીએ અને વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી ઑગસ્ટ સુધીની નિકાસ ૭.૧૨ ટકાના વધારા સાથે ૬.૩૯ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું વાણિજ્ય મંત્રાલયે આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

એપરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ચેરમેન સુધીર શેખરીએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સ્તરે રાતા સમુદ્રની કટોકટી અને નૂરભાડામાં વધારા જેવાં પડકારો રહ્યા હોવા છતાં રેડી મેડ ગાર્મેન્ટ્સની નિકાસમાં વૃદ્ધિ જળવાઈ રહી છે અને વર્તમાન નાણાકીય વર્ષના પહેલા પાંચ મહિનામાં નિકાસ વૃદ્ધિ જળવાઈ રહી છે. તેમાં પણ ગત ઑગસ્ટ મહિનામાં દેશની મર્કન્ડાઈઝ નિકાસ ૧૩ મહિનાની નીચી સપાટીએ પહોંચી હોવા છતાં રેડી મેડ ગાર્મેન્ટ્સની નિકાસમાં વધારો જોવા મળ્યો છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઉદ્યોગે ઉત્પાદનની ગુણવત્તા ઉપરાંત સામાજિક અને પર્યાવરણીય સુધારાને ધ્યાનમાં રાખતા ઊંચો વૃદ્ધિદર જોવા મળ્યો છે ગાર્મેન્ટની નિકાસમાં વૈશ્વિક સ્તરે ભારત મુખ્ય ખેલાડી તરીકે ઊભર્યું છે. મને આશા છે કે નિકાસમાં આ વૃદ્ધિ જળવાઈ રહેશે. હાલમાં વૈશ્વિક સ્તરે આયાતકાર દેશો ગાર્મેન્ટના સ્રોત નવેસરથી ગોઠવી રહ્યા છે ત્યારે અમે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માટે તૈયાર છીએ. જેમાં ખાસ કરીને કાપડ માટેની નિકાસ સંબંધિત લાંબાગાળાની નીતિ સ્થિરતા પ્રદાન કરશે અને નિકાસને વેગ આપવામાં મદદરૂપ થશે, એમ સેખરીએ ઉમેર્યું હતું. કાઉન્સિલે તમામ નિકાસકારો માટે પાંચ ટકાના વધારા સાથે ફેબ્રિકની આયાતમાં સુગમતા, ક્ષમતા વધારવા માટે પીએલઆઈ ૨.૦ અને ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે વ્યાજની સમાનતા યોજનાના વિસ્તરણ માટે સરકાર સમક્ષ રજૂઆત કરી હોવાનું જણાવ્યું હતું.

## આગામી દાયકામાં દેશમાં ઝિન્કનો વપરાશ ૨૦ લાખ ટન કરતાં વધશે

ઉદયપુર: આગામી દસ વર્ષમાં દેશમાં ઝિન્કનો વપરાશ જે હાલ ૧૧ લાખ ટન છે તે વધીને ૨૦ લાખ ટન કરતાં વધે તેવી શક્યતા ઈન્ટરનેશનલ ઝિન્ક એસોસિયેશને વ્યક્ત કરી છે.

અત્રે આયોજિત ઝિન્ક કૉલેજ-૨૦૨૪ કાર્યક્રમ પશ્ચાત્ ઈન્ટરનેશનલ ઝિન્ક એસોસિયેશનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર એન્ડ્રુ ગ્રીને જણાવ્યું હતું કે ભારતમાં હાલ ઝિન્કની વપરાશી માગ હાલના ઉત્પાદન કરતાં ઓછી ૧૧ લાખ ટન આસપાસની છે તે એક દાયકામાં વધીને ૨૦ લાખ ટનની સપાટી પાર કરી જવાનો અંદાજ છે.

નોંધનીય બાબત એ છે કે ઈન્ટરનેશનલ ઝિન્ક એસોસિયેશન દ્વારા તેની સભ્ય કંપની હિન્દુસ્તાન ઝિન્ક લિ.ના સહયોગમાં દર બે વર્ષે ઝિન્ક કૉલેજનું આયોજન કરવામાં આવે છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઝિન્કની વૈશ્વિક બજારનું કદ વર્ષે અંદાજે ૧.૩૫ કરોડ ટનનું છે. જોકે તેમાં નોંધનીય બાબત એ છે કે ઝિન્કનો વૈશ્વિક સરેરાશ માથાદીઠ વપરાશ ભારતનાં માથાદીઠ વપરાશ કરતાં ચારથી પાંચ ગણો વધુ છે. આથી વૈશ્વિક ધોરણોની આવશ્યકતા પૂરી કરવા માટે એવાં ઘણાં ક્ષેત્રો છે, જ્યાં ઝિન્કનો વપરાશ વધારવાની જરૂર છે.

આ સંદર્ભે તેમણે ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે હાલમાં વૈશ્વિક ઑટોમેટિવ ક્ષેત્રમાં ૯૦થી ૯૫ ટકા ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલનો વપરાશ થાય છે. તેને કારણે સ્ટીલને કાટ સામે રક્ષણ મળે છે, જ્યારે ભારતમાં ઑટોમેટિવ ક્ષેત્રે માત્ર ૨૩ ટકા જ વપરાશ થઈ રહ્યો છે. અમે અહીં ભારતમાં વિશ્વના અન્ય ભાગોમાં જોઈએ છીએ તેની સમકક્ષ ઑટોમેટિવ ક્ષેત્રમાં ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલનો ઉપયોગ થાય તે દિશામાં કાર્ય કરી રહ્યા છીએ, એમ તેમણે ઉમેર્યું હતું.

આ ઉપરાંત અમે ગેલ્વેનાઈઝ રિબાર માટેનાં ધોરણો અંગે પણ સરકાર સાથે કાર્ય કરી રહ્યા છીએ. સોલાર પાવર એપ્લિકેશન સાથે વિન્ડ એનર્જી ક્ષેત્રની માગને ધ્યાનમાં લેતાં આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં ઝિન્કની માગમાં ૪૩ ટકાની વૃદ્ધિની ધારણા મૂકી રહ્યા હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે આગામી પાંચ વર્ષમાં એનર્જી સ્ટોરેજ સોલ્યુશનમાં સાત ગણો વધારો થવાની શક્યતા છે.

ભારત ઝડપભેર વૃદ્ધિ પામી રહેલું અર્થતંત્ર છે અને મહત્ત્વનાં ક્ષેત્રોની વૃદ્ધિ સાથે ઝિન્કના વપરાશમાં પણ વધારો જોવા મળશે.

# મુંદરાના નાના કપાયામાં આવેલી એપીએમસી માર્કેટમાં વિકરાળ આગ



(તસવીરઃ ઉત્સવ વૈદ્ય)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના બંદરીય મુંદરા શહેરની ભાગોળે આવેલા નાના કપાયા ગામની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના આઠ જેટલા ગોડાઉનમાં શોર્ટ સર્કિટના લીધે દવાનળ ફાટી નીકળતાં વેપારીઓને લાખ્ખો રૂપિયાનું આર્થિક નુકસાન પહોંચ્યું હતું, અલબત્ત આ આગજનીનો બનાવ મધ્યાહનના સમયે બનતાં જાનહાની થતાં અટકી ગઈ હતી પરંતુ કોલ્ડ સ્ટોરેજમાં સંગરવામાં આવેલા કેળાનો જથ્થો બળીને ભસ્મીભૂત થઇ ગયો હતો.

અગજનીની ઘટનાને પગલે તાત્કાલિક ધોરણે જાણ કરાતાં અદાણી સેઝના અગ્નિશમન દળની ટુકડી દોડી આવી હતી અને બે કલાકની ભારે જહેમત બાદ આગને કાબૂમાં લેવાઈ હતી. એપીએમસીના ચેરમેન મહેન્દ્રસિંહ જાડેજાએ અકસ્માતે આગ લાગવાનો બનાવ કોલ્ડ સ્ટોરેજના ઉપકરણોથી સજ્જ ગોડાઉનમાં બન્યો હોવાનું જણાવી આઠમાંથી ચાર સ્ટોરેજ ફેસીલિટીમાં વધારે નુકસાન થયું હોવાનું જણાવી અઢારથી વીસ લાખનું આર્થિક નુકસાન અંજારસ્થિત એક શાક-બકાલાના હોલસેલ વેપારીને થયું હોવાનું ઉમેર્યું હતું. ■

# ભારાપરની સરકારી જમીન પર દબાણના મામલે જાણીતા બિલ્ડર સામે ફરિયાદ નોંધાવાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:તાલુકાના ભારાપર ગામના સીમાડામાં વનતંત્ર હસ્તકની અંદાજિત સાડા ત્રણ કરોડની ખેતીની ૧૦ એકર જમીન ઉપર ગેરકાયદે કબજા બદલ ભુજના જાણીતા બિલ્ડર-ડેવલોપર્સ જગદીશ આણંદજી ઠક્કર સામે વનતંત્રે લેન્ડ ગ્રેબિંગ એક્ટ તળે ફરિયાદ નોંધાવતાં કચ્છ સહિત બૃહદ કચ્છની બિલ્ડર લોબીમાં ચકચાર પ્રસરી છે.

પાછલા થોડા વર્ષોથી ભારાપર ગામના સીમાડે લકઝરી ફાર્મહાઉસ, અદ્યતન ખેતી, કેશર કેરીના બગીચા હજારો એકરમાં બનેલાં છે તેની વચ્ચે ભારાપર-સેડાતાના માર્ગ પર મોકાની જમીન વનતંત્રની હોવા છતાં ભુજના બિલ્ડર દ્વારા દબાણ કરીને જમીન પર આંબાનો બગીચો બનાવવામાં આવ્યો હોવાથી આર.એફ.ઓ. કે.બી.ભરવાડે લેન્ડ ગ્રેબિંગ કાયદાનું શસ્ત્ર ઉગામી ફરિયાદ કરતાં ભુજ પ્રાંતે તપાસનો આદેશ કર્યો હતો.

પૂર્વ વિભાગના નાયબ વન અધિક્ષક ગોવિંદસિંહ સરવૈયાના આ પ્રકરણ અંગે જણાવ્યા પ્રમાણે, ડી.આઇ.એલ.આર. પાસેથી માપણી કરાવ્યા બાદ આ જમીન વનતંત્ર હસ્તક હોવાનું બહાર આવ્યું છે. જંગલ ખાતા ઉપરાંત મહેસૂલ ખાતાની પણ અહીં જમીન છે, તેથી દબાણ થયું હોવાનું સાબિત થતાં ખેતી કરનાર ભુજના જગદીશ ઠક્કર સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ કરવામાં આવી છે. આ વિસ્તારમાં પ્રતિ એકરનો ભાવ અંદાજે રૂ. ૨૫થી ૩૦ લાખ છે,તેવામાં સાત એકરથી વધારે દબાણ હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ માલૂમ પડયું હોવાથી પ્રાંત અધિકારી દ્વારા ફરીથી નકશા બનાવવાનો આદેશ કરાયો છે. સુનાવણી બાદ તુરંત જમીનનો કબજો લેવામાં આવશે એમ તેમણે ઉમેર્યું હતું.

વર્ષોથી આ જમીનનો કબજો હોઈ, લેખિતમાં માપણી કરાવવા અરજી કરવામાં આવી છે. જરૂર પડયે જવાબ આપશું અને જો દબાણ હશે તો વનતંત્રને આ જમીન આંબાના વૃક્ષો સહિત સુપરત કરી દઇશું, તેમ ભુજના બિલ્ડર જગદીશ ઠક્કરે જણાવ્યું હતું. ■

# લેબ ટેક્નિશિયન સ્થાયી થયાં કેનેડામાં, કાયમી નોકરી અબડાસાનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં!

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:થોડા સમય અગાઉ ગુજરાતના શિક્ષણ જગતમાં ચકચાર જગાવનારા 'ભૂતિયા' શિક્ષકોના પ્રકરણ જેવું કૌભાંડ કચ્છના આરોગ્ય વિભાગમાંથી બહાર આવતાં ભારે ચકચાર પ્રસરી છે.

ભેદી બીમારીથી ઝઝૂમી રહેલા અબડાસા તાલુકાના છેવાડાના ગામ તેરા ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવનારા લેબ ટેક્નિશિયન બે-અઢી વર્ષથી કેનેડામાં સ્થાયી થયા હોવા છતાં તેમની કાયમી નોકરી આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ચાલુ હોવાથી અન્ય લેબ ટેક્નિશિયનની ભરતી કે નિમણૂક કરી શકાય એમ નથી!.

આ ચોંકાવનારી બાબત અંગે જાણવા મળી રહેલી વિગતો મુજબ, તેરાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કાયમી લેબ ટેક્નિશિયન તરીકે કૃતિકા ઠાકોરની નિયુક્તિ થયેલી છે પણ આ મહિલા કર્મચારી છેલ્લા બે વર્ષથી કેનેડામાં સ્થાયી થયા છે. તેમણે રાજીનામું પણ આપ્યું ન હોવાથી આરોગ્ય વિભાગના ચોપડે પોસ્ટ ભરેલી છે!.અહીં વિવિધ પરીક્ષણ માટે આવતા ગરીબ દર્દીઓને અન્ય જવું પડી રહ્યું છે.

દરમ્યાન, આ લાલિયાવાડી અંગે અબડાસા તાલુકા આરોગ્ય અધિકારી એમ.કે.સિન્હાએ જણાવ્યું હતું કે, તેરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની લેબ ટેકનિશિયનની જગ્યા હાલ ખાલી છે. કૃતિકાબેન એકાદ મહિનાની રજા રાખીને ગયા હતા પણ છેલ્લા દોઢ વર્ષથી કેનેડાથી પાછા અહીં આવ્યા નથી.

તેમના સત્તાવાર રહેઠાણ પર મોકલવામાં આવેલી સેંકડો નોટિસો પાછી આવી છે. આ અંગે જિલ્લા કક્ષાએ પણ જાણ કરી દેવાઇ છે. દોઢ વર્ષથી તેમનો પગાર બંધ છે અને હાલ જખૌ પીએસસીના લેબ ટેક્નિશિયનને ચાર્જ આપવામાં આવ્યો છે જે સપ્તાહમાં ત્રણ દિવસ માટે હાજર થાય છે તેમ તેઓએ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક તરફ આ વિસ્તારમાં ભેદી બીમારીએ લોકોની ચિંતા વધારી છે તેવામાં લેબ ટેક્નિશિયનની ગેરહાજરી કેટલી વ્યાજબી કહેવાય તેવું ગ્રામલોકો રોષપૂર્ણ જણાવી રહ્યા છે. ■

# મહુવામાં વીજ વિભાગની બોલેરોએ બે યુવાનોને કચડી નાખ્યા



(તસવીરઃ વિપુલ હિરાણી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગરના તળાજા નજીક સર્જાયેલા અકસ્માતમાં રાજપરા-૨(તણસા) ગામના બે યુવાનોનાં મોત નીપજયાં હતાં. મહુવા વીજતંત્રની વિજિલન્સ ટીમની ભાડે રાખેલી બોલેરો જીપના વાહન ચાલકે અકસ્માત સર્જતાં બંને યુવાનોના લોહી રોડ પર વહેવા લાગ્યા હતા. પોલીસે અકસ્માત અને બોલેરો જીપમા પડેલી ખાલી દારૂની બોટલના વાયરલ વીડિયોને લઈ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર રાજપરા-૨ ગામના મેહુલ રત્નાભાઈ (ઉં.વ. ૨૬) તથા ભરત બાલાભાઈ (ઉં.વ.૨૪)બંને એક બાઈક પર સવાર હતા. પાછળ બીજી એક બાઈક પર પરિવારના પારસભાઈ સહિત યુવાનો હતા. બપોરે નજીકમા જ આવેલા પાંચ પીપળા ગામે શ્રાદ્ધકાર્યને લઈ જતા હતા. એ સમયે વીજતંત્રની સ્કવોડ વિજિલન્સ મહુવા ડિવિઝનના ટેક્ષી પસિંગના બોલેરો જીપના ચાલકે મેહુલ અને ભરત જે બાઈક પર સવાર હતા તેને પાછળથી ટક્કર મારતા બંને યુવાનો ફંગોળાયા હતા. તેમજ લોહીલુહાણ હાલતમાં તેમને ૧૦૮ દ્વારા ભાવનગર લઈ જવામાં આવતા ફરજ પરના ડોક્ટર એ તપાસી મૃત જાહેર કર્યા હતા.

અકસ્માતના બનાવ બાદ એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં જીપમાં દારૂની એક ખાલી બોટલ જોવા મળે છે. સાથે ઘટનાસ્થળે ચર્ચા એવી હતી કે ચાલક નશામાં હતા. આ બાબતે એ.એસ.પી અંશુમન જૈને જણાવ્યું હતુ કે વાયરલ વીડિયો બાબતે સત્ય બહાર લાવવા તપાસ કરવા સૂચના આપવામાં આવી છે. જે કઈ સત્ય હશે તેની તટસ્થ તપાસ થશે. ■

# ગુજરાત સરકાર ગીર લાયન સફારી માટે બુકિંગ કરાવતા ખાનગી પોર્ટલ સામે કાર્યવાહી કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર રાષ્ટ્રીય ઉદ્યાનના સિંહ સફારી અને અન્ય પ્રવાસન આકર્ષણો માટે પરવાનગી વિના બુકિંગ લેનારા ખાનગી પોર્ટલ સામે કાર્યવાહી કરવામાં આવશે. ગુજરાતના વન પ્રધાન મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય માનવાધિકાર આયોગે બુધવારે સુઓ મોટો નોટિસ લીધી હતી અને આવા પોર્ટલ વિશે વિભાગ પાસેથી ખુલાસો માગ્યો હતો. જે અંગે વન વિભાગના મુખ્ય સચિવ સંજીવ કુમાર અને ફોરેસ્ટ ફોર્સના વડા યુ ડી સિંઘને પગલાં લેવા જણાવામાં આવ્યું છે. આવા કૃત્યો સાયબર ક્રાઈમના કાર્યક્ષેત્રમાં આવે છે. મેં અધિકારીઓને તાત્કાલિક પગલાં લેવા કહ્યું છે. તેમણે લોકોને આવા ખાનગી પોર્ટલથી દૂર રહેવા અને ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અન્ય નજીકના આકર્ષણોની મુલાકાત લેવા માટે માત્ર વન વિભાગની સત્તાવાર વેબસાઇટનો ઉપયોગ કરવા વિનંતી કરી હતી. ■

# ગુજરાત પોલીસ વિભાગમાં ચાલુ વર્ષે ૨૭૯૨ કર્મચારીઓને બઢતી અપાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ચાલુ વર્ષ ૨૦૨૪માં ૩૧૨ પી.એસ.આઇ, ૭૭ એ.એસ.આઇ, ૧૦૪૬ હેડ કોન્સ્ટેબલ અને ૧૧૨૯ પોલીસ કોન્સ્ટેબલ ઉપરાંત ૨૨૮ ક્લેરીકલ સ્ટાફ મળીને કુલ ૨૭૯૨ કર્મચારીઓને બઢતી અપાઇ છે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા પોલીસ કર્મચારીઓની બઢતી માટે તમામ જરૂરી સંલગ્ન પ્રક્રિયાઓ સમયસર કરવા આદેશો આપવામાં આવ્યા હતા જેના પરિણામસ્વરૂપે ગુજરાત પોલીસ વિભાગમાં ચાલુ વર્ષે કુલ ૨૭૯૨ પોલીસ કર્મચારી-અધિકારીઓને બઢતી મળતા તેમના પરિવારમાં ખુશીનો માહોલ સર્જાયો હતો. વર્ષ-૨૦૨૪માં સપ્ટેમ્બર માસ સુધીમાં ૩૧૨ પી.એસ.આઇને પી.આઇ, ૭૭ એ.એસ.આઇને પી.એસ.આઇ, ૧૦૪૬ હેડ કોન્સ્ટેબલને એ.એસ.આઇ અને ૧૧૨૯ પોલીસ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી છે. આ ઉપરાંત, ૨૨૮ ક્લેરીકલ સ્ટાફને પણ બઢતીનો લાભ મળ્યો છે. બઢતી પાછળનો ઉદ્દેશ તેમના વાજબી હકને સન્માન કરવો જ નહીં, પરંતુ તેમના ઉત્સાહ અને કાર્યક્ષમતામાં વધારો કરવાનો છે.

આ નિર્ણયથી રાજ્યની લો એન્ડ ઓર્ડર વ્યવસ્થામાં વધુ મજબૂતી આવશે એવું માનવામાં આવી રહ્યું છે. ■

# રાજકોટમાં ડેન્ગ્યુએ મહિલાનો જીવ લીધો: ચોમાસું રોગચાળો બેકાબૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ બાદ આરોગ્ય તંત્ર દ્વારા સફાઇ અને રોગચાળાને અટકાવવા માટે ખાસ ઝૂંબેશ હાથ ધરાયાં બાદ પણ રાજકોટ સહિતનાં મહાનગરોમાં ચોમાસું રોગચાળો બેકાબૂ બન્યો છે. રાજકોટમાં ડેન્ગ્યુના કારણે એક મહિલાનું મોત થયું હતું.

રાજકોટ સહિત રાજ્યભરમાં છેલ્લા ૨૦ દિવસથી વાદળછાયા વાતાવરણ વચ્ચે આરોગ્ય વિભાગના સબ સલામતના દાવાઓ વચ્ચે પણ રોગચાળાનું જોર વધવા લાગ્યું છે. રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ડોર ટુ ડોર આરોગ્યલક્ષી કામગીરી હાથ વચ્ચે પણ તેનું કોઇ ધાર્યું પરિણામ આવવાને બદલે રોગચાળાના કેસમાં વધારો થઇ રહ્યો છે. તાવ અને ડેન્ગ્યુ સહિતની બીમારીના કેસ વધી રહ્યા છે રાજકોટમાં કોઠારીયા ગામે આવેલા ભવાની ચોક પાસે રહેતી નયનાબેન આશિષભાઈ મોલીયા (ઉ.વ.૩૫) નામની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે રાત્રિના એકાદ વાગ્યાના અરસામાં બેભાન હાલતમાં ઢળી પડી હતી. પરિણીતાને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં તેણીની તબિયત નાજુક જણાતા વધુ સારવાર માટે બીજી હોસ્પિટલમાં લઈ જવામાં આવતી હતી. ત્યારે નયનાબેને રસ્તામાં જ દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. ■

# ખાનગી ટ્રાવેલ્સની બસમાંથી ચાલકના મોબાઈલ અને પાકીટની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં એક મહિલા સહિત બે વ્યક્તિના મોબાઈલ ફોનની ચોરી થતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મોબાઈલ ચોરની પ્રથમ ઘટનામાં ભાવનગર મહુવા રોડ પર ચાલતી મઢુલી ટ્રાવેલ્સની બસમાં ડ્રાઇવિંગ કરતા વિરેન્દ્રભાઈ જ્ઞાનચંદ જોબનપુત્રા રાત્રિના શિવ આર્કેડ બિલ્ડિંગની સામે રોડ પર તેમની બસ પાર્ક કરીને બસમાં સૂતા હતા તે દરમિયાન ડ્રાઇવરની સીટ પર મૂકેલ તેમનો સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન, કિં.રૂ. ૧૦,૦૦૦તેમજ પાકીટ કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરીને લઈ ગયો હતો.

મોબાઈલ ચોરીની અન્ય એક ઘટનામાં રાજકોટના કાલાવાડ રોડ પર રહેતા અને દવાની કંપનીમાં એમ.આર.તરીકે કામ કરતા વિજયભાઈ ૨ તેરૈયા, તેમના પત્ની સંપત્તિબેન અને દીકરો પ્રિયાંશ રાજકોટથી એસ.ટી. બસમાં ભાવનગર આવ્યા હતા અને એસ.ટી. બસ ડેપોમાં ઊભા હતા તે દરમિયાન તેમના થેલામાંથી તેમના પત્નીનો વન પ્લસ કંપનીનો મોબાઇલ ફોન કિં. રૂ.૫૦૦૦ કોઇ ઈસમ ચોરી કરીને લઈ ગયો હતો. મોબાઇલ ચોરીની આ ઘટના અંગે નીલમબાગ પોલીસે ગુના નોંધી તપાસ હાથ ધરી છે. ■

# ભાવનગરમાં કાચા કામના કેદીએ વધારે દવા ખાઈ લેતા હૉસ્પિટલ ખસેડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લા જેલમાં કાચા કામના કેદીએ વધારે પડતી દવા ખાઈ લેતા તેને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લા જેલમાં કાચા ગામના કેદી મહેશભાઈ ધીરુભાઈ ચારોલીયા (ઉં.વ. ૨૮ ) એ જેલમાં વધારે પડતી દવા ખાઈ લેતા તેને બેભાન હાલતે સારવાર બાબતે સર ટી. હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# લીંબડીના અંકેવાળિયામાં કાદવ-કીચડથી ત્રસ્ત વાલીઓએ શાળાની તાળાબંધી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના અંકેવાળિયા ગામની પ્રાથમિક શાળાના ગેટ પાસે અને શાળાએ જવાના મુખ્ય રસ્તા પર ગંદા પાણીથી છેલ્લા કેટલાય સમયથી ગટર ઉભરાતી હોવા છતાં તંત્ર દ્વારા કોઇ પગલા ભરવામાં ન આવતા ત્રાસી ગયેલા લોકોએ શાળાને તાળાબંધી કરી હતી. એક દિવસની તાળાબંધી બાદ તાલુકા પંચાયતના તંત્ર તરફથી પાઈપલાઈન નાખી ગંદા પાણીના નિકાલની ખાતરી અપાતા બુધવારથી શાળા રાબેતા મુજબ ચાલુ થઈ ગઈ હતી. સુરેન્દ્રનગર જિલ્લામાં શાળાઓમાં જાણે તાળાબંધીની સિઝન હોય તેમ વધુ એક વખત શાળામાં તાળાબંધીનો બનાવ સામે આવ્યો છે. થોડા દિવસો પહેલા ચૂડા તાલુકાના મોજીદડ ગામે પ્રાથમિક શાળાના આચાર્યની બદલીની માગ સાથે શાળાને તાળાબંધી કરાઈ હતી. ત્યારે લીંબડી તાલુકાના અંકેવાળિયા ગામે શાળાના ગેટ પાસે અને શાળાએ જવાના રસ્તા પર ગટરના દુર્ગંધ મારતા પાણીના લીધે તાળાબંધી કરાઈ છે. મળતી માહિતી મુજબ અંકેવાળિયા ગામની પ્રાથમિક શાળામાં ૩૦૦થી વધુ બાળકો અભ્યાસ કરે છે. શાળાએ જવાના રસ્તા પર છેલ્લા કેટલાક સમયથી ભૂગર્ભ ગટરની કુંડીઓમાંથી પાણી ઊભરાઈને રસ્તા પર ફરી વળે છે. આ ગટરના દુર્ગંધ મારતા પાણીમાંથી બાળકોને શાળાએ જવું પડે છે. આ અંગે ગ્રામજનોએ અગાઉ લીંબડી તાલુકા પંચાયત અને મામલતદાર કચેરીમાં લેખિત રજૂઆતો કરી હતી. પરંતુ પ્રશ્નનો હલ ન આવતા મંગળવારે ગ્રામજનોની ધીરજ ખૂટી હતી અને શાળા છૂટવાના સમય પહેલા શાળાએ જઈ બેલ વગાડયો હતો. જેમાં બાળકો અને શિક્ષકો બહાર નીકળી જતા શાળાને તાળાબંધી કરી દેવાઈ હતી. બનાવની જાણ થતા લીંબડી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ઈન્દ્રજીતસિંહ વાઘેલા સહિતનાઓ દોડી ગયા હતા અને ગ્રામજનોને સમજાવ્યા હતા. તથા તાલુકા વિકાસ અધિકારી સાથે વાત કરતા તેઓએ તાકીદે નવી પાઈપલાઈન નાખી ગટરના પાણીનો પ્રશ્ન સોલ્વ કરવાની ખાતરી આપતા બુધવારથી શાળા રાબેતા મુજબ ચાલુ થઈ ગઈ હતી. ■

# 'સનાતન ધર્મ'ના ઉદયનો સમય આવી ગયો છે...' સંઘના વડા મોહન ભાગવત આવું કેમ કહ્યું

નવી દિલ્હી: આંબેડકર ઇન્ટરનેશનલ સેન્ટરમાં ભાગવત શ્રીપાદ દામોદર સાતવલેકર દ્વારા વેદ પરની હિન્દી ભાષ્યની ત્રીજી આવૃત્તિના લોકાર્પણ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (છજ્જ) ના વડા મોહન ભાગવતે (ખજ્ઞવફક્ષ ઇવફલૂફિં) હાજરી આપી હતી. આ દરમિયાન ભાગવતે કહ્યું કે 'સનાતન ધર્મ' (જ્ઞફક્ષફકિંક્ષ ઉવફળિફ)ના ઉદયનો સમય આવી ગયો છે અને સનાતન ધર્મ પ્રત્યે વિશ્વનું વલણ પણ બદલાઈ રહ્યું છે.

મોહન ભાગવતે કહ્યું કે વેદ ભૌતિક અને આધ્યાત્મિક જ્ઞાનનો ખજાનો છે અને સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિનું રહસ્ય તેમાં છે. તેમણે કહ્યું કે ઋષિઓએ 'વિશ્વ કલ્યાણ' માટે વેદોની રચના કરી હતી. ભાગવતે કહ્યું, 'આ માટે હું કહું છું કે વેદ અને ભારત બંને એક જ છે. આપણી પાસે વેદોની સંપત્તિ છે, આપણે તેનો અભ્યાસ કરવો જોઈએ, તેને આપણા જીવનમાં અમલમાં મૂકવો જોઈએ અને તેને આપણાથી બને તેટલા લોકો સુધી પહોંચાડવો જોઈએ, જેથી તેઓ પણ વેદનાં જ્ઞાનનો લાભ લઈ શકે.'

ભાગવત શ્રીપાદ દામોદર સાતવલેકર કૃત વેદ પરની હિન્દી ભાષ્યની ત્રીજી આવૃત્તિના લોકાર્પણ પ્રસંગે આયોજિત કાર્યક્રમને સંબોધિત કરતા તેમણે કહ્યું, 'સનાતન ધર્મના ઉદયનો સમય આવી ગયો છે. આપણે આના સાક્ષી બની રહ્યા છીએ. યોગી અરવિંદે આ જાહેરાત કરી હતી.

આપણે એ પણ જાણીએ છીએ કે સમગ્ર વિશ્વનો દૃષ્ટિકોણ આ દિશામાં બદલાઈ રહ્યો છે.'

તેમણે કહ્યું કે ધર્મનું જ્ઞાન વેદમાંથી મળે છે, કારણ કે વેદ વિશ્વની તમામ માનવતાની એકતાનો માર્ગ બતાવે છે અને પુણ્ય અને પાપ વચ્ચેના તમામ વિભાગો અને લડાઈઓ ક્ષણિક છે. ભાગવતે કહ્યું, 'ધર્મ દરેકને અપનાવે છે, દરેકને એક કરે છે અને તેમને સફળતા તરફ લઈ જાય છે. આથી જ ધર્મ જીવનનો આધાર છે.' ■

# નાયડુએ રાજકીય લાભ માટે તિરુપતિ લાડુની સામગ્રી પર આરોપ મૂક્યોઃ કરુણાકર રેડ્ડી

અમરાવતી: આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન ચંદ્રબાબુ નાયડુએ માત્ર રાજકીય લાભ મેળવવા માટે પ્રસિદ્ધ તિરુપતિ મંદિરના લાડુ બનાવવામાં હલકી સામગ્રી અને પશુ ચરબીનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. આ વાતવાયએસઆરસીપીના વરિષ્ઠ નેતા બીફ કરુણાકર રેડ્ડીએ ગુરુવારે કહી હતી. તિરુપતિમાં વિશ્વ પ્રસિદ્ધ શ્રી વેંકટેશ્વર મંદિરના સત્તાવાર રખેવાળ એવા તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ(ટીટીડી)ના બે વખત અધ્યક્ષ રહી ચૂકેલા કરુણાકર રેડ્ડીએ આરોપ લગાવ્યો કે નાયડુએ વિરોધ પક્ષ અને રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વાય. એસ. જગન મોહન રેડ્ડીને નિશાન બનાવવાના ઉદ્દેશ્યથી આવું કહ્યું છે.નાયડુએ અહીં બુધવારે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ ધારાસભ્ય દળની બેઠકને સંબોધતા દાવો કર્યો હતો કે અગાઉની વાઇએસઆરસીપી સરકારે શ્રી વેંકટેશ્વર મંદિરને પણ બક્ષ્યું ન હતું અને તેમણે તિરુમાલા લાડુની બનાવટમાં પણ હલકી ગુણવત્તાની સામગ્રી અને પશુ ચરબીનો ઉપયોગ કર્યો હતો. રેડ્ડીએ પત્રકારોને જણાવ્યું કે વાયએસઆરસીપી, વાય. એસ. જગન મોહન રેડ્ડી અને અગાઉની સરકાર પર પ્રહાર કરવા માટે તેમણેએ ઘૃણાસ્પદ આરોપ મૂક્યો કે સ્વામીના લાડુ બનાવવામાં પ્રાણીઓની ચરબીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ નિંદનીય છે. આ આરોપોને તેમણે અયોગ્ય, ભયાનક અને અપવિત્ર ગણાવ્યા હતા. ■

# સહારામાંનાં રોકાણકારોને વધુ રકમ પાછી મળશે

નવી દિલ્હી: સહારા ગ્રૂપમાં રોકાણ કરનારા રોકાણકારો માટે રાહતના સમાચાર છે. હવે સરકાર તેમને ૧૦,૦૦૦ રૂપિયાને બદલે ૫૦,૦૦૦ રૂપિયા પરત કરશે. સરકારે નાણાંની મર્યાદા વધારીને ૫૦,૦૦૦ રૂપિયા કરી છે. આવી સ્થિતિમાં, જેમણે સહારાની યોજનાઓમાં વધુ પૈસા રોક્યા હતા તેમને ચોક્કસપણે થોડી રાહત મળશે. સરકારે સહારા ગ્રૂપ કો-ઓપરેટિવ સોસાયટીઝના નાના થાપણદારોને પરત કરવાની રકમની મર્યાદા ૧૦,૦૦૦ રૂપિયાથી વધારીને ૫૦,૦૦૦ રૂપિયા કરી છે. સહકારી મંત્રાલયના એક અધિકારીએ આ માહિતી આપી હતી. સરકારે અત્યાર સુધીમાં સેન્ટ્રલ રજિસ્ટ્રાર ઑફ કોઓપરેટિવ સોસાયટીઝ સહારા રિફંડ પોર્ટલ દ્વારા સહારા જૂથના સહકારી મંડળીના ૪.૨૯ લાખથી વધુ થાપણદારોને રૂ. ૩૭૦ કરોડ જારી કર્યા છે. અધિકારીએ કહ્યું કે રિફંડની રકમની મર્યાદા વધારીને ૫૦,૦૦૦ રૂપિયા કરવા સાથે, આગામી ૧૦ દિવસમાં લગભગ ૧,૦૦૦ કરોડ રૂપિયાની ચુકવણી કરવામાં આવશે. તેમણે કહ્યું કે ગયા અઠવાડિયે નાના રોકાણકારો માટે 'રિફંડ' રકમની મર્યાદા ૧૦,૦૦૦ રૂપિયાથી વધારીને ૫૦,૦૦૦ રૂપિયા કરવામાં આવી હતી.

સહારા સમયની ઘણી સમિતિઓ હતી. જેમણે જનતા સાથે છેતરપિંડી કરી હતી. આ મંડળીઓમાં સહારા ક્રેડિટ કોઓપરેટિવ સોસાયટી લિ., લખનઊ, સહારા યુનિવર્સલ મલ્ટીપર્પઝ સોસાયટી લિ., ભોપાલ, હમારા ઈન્ડિયા ક્રેડિટ કોઓપરેટિવ સોસાયટી લિ., કોલકાતા અને સ્ટાર્સ મલ્ટીપર્પઝ કોઓપરેટિવ સોસાયટી લિ., હૈદરાબાદનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટના ૨૯ માર્ચ, ૨૦૨૩ના આદેશ અનુસાર, ૧૯ મે, ૨૦૨૩ના રોજ સેબી-સહારા રિફંડ એકાઉન્ટમાંથી સેન્ટ્રલ રજિસ્ટ્રાર ઑફ કોઓપરેટિવ સોસાયટીઝ (ઈછઈજ) ને રુ. ૫,૦૦૦ કરોડની રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી. હાલમાં સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ આર સુભાષ રેડ્ડી સમગ્ર મામલામાં નજર રાખી રહ્યા છે. એટલે કે આખો મામલો તેમની દેખરેખ હેઠળ ચાલી રહ્યો છે. સહકારી મંત્રાલયના જણાવ્યા અનુસાર, આગામી દસ દિવસમાં રોકાણકારોને અંદાજે ૧૦૦૦ કરોડ રૂપિયા ચૂકવવામાં આવશે. તેમ જ અગાઉ કરતા પાંચ ગણો વધારો કરવામાં આવ્યો છે. અગાઉ રૂ.૧૦,૦૦૦ આપવાનો આદેશ આપવામાં આવ્યો હતો, પરંતુ હવે રોકાણકારોને ૫૦,૦૦૦ રૂપિયા પરત કરવામાં આવશે. સરકાર હાલમાં રોકાણકારોના જમા કરાયેલા પૈસાના પેપરની ઝીણવટપૂર્વક તપાસ કરી રહી છે, જેથી દરેક રોકાણકારને ન્યાય મળી શકે. ઉપરાંત, કોઈને વધુ પૈસા ન મળવા જોઈએ. ■